




આ આંખો ?
જુઓ આ અંકમાંનો ચરિત્રલેખ

૪૩૭ મે · ૧૯૬૦

કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક · સંસ્થાપક રવિશંકર રાવળ · તંત્રી બચુભાઈ રાવત





અમદાવાદ પાસે સાણંદ ગામમાં હરિજન કુટુંબમાં જન્મેલા ભાઈ ગૌતમ વાઘેલા હાલ મુંબાઇની સર જે. જે. કલાશાળામાં આજે તો પેઇન્ટિંગના ડિપ્લોમા ક્લાસમાં છે, પણ એ કક્ષાએ પહોંચતાં એમને જે અંતરાયો ને મુશ્કેલીઓ સામે ઝૂઝવું પડયુ એની કથની કલાના કોઈ પણ વિદ્યાર્થીના કથની જેટલી જ કપરી છે. ભવિષ્યમાં એમની કૃતિઓ સાથે એ વાત તો એમના શબ્દોમાં કહીશું. આ ઉપર આપ્યા છે તે સ્કેચ તો આ અંકમાં આપેલા પ્રો. પુષ્કર ચંદરવાકરના લેખ 'લોકસંસ્કૃતિનાં સગ્રહસ્થાનો'ના અનુસંધાનમાં પ્રકટ કરીએ છીએ. ગયા મે માસમાં એમણે કલાકાર સહાધ્યાયી ભાઇ વિનોદ પીઠડિયા સાથે કરેલા રાજસ્થાનના પ્રવાસ વેળા ત્યાંનાં ગ્રામજનોનાં પહેરવેશ, આભૂષણો, ઉપસ્કરો, વસવાટો અને જીવનના જે સંખ્યાબંધ સ્કેચ કર્યા તેમાંથી આભૂષણોના બે સમૂહ આ ઉપર આપ્યા છે. આપણી લોકકલાની આ પ્રકારની દસ્તાવેજી સામગ્રી એકઠી કરીને આપણા વિદ્યાર્થી કલાકારો લોકવિદ્યાના સંગ્રહસ્થાનોમાં ઉપયોગી મદદ કરી શકે.

કુમાર મે ૧૯૬૦ - અંક - ૪૩૭

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ: ૧ રૂપિયો

વાચકો લખે છે....

માર્ચ અંકમાં શ્રી લક્ષ્મીશંકર અ. જોષીએ 'જી' શબ્દના મૂળ વિષે પંડિત નેહરુની આત્મકથામાં નોંધેલો સદ્ગત રણજિત પંડિતનો જે મત ટાંક્યો છે, તે મને વિદિત હતો. 'જી'નું મૂળ આર્ય હોવાની પંડિતની માત્ર અટકળ જ હતી. શબ્દના મૂળનો વિચાર કરતાં તેના મામા-માસીના હોય તેવા ભગિનીભાષાના શબ્દો તથા તેમનાં પૂર્વરૂપોને પણ ગણતરીમાં લેવાં જોઇએ. આ સૌ રૂપાંતરોનો તે તે સમય ને ભાષામાં પ્રવર્તતાં વલણોની સાથે સુસંગત હોય તેવો ખુલાસો આપે તે જ વ્યુત્પત્તિ સ્વીકાર્ય બને. आर्यનું પ્રાકૃતમાં अज्ज થાય, પણ પછી अज्जમાંથી जी એવા રૂપનો—છેવટના અકારનો ઈકારથયાનો—ખુલાસો આપી શકાય તેમ નથી. ને ज्यु, जू, जिक એવાં રૂપાંતરો મળે છે, તેને પણ अज्ज સાથે સાંકળી નહિ શકાય. अज्जનું નિયમ પ્રમાણે आज કે कदीक अज થાય. એટલે આ પ્રમાણે જોઈ જતાં પંડિતની અટકળ નિરાધાર ઠરે છે.

'જી' વગેરેનું મૂળ जीव હોવાનું કહ્યું છે તે પ્રસિદ્ધ ભાષાશાસ્ત્રી ટર્નરને અનુસરીને. તેમણે સંબદ્ધ સર્વ સામગ્રી અને નિયમોને લક્ષમાં લઇને આપેલી એ વ્યુત્પત્તિ જ પ્રમાણભૂત છે.

(મુંબાઇ) —હરિવલ્લભ ભાયાણી

માર્ચ-અંકમાં શ્રી માલવીના નુસખાઓ પૈકી આંખો સંબંધી ઉમેરવાનું કે આયુર્વેદમાં કહેલો એક સહેલો ઉપાય આ પણ છે:

भुङ्क्त्वा पाणितलं घृष्ट्वा चक्षुषोर्यदि दीयते।
जातरोगा विनश्यन्ति तिमिराणि तथैव च॥

(ભોજન લીધા પછી ડાબા હાથની હથેળીમાં જમણા હાથની આંગળી ઘસી ગરમ કરી આંખે લગાડવામાં આવે તો, થએલા અનેક રોગો, ઝાંખ વળવી વગેરે નાશ પામે છે.) 'યોગીગુરુ'ના કર્તાના અભિપ્રાયે, નહાતાં પહેલાં બે અંગૂઠાના નખ ઉપર તેલ સીંચી ભરવું. આમ છતાં આ અને બીજા પ્રસિદ્ધ થતા ઉપાયો એટલા બધા છે કે, તે ખૂબ હિતાવહ હોવા છતાં કયા કરવા—કયા નહિ, તેની મૂંઝવણ આ દોડધામના યુગમાં થઈ આવે એવું છે. તેથી એવા નુસખાઓ પૈકી મુખ્ય પસંદ કરી તે દૈનિક જીવનચર્યામાં એવા ગોઠવી દેવા જોઇએ કે તે રોજિંદો રૂઢ કાર્યક્રમ બની જાય. સૌથી વધારે સુકર અને ગુણકારીને પહેલી પસંદગી આપવી જોઇએ. પ્રાસંગિક અનારોગ્યમાં વિલાયતી દવાઓને બદલે સલામત સહેલા નુસખાઓ જ હિતાવહ છે. યુવાનો અને કિશોરો (અલબત્ત, ટેવ હોય તો પ્રૌઢો પણ) જો દરરોજ અર્ધમત્સ્યેન્દ્રાસન કરે તો તેનાથી મજબૂત અને સ્થિતિસ્થાપક બનેલો મેરુદંડ શરીરના દરેક તંત્ર (રુધિરાભિસરણ, અસ્થિ, મજ્જા ઇ.) ઉપર અસર પાડી, સ્વાસ્થ્ય ઉત્તમ રાખી, વૃદ્ધત્વ રોકશે (સ્વાનુભવ છે), સ્ફૂર્તિના ઓઘ છૂટશે; બે બાજુ મસ્તક ઘુમાવ્યાથી, આંખનો મગજમાં રહેલો ઑપ્ટિક નર્વ પ્રવાહીના દબાણથી બને તેટલો મુક્ત રહી, મજબૂત બની, ગ્લૉકોમા-ઝામરાથી થતા અંધત્વ ઇ.નો સંભવ ટાળશે; સાથે સર્વાંગાસન અને મત્સ્યાસન રાખવાથી થાઇરૉઈડ—પિચ્યુટરી, ઍડ્રિનલ ઇ. ગ્રંથિઓની કાર્યશક્તિ પ્રબળ થઈ શરીરનું કેમિકલ બૅલૅન્સ—રાસાયણિક સમતુલા જળવાશે અને પરિણામે દરેક અંગ સબળ, સતેજ થશે. પણ, આ ત્રણ આસનો તેમજ બીજા નુસખાઓ જીવનનો દૈનિક રૂઢ કાર્યક્રમ, અંગત આરોગ્યસાધન (પર્સનલ હાઇજીન)નો ભાગ બની જવો જોઇએ; તો જ ફાયદો થાય. શ્રી માલવીના હસમુખી હળવી શૈલીના લેખોમાં, વ્યવહારુ, પરંપરાગત, ઓછા ખર્ચાળ છતાં ખૂબ અસરકારક નુસખાઓ આપેલા છે. તે ચીવટપૂર્વક અજમાવ્યાથી આધુનિક દાકતરીના ખર્ચાળ તંત્ર (જે દૈનિક સામાન્ય અનારોગ્યમાં તદ્દન બિનજરૂરી અને બીજી રીતે-અનિષ્ટ પ્રતિક્રિયાવાળું અને પાછું, આપણને ચીદ્રધને બદલે તેમાં જ ખરચ કરવાની ફરજ પાડનાર હોવાથી તે)—માંથી મુક્ત થવાશે. અલબત્ત, સકારણ ગંભીર પ્રસંગે વિજ્ઞાનનો લાભ ઉઠાવવો જ જોઇએ. તેમાં હઠ પણ ન ચાલે. (જુઓ મારા 'કુમાર'—૧૯૫૭ના જુલાઈ-સપ્ટેમ્બર અંકમાંના લેખો.) પણ એકંદરે શ્રી માલવીના જેવા નુસખા અજમાવ્યાથી બચત ને આરોગ્ય એમ બેવડો લાભ થાય છે એ નિઃશંક છે.

(પાટણ) —દેવેન્દ્ર મજમુંદાર

માર્ચ અંકમાં 'આંખે છાલક, માથે ધાર' વાંચ્યું. હું ઘણા સમયથી મસ્તકની ગરમી ને તેને લીધે આંખોમાંની બળતરાથી પીડાતો હતો. ઉપર્યુક્ત લેખ વાંચ્યો તેના બીજા દિવસથી જ માથે ઠંડા પાણીની ધાર કરવાનું શરૂ કર્યું. વીસેક દિવસમાં પણ સારો એવો ફાયદો અનુભવું છું. તે માટે મુ. માલવી તથા 'કુમાર'નો જેટલો આભાર માનું તેટલો ઓછો છે.

(વીરમગામ) —નરેન્દ્ર ત્રિવેદી

એપ્રિલ '૬૦ 'ભવોભવનું ભાથું' વાર્તામાં કેસરની શારીરિક વ્યથાના બે ફકરા વિના ચાલી ન શકત?

(પાનસર) —કા. છો. શાહ

[* આ પ્રકારના પ્રશ્નોના જવાબમાં, કાકાસાહેબ કાલેલકરનું ૪૩૫મા અંકમાં આપેલું અવતરણ અહીં ટાંકીએ છીએ: 'સમાજમાં અમુક ઠેકાણે ઉકરડો હોય અને રસશાસ્ત્રી તેનું યથાતથ વર્ણન કરે, બહુ જ તાદૃશ વર્ણન કરે, તેમાં કશું જ ખોટું નથી. પણ વાંચનારને એ વર્ણન વાંચ્યા પછી એમ થવું જોઈએ કે આવો ઉકરડો ન હોય તો સારું. એથી ઊલટું વાચકને જો એ વર્ણન વાંચીને ત્યાં આળોટવાનું મન થાય તો એ ખોટું.']

ફેબ્રુઆરી અંકમાં છેલ્લે પાને અપાએલી ગણિત-કસોટીમાં પહેલી નજરે જોતાં એમ લાગે છે કે આંકડાની ફેરબદલી કરવાની છે; પણ બંને બાજુના કોઈ આંકડા પરસ્પર બદલવાથી બંને બાજુ ૧૮–૧૮ સરવાળો આવશે નહિ. પરંતુ ડાબી બાજુમાંથી ૧ સદંતર કાઢી લઇને તેને જમણી બાજુના ૩ની જગ્યાએ મૂકવામાં આવે તો જ ૧૮–૧૮ સરવાળો આવે

(મુંબાઇ) —ડી. સી. સોલંકી

[*'પરસ્પર' શબ્દથી જ સમજફેર થએલી.]

માર્ચ અંકની સાહિત્યિકસમસ્યાના ઉકેલમાં 'માનવી ખંડિયેરો' કૃતિનું નામ સ્વ. કિશોરલાલ મશરૂવાળા સાથે જોડવામાં આવ્યું છે, પરંતુ ખરું જોતાં એ અનુવાદ, સ્વ. મશરૂવાળા તથા કાકાસાહેબ કાલેલકરે સંયુક્તપણે કરેલો છે.

(વિલે પારલે) —વસંતકુમાર મણિલાલ પટેલ

નીચેનું કાવ્ય લગભગ બાવીસ વર્ષ પહેલાં શાળામાં સાંભળેલું, તેના ઉપર રાસ ખેલેલા. વચમાં એકાદ કડી ભૂલી ગયો છું. જો તે યાદ કરાવશો તો આભારી થઇશ. તેના કવિ કોણ છે તે જાણવા ખૂબ ઇંતેજાર છું:

ડુંગરા દૂરથી જ લાગે રળિયામણા,
પાસે જઇએ તો બિહામણા.
ઉપરનાં ઊજળાં ને મનડાંનાં મેલાં
એવાં માનવીઓ કૈં છે મોહામણાં;
પડતાં પ્રસંગ જ્યારે પોત પ્રકાશે,
અંતરથી લાગે અળખામણાં—ડુંગરા૦
મેઘના ધનુષ સમા મિથ્યા છે રંગ જેના
મયૂરપિચ્છ સમ એ સોહામણાં,
મૃગજળથી જેમ વારિબુન્દને નાખીએ
ભડકા જેમ ભૂતના ભડકામણાં—ડુંગરા૦

(વડનગર) —રસિકલાલ દવે





મૃણાલિની સારાભાઈ

'રેખાઓનું સૌંદર્ય, નાજુક ભાવ-અભિવ્યક્તિ અને લયનું સૂક્ષ્મ જ્ઞાન મૃણાલિનીને અસાધારણ લાલિત્ય અને કલા-સિદ્ધ નૃત્યાંગના તરીકે નિ:શંક પુરવાર કરે છે.'
(લંડન 'ટાઇમ્સ')

જુઓ આ અંકમાંનો ચરિત્રલેખ




અજંટાની સત્તરમા નંબરની ગુફામાં 'સિંહલ જાતક'ની કથા-ચિત્રણામાંનું એક વિખ્યાત

યુગલ

અનુકૃતિ · યજ્ઞેશ્વર શુક્લ

(કથાપરિચય આ અંકમાં અન્યત્ર આપ્યો છે.)

કુમાર · આવતી કાલનાં નાગરિકોનું માસિક · વર્ષ ૩૭ · અંક ૫ · મે · ઈ. ૧૯૬૦ · સળંગ અંક ૪૩૭



ઢળતી રાતે

૧ સંધ્યા

રવિકિરણની છેલ્લી રાતી લકીર ભળી જતી
ક્ષિતિજ પરનાં આછાં ભૂરાં અચંચલ અભ્રમાં;
ગગન ઊજળી ઉર્વી: છાયા ન કો'ની નડે ક્યહીં,
તરલ જીવની તૃષ્ણા જાણે શમી રહી શાન્તિમાં.

વિહગ દ્રુમને નીડે ઝૂક્યું દિનાન્ત વિરામનો
ચરમ ટહુકો રેલે: એવી બજે વળી ઝાલર.
જનપદની શેરીના મારા નિકેતનનો ઝીણો
હૃદયરતિનો આંહીં સીમે સુણું મધુરો સ્વર.

નિબિડ હરિયાળીના ઊંચા હસન્મુખ મોલથી
નજર અવ હું માંડું મારે જવાની દિશા ભણી:
સુરયુવતીને લ્હેકે આરોહતી ધૂણી ગોષ્ઠની
નભ મહીં, વિના ઝંકારે જ્યાં ધરે પદ શર્વરી.

ઘર તરફ જાતાં ધોરીને ઉમંગ ઉતાવળ:
હળવું મન જ્યાં કાંધે એની ધુરા નહિ, ના હળ.

૨ પ્રથમ પ્રહરે

હળુ હળુ વિના ઝંકારે જ્યાં ધરે પદ શર્વરી
ઉડુગણ તણાં આભે સોહી રહે કંઇ ઝુમ્મર!
પરિમલથી રેળાતી એના સુકોમલ પામરી
અરવ ફરકે, અંધારામાં અનાવિલ સુંદર.

જનપદ તણી વાળુ-વેળા વીતી ગઇ ને હવે
લહર લહરે તંદ્રાળુ કૈં અડે સહુને હવા:
સુખદુખની વાતે તો કોઇ પુરાણકથામૃતે,
ભજન તણી ધૂને વા કોઈ વળ્યાં રતિ-ઐક્યમાં.

ઇહ સકલ કર્મોની લીલાનો યે શયને ઇતિ:
શિથિલ તનને પંપાળે જ્યાં અતીન્દ્રિયનો કર
શ્રમહર; નવોન્મેષે રે ત્યાં થતી મનની ચ્યુતિ
સ્વપ્નમય કોઇ લોકે વા સુષુપ્તમહીં વર.

અહીં જ રયિ-પ્રાણે સૌહાર્દે લીધું પરિરંભણ,
શબદ મહીં ના આવે એવી અવ સ્થિતિ નંદન.

રાજેન્દ્ર શાહ

રયિ=સ્થૂલભૂત સમુદાય, matter, શક્તિ, પ્રકૃતિ ('એતત્સર્વં યન્મૂર્તં ચામૂર્તં ચ...રયિ:'–પ્રશ્નોપનિષદ;
મૂર્ત=પૃથ્વી, જલ, તેજ; અમૂર્ત=વાયુ, આકાશ.) પ્રાણ=જીવનશક્તિ, ચેતના, પુરુષ. રયિ-પ્રાણ=પ્રકૃતિ અને પુરુષ.

હાર

· પરંપરિત હરિગીત ·

એક, બે, ને ત્રણ
કહી ત્રણ લોકને આંબી જતી
વામન તણી શક્તિ નથી;
તો એક ક્ષણમાં
પૃથ્વી રૂપે માતની
કરીને પરિક્રમ્મા
લઇ લે પુણ્ય એવી
ગૌરીસુત જેવી
કશી શ્રદ્ધા નથી;
કે જિન્દગીમાં ઉચ્ચતા
પામી શકું.

આંહિ તો અભિમન્યુ જેવી
માત્ર છે રણઘેલછા ખપવા તણી
—ને શક્ય છે કે
સાતમે કોઠે પડું!

હેમન્ત દેસાઈ

પરબનાં પાણી

· ગાન ·

મેં તો માંડી પરબ વડછાંયે,
કે. પાણીડાં કોણ પીશે?
ગોળી નાની ને નીર ના સમાયે,
કે પાણીડાં કોણ પીશે?

જગ પીએ તો યે ન ખૂટે પાણી૦
એમાં એવી છૂપેલ સરવાણી૦

આવે દુનિયાને દમતા ઉનાળા૦
મારી ગોળીમાં શમતા શિયાળા૦

હું તો સૌને પાતી ને હરખાતી૦
એક મારી તરસ ના છિપાતી૦

હું તો ગોતું ગોવાળ કો'ક એવો૦
ઘૂંટ માંડી પી જાય ગોળી તેવો૦

વિનોદ અધ્વર્યુ



ચબરખી

અરી ઝટપટ કોરા કેશ મહીં સઇ ચંદણ-કાંગસી ફેરવો,
કંઇ કેટલે કાળ ફરીથી મનમાન્યાને હેરવો!

દૂર દેશથી ઊડી ઊડી આવી એક ચબરખી,
આછી એની રંગ-સુગંધી જોતાંને હું હરખી;
માંહી લખ્યું કે આવી પહોંચું પાંગરતાં પાનેરવો!
અરી ઝટપટ કોરા કેશ મહીં સઇ ચંદણ-કાંગસી ફેરવો!

વળગું જૈ કોટે કે પોંખું મીઠું મલકતા ચ્હેરે?
ના! ના! સઇ મારે તો એને ફાગણની રંગલ્હેરે
ફરફરતી આ ચુંદલડીની ઝીણી ઝપટમાં ઘેરવો!
અરી ઝટપટ કોરા કેશ મહીં સઇ ચંદણ-કાંગસી ફેરવો!

નવસેરા લૈ મીંડલા માથે બોર ઢળકતું રાખો,
બાજુબંધ,અણવટ,વીંછિયા, ચણિયે ઘૂઘરી ટાંકો,
અરધી રૂહે ના કેડય કનકના કંદોરાને ભેરવો!
અરી ઝટપટ કોરા કેશ મહીં સઇ ચંદણ-કાંગસી ફેરવો!

કેમ વિતાવ્યા માસ આટલા મનડું એ જ વિમાસે
હવે ઘડી બે ઘડી ય મુજને જુગ શી લાંબી ભાસે;
હીંચ નહિ સહી લેત અધીરા ઉર-ધબકારા કેરવો!
અરી ઝટપટ કોરા કેશ મહીં સઈ ચંદણ-કાંગસી ફેરવો!

પ્રદ્યુમ્ન તન્ના

મૃણાલિની સારાભાઈ

ગુજરાતના સંસ્કારધનમાં દક્ષિણ ભારતના કલાસંસ્કારોની અભિવૃદ્ધિ કરનાર કેરળકન્યા – જેણે પોતાના અસાધારણ લાલિત્ય વડે આપણાં શાસ્ત્રીય નૃત્યોના અતુલ સૌંદર્યની પ્રતીતિ ભારત સોંસરી વિદેશો સુધી પહોંચાડી

લેખક
સુનીલ કોઠારી

મદનવલ્લી ઉદાસ ચહેરે રાજમહેલમાં સખીઓ સાથે બેઠી છે. કોઇ વીંઝણો ઢાળીને તો કોઈ આશ્વાસનના બે શબ્દો કહી એના મનનું સમાધાન કરવા પ્રયાસ કરી રહી છે. નગરના રાજમાર્ગે દબદબાભરી સવારીમાં રૂપસુંદર રાજવીને જોઈ મદનવલ્લી ઘેલી બની બેઠી. પ્રેમમાં ગળાડૂબ મદનવલ્લીને રહીરહીને અંદેશો આવે છે કે પોતાની મનઃકામના પૂર્ણ થશે કે નહિ? નિઃશ્વાસ નાખીને સખીને કહે છે: 'રે સખી! આ પ્રણયદેવતા મન્મથે મારા ચિત્તની શાંતિ હરી લીધી છે અને હું વિરહાનલમાં પ્રજળું છું. જ્યારથી સવારીમાં મેં રાજવીને જોયા છે ત્યારથી હું એમની દાસી થઇ ચૂકી છું. સખી! જા, મારી આ કરુણ દશાનું એમની સન્મુખ નિવેદન કર!' સખીઓ એની શંકાનું નિવારણ કરવા મથે છે, પણ એની ઉદાસી ઘટતી નથી.

ત્યાં તો એક સખી દોડતીદોડતી આવીને જણાવે છે: 'અલી! આ 'કુરથી' (વણઝારણ) આવી. જો તો છોગાળીનો વેશ! કેવી લટકમટક કરતી આવે છે! એને હાથ બતાવીએ તો જોઇને બધું ય કે' એવી જાણકાર છે. બોલાવી લાવું રાજકુમારીનો હાથ જોવડાવવા?' ને સૌ સખીઓ ઊઠે છે. મદનવલ્લીને ય જિજ્ઞાસા થાય છે અને વણઝારણ કેડેથી ટોપલી આઘી મેલી પ્રણામ કરી લહેકા સાથે ફરસ પર બેસે




છે. એક હાથ ચિબુક હેઠળ ગોઠવી ઉદાસ રાજકુમારીનો હાથ પકડી ગંભીરભાવે હથેળીમાંની રેખાઓ ઉકેલવા લાગે છે. મદનવલ્લીનું હૃદય આશંકા, કુતૂહલ અને ભયનું માર્યું ધબકી રહે છે. ને પેલી નટખટ ઘડીમાં આંખ વિસ્તારી તો ઘડીમાં જાણે અવકાશમાં જોઈ કશાનો તાગ પામવા મથતી હોય એમ, તો વળી રાજકુમારી સામું જોઈ દુષ્ટ હાસ્ય ફરકાવતી, રાજકુમારીની જિજ્ઞાસા વધારી રહે છે. સખીઓ ય અરસપરસ આ ભાવિ કથન વિષે અટકળો કરે છે. સૌને હોંશ છે કે મદનવલ્લી અને રાજવીનું મિલન થાય. આખરે કુરથી બોલી: 'બા! તમારી મનઃકામના પૂર્ણ થશે.' ને મદનવલ્લીને ગાલે શરમની લાલી છવાય છે. લજ્જાભારે એનું શિર ઝૂકી પડે છે. સખીઓ એ જોઇ હસી પડે છે ને કુરથી અંતે શુભ મિલનની આખી વાત ભાખે છે. પછી તો સૌ પ્રસન્ન થાય છે. હર્ષઘેલી મદનવલ્લી ગળાનો હાર ને અન્ય આભૂષણો વડે કુરથીને નવાજે છે. નાચતી ગાતી વણઝારણ જતી રહે છે, અને સખીઓના આનંદનૃત્યમાં મદનવલ્લી પણ જોડાય છે.

સંપૂર્ણતઃ યા ભરતનાટ્ય નૃત્યશૈલીમાં આ કથા 'શેરભેન્દ્ર ભૂપાલ કુરવંજી'ની રજૂઆત શ્રીમતી મૃણાલિની સારાભાઇએ અનેક વાર રંગમંચ પર કરી છે. વિરહવ્યાકુળ અને પ્રણયવિહ્વળ મુગ્ધ રાજકુમારી મદનવલ્લીના પાત્રમાં એમની પ્રતિભા સુંદર રીતે ખીલી ઊઠે છે.

દક્ષિણ ભારતમાં 'કુરવંજી'નાં કથાનકો અત્યંત લોકપ્રિય છે. મંદિરોમાં દેવ સન્મુખ તમિળ ભાષામાં આ નૃત્ય નાટિકાઓ રજૂ થતી. સત્તરમા શતકમાં જ્યારે તાંજોરની કીર્તિ સંગીત અને નૃત્યના અજોડ કેન્દ્ર તરીકે ચોદિશ પ્રસરી હતી ત્યારે આ નૃત્ય નાટિકાઓ લખાઈ હતી. તે કાળે તાંજોર વગેરે પ્રદેશો પર મહારાજા સરભોજીનું શાસન હતું. આ નૃત્ય-નાટિકાઓમાં તત્કાલીન ઉમદા કાવ્યતત્ત્વનો તેમજ કલાતત્ત્વોનો સુભગ સમન્વય થયો છે. પ્રિયતમ માટેની ઉત્કટ પ્રણયભાવનાનું આ કુરવંજી નૃત્ય-નાટિકાઓમાં નિરૂપણ થાય છે. નાયિકા નાયકને પ્રણય સંદેશ મોકલવા સખીઓની સહાય લે છે. તદુપરાંત ચંદ્ર, પવનની લહેરખી, વાદળો અને પંખીગણને પણ એ વિનવણી કરે છે. આ નૃત્ય-નાટિકાઓમાં સ્ત્રીઓ જ ભાગ લે છે, અને પ્રાચીન પરંપરાગત નૃત્ય-શૈલીમાં આવી સુંદર કૃતિની રજૂઆત તથા નૃત્ય-ક્ષેત્રે એની વિશિષ્ટ સંકલના અને તત્કાલીન વાતાવરણની જમાવટને લીધે તે સૌની ચાહના સંપાદન કરી શકી છે.

આન્તરરાષ્ટ્રીય ખ્યાતિ પામી ચૂકેલી આ દક્ષિણ ભારતીય કેરળકન્યા અને ગુજરાતના જાણીતા ઉદ્યોગપતિ શ્રી અંબાલાલ સારાભાઇનાં પુત્રવધૂ મૃણાલિની સારાભાઈએ ગુજરાતના પાટનગર અમદાવાદમાં રહી આ નૃત્ય-પ્રવૃત્તિ દ્વારા ગુજરાતના સંસ્કાર-ધનમાં દક્ષિણભારતના કલાસંસ્કારોની અભિવૃદ્ધિ કરવા સ્તુત્ય પ્રયત્નો કર્યાં છે. મૃણાલિની અભિજાત માતાપિતાનું સંતાન છે. કેરળના ઉચ્ચ અને ગર્ભશ્રીમંત બ્રાહ્મણ કુટુંબમાં એમનો જન્મ થયો છે. પિતા સ્વ. ડૉક્ટર શ્રી સ્વામીનાથન્ ખ્યાતનામ વકીલ હતા. આપબળે અને પોતીકી પ્રતિભાથી એમણે શિક્ષણક્ષેત્રે અભૂતપૂર્વ ખ્યાતિ મેળવી હતી. વકાલત દરમિયાન

અઢળક સંપત્તિ પણ પ્રાપ્ત કરેલી. એમનાં પત્ની શ્રીમતી અમ્મુ સ્વામીનાથન્ જાણીતાં સામાજિક કાર્યકર છે અને ભારતની પાર્લમેન્ટનાં સભ્ય છે. એ કલા-પ્રેમી માતાની વત્સલ છાયા હેઠળ બાળપણથી જ મૃણાલિનીની કલા-પ્રીતિ કેળવાએલી. માયાવરમના ભરતનાટ્ય શૈલીના વિદ્વાન અને જ્ઞાની ગુરુ શ્રી મુથુકુમારન્ પિલ્લૈ પાસે એમણે ભરતનાટ્ય નૃત્યની શિક્ષા લેવાનું શરૂ કરેલું. પરંતુ નાદુરસ્ત તબિયતને અંગે એમનાં માએ એમને સ્વિત્ઝર્લૅાંડ મોકલ્યાં. અગિયાર વર્ષની નાની વયે એ સ્વિટ્ઝર્લૅાંડ ગયાં અને ત્યાં 'ફ્લૉરેન્સની સેઈન્ટ જ્યૉર્જ ઍકોલ' શાળામાં અભ્યાસની સાથોસાથ પાશ્ચાત્ય 'બૅલે' પદ્ધતિનાં નૃત્યો પણ શીખ્યાં. ઉપરાંત રશિયન પદ્ધતિના 'સેચેતી' અને ગ્રીક પદ્ધતિના 'દાલક્રોઝ' નૃત્યના પાઠ પણ એ સ્વિટ્ઝર્લૅાંડના વસવાટ દરમિયાન નિયમિત રીતે લેતાં રહ્યાં. ઝપાટાભેર સ્વાસ્થ્ય સુધરતું ગયું અને અભ્યાસક્રમ પૂરો થતાં એ ભારત પાછા ફર્યાં.



અહીં આવ્યા બાદ પેલા પાશ્ચાત્ય નૃત્યપ્રકારના શિક્ષણે એમને આપણાં પરંપરાગત શાસ્ત્રીય નૃત્ય-સ્વરૂપો પ્રત્યે દુર્નિવાર મોહિની લગાડી. ને પછી તો અધૂરા રહેલા ભરતનાટ્ય નૃત્યના શિક્ષણ પાછળ એ એવી એકાગ્રતાથી મંડી પડયાં કે ગુરુ પણ એમના આ અદમ્ય ઉત્સાહની સ્તુતિ કર્યા વિના રહી શકતા નહિ. આ દરમિયાન એમને ગુરુદેવ ટાગોરની સંસ્કાર પ્રવૃત્તિઓ અને કલાક્ષેત્રે અવનવાં ખેડાણ કરતી શાંતિનિકેતન સંસ્થામાં જવાની તક સાંપડી, જ્યાં એમની નૃત્ય-લગનીને સરસ અવકાશ મળ્યો. ત્યાંના ત્રણ વર્ષના વસવાટ દરમિયાન એમણે ગુરુદેવનાં નૃત્ય-નાટકોમાં પ્રધાન ભૂમિકાઓ ભજવી અને શાસ્ત્રમાન્ય નૃત્યશૈલીઓની ચાતુરીભરી સંકલનાના વિવિધ પ્રયોગો પણ કર્યા. આમ કેળવાતી જતી ઉચ્ચ કલાભિરુચિને લીધે અને સર્જક કલાકારના આત્માની સિસૃક્ષાની અદમ્ય ઝંખનાથી એમને અન્ય શાસ્ત્રીય નૃત્ય-પ્રકારોમાં નૈપુણ્ય મેળવવાની ચાનક લાગી.

બાલ્યવયમાં માયાવરમના શ્રી મુથુકુમારન્ પિલ્લૈ પાસે ભરતનાટ્ય નૃત્યનું શિક્ષણ તો એમણે લીધેલું. પણ માત્ર એથી જ સંતોષ ન માનતાં બાલાસરસ્વતીના વર્તમાન ગુરુ શ્રી એલપ્પા પિલ્લૈ તેમજ ભરતનાટ્ય ક્ષેત્રે અજોડ કલાગુરુ ગણાતા પન્ડનલ્લુરના સ્વ. વિદ્વાન મીનાક્ષીસુંદરમ્ પિલ્લૈ પાસે એમણે ભરતનાટ્ય નૃત્યની દીક્ષા લીધી. એ મહાન નૃત્યાચાર્યનાં એ અત્યંત માનીતાં શિષ્યા હતાં. સ્નેહવશ ગુરુએ આ પ્રતિભાશાળી કલાકારને એમની શક્તિ પ્રીછીને ભરતનાટ્યના કેટલાંક નૂતન પ્રકારો પણ શીખવ્યા છે અને એ રીતે પરંપરાગત શાસ્ત્રીય નૃત્ય પ્રકારનું પૂર્ણ અધિકારી જ્ઞાન સંપાદન કરવાનું સૌભાગ્ય મૃણાલિનીને સાંપડયું છે. એમની અવિશ્રાંત પરિશ્રમ કરવાની શક્તિ ને ઉત્કટ લગનીથી પ્રસન્ન થઇ ગુરુએ એમને પ્રમાણપત્ર લખી આપેલું: 'એની બૌદ્ધિક શક્તિ, શીખવા માટેની લગની ને ગ્રહણશક્તિ જોઇને મેં એને ભરતનાટ્ય નૃત્યની કેટલીક વિરલ ચીજો શીખવી...જો તે ભરતનાટ્ય શીખતી રહેશે તો મારી તો દૃઢ માન્યતા છે કે જતે દિવસે એ અજોડ નૃત્યાંગના બનશે. હું ઈશ્વરને પ્રાર્થના કરું છું કે એને લાંબું આયુષ્ય ને સુખ ઇત્યાદિ સાંપડે જેથી કલાસાધના એ નિરંતર કરી શકે.'

શાન્તિનિકેતનના અભ્યાસને અંતે એમની નૃત્યપ્રતિભાથી આકર્ષાઈ ન, હાલ બ્રિટિશ નાગરિકત્વ સ્વીકારી લંડનમાં જ વસવાટ કરી રહેલા આંતરરાષ્ટ્રીય નામના મેળવનાર ભારતીય નૃત્યકાર શ્રી રામગોપાલે એમને પોતાની મંડળીમાં જોડાવાનું આગ્રહભર્યું આમંત્રણ આપ્યું. ત્યારે શ્રી રામગોપાલ બૅંગ્લોર ખાતે નૃત્ય-પીઠ ચલાવતા. બૅંગ્લોરના એ વસવાટ દરમિયાન ભરતનાટ્ય નૃત્ય-શિક્ષણ ઉપરાંત તે, રાષ્ટ્રપતિ તરફથી બહુમાન પામેલા વયોવૃદ્ધ શ્રી કુંજુકુરૂપ પાસે પોતાની જન્મભૂમિ કેરળનું ભવ્ય કથકલી નૃત્ય પણ શીખ્યાં, જે પાછળથી પોતે રચેલી અનેક નૃત્યનાટિકાઓમાં તેમણે યોજ્યું. નૃત્યાંગના નૃત્યાભ્યાસ પૂરો કર્યા પછી પ્રથમ વાર તમિળ જનસમાજ આગળ નૃત્યો રજૂ કરે તે વિધિને 'અરંગેત્રમ્' કહે છે. બૅંગ્લોરમાં જ એમનું એ પ્રથમ 'અરંગેત્રમ્' ગોઠવાયું અને એમનાં નૃત્યોનાં મુક્ત કંઠે વખાણ થયાં. ત્યાર પછી રામગોપાલની સાથીદારીમાં એમણે બૅંગ્લોર, કલકત્તા અને મદ્રાસ જેવાં ભારતનાં મોટાંમોટાં શહેરોમાં નૃત્યો રજૂ કરતાં કરતાં આખા ભારતનો પ્રવાસ કર્યો. બૅંગ્લોરમાં જ એઓ ગુજરાતના ખ્યાતનામ ઉદ્યોગપતિ શ્રી અંબાલાલ સારાભાઈના પુત્ર ડૉ. વિક્રમ સારાભાઇના પરિચયમાં આવેલાં. આ પરિચય, પછી, લગ્નમાં પરિણમ્યો અને આમ ગુજરાતને આંગણે કેરળકન્યા કુલવધૂ બનીને આવી.

અમદાવાદ આવીને મૃણાલિનીએ પોતાનાં નર્તન(સોલો ડાન્સિઝ) ઉપરાંત નૃત્ય-નાટિકાઓનું સંકલન (કોરીઓગ્રાફી) પણ કરવા માંડયું. પરંપરાગત (ટ્રૅડિશનલ) અને શાસ્ત્રીય (ક્લાસિકલ) નૃત્ય પ્રતિનો અનુરાગ તેમજ એની શુદ્ધ રજૂઆતનો આગ્રહ એમના નૃત્યપ્રવૃત્તિઓનાં વિશિષ્ટ લક્ષણ બની રહ્યાં. ઉપરાંત સર્જક કલાકારને સહજ એવાં નવતર પ્રદાનો પણ એમણે પોતાની નૃત્ય નાટિકાઓમાં કર્યાં. કાર્યક્રમની રજૂઆતને યોગ્ય વાતાવરણ, નૃત્યાનુકૂળ પોશાકો તથા રંગમંચની સજાવટ ઇત્યાદિ અનેક અનુષંગી બાબતોમાં કાળજીપૂર્વક ફેરફારો કરી એ દિશામાં તે મહત્ત્વનાં ખેડાણ કરવા લાગ્યાં.


આ બધી પ્રવૃત્તિઓની સાથોસાથ એમણે વિદેશોના પણ અનેક પ્રવાસ ખેડયા. ૧૯૩૯માં જ્યારે એ જાવા ગયાં ત્યારે એમણે જોગ્જાકાર્તાના સુલ્તાનના ભાઈ રાજકુમાર તેજોકુસુમો પાસે જાવાનાં નૃત્યો શીખવાની તક ઝડપી લીધી. શ્રી તેજોકુસુમો જાવાનાં પરંપરાગત નૃત્યોના અધિકારી જ્ઞાતા અને શિક્ષક હતા. આ નૃત્યપ્રકારનું શિક્ષણ



પ્રસન્ન દાંપત્ય : ડૉ. વિક્રમ સારાભાઈ સાથે

મેળવનાર પ્રથમ ભારતીય સન્નારી તરીકે મૃણાલિની તેન્જોકુસુમોનાં કૃપાપાત્ર શિષ્યા બન્યાં. એ નૃત્યો સુલતાન સમક્ષ માત્ર રાજકુટુંબની વ્યક્તિઓ જ રજૂ કરી શકતી. એ માનભર્યા અધિકારને મૃણાલિનીએ પ્રાપ્ત કરી સુલતાન સમક્ષ તે નૃત્યો રજૂ કરીને એમાં પોતે મેળવેલા નૈપુણ્યના સૌને પ્રતીતિ કરાવી આપી. જાવાથી ન્યૂ યૉર્ક જઇ મૃણાલિનીએ 'અમેરિકન એકૅડેમી ઑાવ ડ્રામૅટિક્સ આર્ટ'માં અભિનય અને રંગમંચની વ્યવસ્થા વગેરેનું છ માસ લગી શિક્ષણ લીધું ને અમેરિકાના પ્રવાસ દરમિયાન પોતાના સાથીઓની સહાયથી ત્યાં વિવિધ નૃત્ય-પ્રયોગો રજૂ કરી ભારતીય નૃત્યોનું ગૌરવ પણ વધાર્યું.

૧૯૪૫માં એમણે અમદાવાદમાં પોતાની સ્વતંત્ર નૃત્યસંસ્થા 'દર્પણ'ની સ્થાપના કરી અને તેમાં ભારતનાટ્ય, કથકલી, દક્ષિણ ભારતીય કર્ણાટકી સંગીત, તથા એ સંગીતનું શાસ્ત્રીય જ્ઞાન, રંગમંચની સજાવટનું શિક્ષણ, લોકનૃત્યો અને નાનાં બાળકો માટે અભિયન-નૃત્યો વગેરેની તાલીમ આપવાની શરૂઆત કરી. ત્યાં સંગીત અને નૃત્યને ક્ષેત્રે



વિદ્વાન ગુરુ મીનાક્ષીસુંદરમ્ પિલ્લૈ સાથે : કુંભકોનમમાં

કુશળ કલાકારો અને પોતાના સાથીદારોનું એક વ્યવસાયી જૂથ ભેગું કરી 'દર્પણ'ના આશ્રયે એમણે અનેક વિદેશ-પ્રવાસો યોજ્યા છે અને નૃત્ય-નાટિકાઓ રજૂ કરતાં રહ્યાં છે. આ નૃત્ય-નાટિકાઓ મૃણાલિનીનું નૃત્યક્ષેત્રે મહત્ત્વનું અર્પણ છે. એમની પોતીકી પ્રતિભા, અનોખી સૂઝ ને નવતર સ્વરૂપો ઘડવાની અદમ્ય લગનીના પરિણામ રૂપે પરંપરાગત નૃત્ય-પ્રકારોમાં એમણે અઢારેક જેટલી નૃત્ય-નાટિકાઓનું આયોજન કર્યું છે. પ્રખ્યાત તમિળ મહાકાવ્ય 'શિલપદીકરમ્', કવિકુલગુરુ કાલિદાસ વિરચિત નાટક તેમજ કાવ્યો 'વિક્રમોર્વશીયમ્', 'કુમારસંભવમ્', ઉપરાંત અન્ય પુરાણો તેમજ મહાભારત, રામાયણ આદિ ગ્રંથોમાંથી ચૂંટેલા કથાપ્રસંગોમાં વલ્લી-કલ્યાણમ્, રુક્માંગદ-મોહિની, કલ્યાણ-સૌગંધિકમ્, ઉષા-અનિરુદ્ધમ, મેઘદૂતમ્, શેરભેન્દ્વ ભૂપાલ કુરવંજી, નલ-ચરિતમ્, વસન્તવિજયમ્, આ ઉપરાંત અભિનવ કથાનક જેવું 'મનુષ્ય' તથા શૃંગારને કેન્દ્રસ્થાને રાખતી નાટિકા 'મત્સ્યકન્યા' અને 'માયા' આદિ વિવિધ નૃત્યશૈલીમાં રજૂ કર્યાં છે. હમણાં એમણે 'રામાયણમ્' (સીતા-પરિણયમ્) અને 'ગીત-ગોવિંદ' રજૂ કર્યાં હતાં. આ નાટિકાઓ તમિળ, સંસ્કૃત, બંગાળી, હિંદી ને (સૌથી હર્ષ ઉપજાવે એવી બિના તો એ છે કે) ગુજરાતી ભાષામાં પણ રજૂ થઇ છે. તેમાંયે 'નલચરિતમ્' અને 'વસંતવિજયમ'ના પ્રયોગો જેમણે જેમણે જોયા હશે એ સૌને એ સફળ નૃત્ય-નાટિકાઓના પ્રયાસોનાં સુખદ સ્મરણો હશે. મોટે ભાગે તેઓ સાદ્યંત 'ભરતનાટ્યમ્' અને 'કથકલી' શૈલીમાં નૃત્ય-નાટિકાઓનું સંકલન કરે છે. એટલે પરંપરાગત શાસ્ત્રીય નૃત્ય-શૈલીમાં કથાનકો રજૂ કરી શાસ્ત્રીય નૃત્યોને લોકપ્રિય કરવામાં એમની આ પ્રવૃત્તિઓનું મહત્ત્વ અનેકગણું છે. અને તે ગુજરાતીમાં રજૂ કરવાના એમના પ્રયાસોની નોંધ તો સગર્વ લેવાવી ઘટે. કારણ ભરતનાટ્ય માટે તમિળ ને કથકલી માટે મળયાળમ ભાષાનાં કથાનકો તે તે પ્રકારનાં ચોક્કસ શાસ્ત્રીય સ્વરૂપો ને કર્ણાટકી સંગીતની બંદીશનો સથવારો સહજ રીતે જમાવતાં દક્ષિણ ભારતમાં અત્યંત લોકપ્રિય નીવડે છે. જ્યારે ગુજરાતીમાં એ શૈલીમા નૃત્યો દ્વારા કથાનકો રજૂ કરવાં તે સાહસ તો ખરું જ! ઉત્તર ભારતમાં અને દક્ષિણ ભારત સિવાયના અન્ય પ્રાંતો અને પ્રદેશોમાં ભરતનાટ્ય અને કથકલી નૃત્યો લોકપ્રિય અને સુગમ બને તે માટે આવી પ્રવૃત્તિઓની આવશ્યકતા છે. બહુધા ભાષાના અજ્ઞાનને લઇને આ સુંદર કલાપ્રકારો અન્ય પ્રાંતના લોકોની ચાહના સંપાદન કરી શકતા નથી. એ અવરોધ ટળતાં તે તે પ્રાંતની ભાષામાં કુશળતાપૂર્વક એ પ્રયોગની રજૂઆત નૃત્યક્ષેત્રે મહત્ત્વની સેવા ગણાય.

યોગ્ય સાથીઓ મળતાં 'દર્પણ' સંસ્થા પગભર થઈ એટલે એમણે આ નૃત્ય-નાટિકાઓની વિદેશમાં રજૂઆત કરવાની યોજના ઘડી. તે પ્રવાસોમાં નીચેના પ્રદેશોનો સમાવેશ થાય છે: ૧૯૪૯માં યુરોપ-યાત્રા. ઈંગ્લન્ડમાં સ્કૉટલૅન્ડ, એડિનબર્ગ ને ગ્લાસગોમાં, ફ્રાન્સ ખાતે પારીસમાં, સ્વીડનમાં સ્ટૉકહોમ ખાતે, કૉપનહેગન ઉપરાત સ્વિટ્ઝર્લૅંડ ખાતે જીનીવા, બર્ન, ઝુરીચ ઇત્યાદિ સ્થળે નૃત્યો રજૂ કર્યાં. ૧૯૫૦ના ડિસેમ્બરમાં ઇજિપ્ત અને લેબેનૉનમાં એમણે કૅરો, એલેક-ઝાન્ડ્રિયા ને બૅરૂત વગેરે સ્થળોએ નૃત્ય-પ્રયોગો રજૂ કરેલા. ૧૯૫૧માં ઇજિપ્તમાં સાંસ્કૃતિક મહોત્સવ યોજાયો ત્યારે ભારત સરકારે 'દર્પણ' સંસ્થાને પ્રતિનિધિ તરીકે ભાગ લેવા નિમંત્રણ આપેલું અને 'દર્પણે' સફળતાપૂર્વક એ પ્રતિનિધિત્વ કરેલું. ૧૯૫૨ના જૂન-ઑાક્ટોબર લગીના ગાળામાં ઉત્તર, મધ્ય અને દક્ષિણ અમેરિકામાં એમણે જે પ્રવાસો યોજેલા એમાં રીઓડીજાનેરો, પનામા, મેક્સિકો ઇત્યાદિ સ્થળોએ એમનાં નૃત્યોને સુંદર આવકાર સાંપડ્યો હતો. ફરી યુરોપ યાત્રા કરી



જલમાં ક્રીડા : મત્સ્યકન્યા (મૃણાલિની) ને રાજકુમાર (પણિકર)



'કાલીયમર્દન'માં કાલિનાગ નાથ્યાની શ્રીકૃષ્ણની મુદ્રા

બેલ્જીઅમ, હૉલૅન્ડ, પૂર્વ જર્મની, ઈસ્ટ બર્લિન, ડ્રેસ્ડન, ઇટલી, સિસિલી ઉપરાંત ૧૯૫૫માં સિલોનમાં, ૧૯૫૬માં બર્મા, થાઇલૅન્ડ દક્ષિણ તેમજ ઉત્તર વિયેટનામ, કમ્બોડિયા, ઇન્ડોનેશિયા, સિંગાપોર, મલાયા ને ફિલિપાઇન્સ ટાપુઓના પ્રવાસો પછી ૧૯૫૭માં એમણે જાપાન ખાતે ભારતીય નૃત્યોના કાર્યક્રમ રજૂ કર્યા. અને હજી હમણાં જાન્યુઆરીમાં જ ત્રણ મહિનાનો વિદેશ-પ્રવાસ કરી રશિયા ખાતે સુંદર પ્રયોગો રજૂ કરી અમદાવાદ પાછાં ફર્યાં છે. આવીને પુનઃ નવી નૃત્ય-નાટિકાઓના સંકલનમાં વ્યસ્ત છે અને નવતર પ્રયોગો કરી રહ્યાં છે.

આટઆટલા વિદેશ-પ્રવાસો ખેડીને એમણે કોઈ પણ ભારતીય નૃત્યાંગના કરતાં વિશેષ કીર્તિ સંપાદન કરી છે. 'ફ્રેન્ચ આર્કીવીઝ ઇન્ટરનૅશનલ્સ દ લા દાન્સ'નો માનભર્યો ખિતાબ તેમજ ડિપ્લોમા મેળવનાર એ એશિયાનાં પ્રથમ નારી છે. થોડા વખત પૂર્વે જ ભરત-નાટ્યક્ષેત્રે એમની વિશિષ્ટ કલાસેવાઓ બદલ મદ્રાસ ખાતે એમને 'નાટ્યકલા શિખામણિ'નું પદ આપી એમનું બહુમાન કરવામાં આવ્યું હતું. સૌજન્યશીલ ને બહુશ્રુત આ રમણીએ નૃત્યાંગના હોવા ઉપરાંત દક્ષિણ ભારતીય નર્તકીની કથા આલેખતી એક સુંદર અંગ્રેજી નવલકથા 'This alone is true' અને ભારતીય સ્વાતંત્ર્યસંગ્રામને લગતું એક અંગ્રેજી નાટક 'Captive Soil' પણ લખ્યું છે.

પાશ્ચાત્ય દેશોના વારંવારના આ સાંસ્કારિક પ્રવાસોને અંગે અને બાલ્યકાળે સ્વિટ્ઝર્લૅંડમાં મેળવેલી 'બૅલે' નૃત્યોની કેળવણીને લીધે શ્રીમતી મૃણાલિની સારાભાઇનાં નૃત્યો અને નૃત્ય-નાટિકાઓમાં પાશ્ચાત્ય 'બૅલે'માં રહેલી 'નૃત્ત' (અભિનય વિનાનું)ની નિપુણતા–techniqueની ચોક્કસાઈ જોવા મળે છે. પુરાણો, મહાભારત, રામાયણ આદિ ગ્રંથોમાંથી પસંદ કરેલા કથાખંડોની નૃત્યરૂપે રજૂઆત કરવા પાછળ મૃણાલિની જે જહેમત ને પરિશ્રમ લે છે તે સ્તુત્ય છે. એમનું પુસ્તકાલય નૃત્યવિષયક અસંખ્ય દુર્લભ પુસ્તકોથી સમૃદ્ધ છે.

'દર્પણ' સંસ્થામાં નૃત્ય-પ્રકારોની અધિકારી કહી શકીએ એવી તાલીમ અપાઇ રહી છે, ને ગુજરાતી કન્યાઓ મણિપુરી નૃત્ય જ કરી જાણે છે ને છાશવારે રાસ-ગરબાઓ જ રજૂ કરી જાણે છે એ મહેણું મૃણાલિનીની આ નૃત્ય-પ્રવૃત્તિએ ભાંગ્યું છે. ભરતનાટ્યમનાં વેગીલાં, સ્ફૂર્તિલાં, વિદ્યુત્ સમ ચપળ અને મનોહારી નૃત્યો આજે ગુજરાતમાં તેમજ ભારતભરમાં અતિલોકપ્રિય થયાં છે અને એ કલાપ્રકારને પણ ગુર્જર કન્યાઓએ સુંદર રીતે સાધ્ય કર્યો છે, એનું ઉદાહરણ બબ્બે વર્ષથી અખિલ ભારતીય વિદ્યાપીઠની કલાસ્પર્ધામાં 'દર્પણ' ને મૃણાલિનીની શિષ્યાઓએ પ્રથમ ઇનામો મેળવીને પૂરું પાડયું છે. નવી દિલ્હી ખાતે પ્રથમ અખિલ ભારતીય નૃત્ય પરિષદ વેળા પણ 'ગીત-ગોવિંદ' નૃત્ય-નાટિકામાં કુ. પૂર્ણિમા ભગવતી, કુ. રૂપા શાહ ને કુ. દર્શિની ચિનુભાઇએ સખીઓની ભૂમિકા ભજવીને ભરતનાટ્ય શૈલીમાં એની સુંદર રજૂઆત કરી બતાવી હતી. કલાવિવેચક શ્રી જી. વ્યંકટઅચલમ્ તથા દર્શકોમાંના દક્ષિણ ભારતીય પ્રેક્ષકો તો માની જ શકયા નહોતા કે આ કન્યાઓ ગુજરાતી છે! ભરતનાટ્ય નૃત્યો આટલાં સફળ રીતે ગુજરાતી બાળાઓ અપનાવી શકે છે તે જાણીને તેઓને સાનંદાશ્ચર્ય થએલું. હમણાં ૧૯૫૭ના ડિસેમ્બરમાં 'રામાયણ' નૃત્ય-નાટિકામાં લગભગ પચ્ચીસેક ગુજરાતી વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો અને તમિળ તેમજ સંસ્કૃત શ્લોકોને આધારે શુદ્ધ ભરતનાટ્ય અને કથકલી શૈલીમાં એ નૃત્ય-નાટિકાની રજૂઆત કરી હતી. ભરતનાટ્ય શૈલીમાં આટલી બહોળી સંખ્યામાં ગુજરાતી છોકરીઓને રંગમંચ પર નૃત્ય કરતી જોવી એ ખરે જ આપણા નૃત્ય-કલાવિકાસનું સુંદર સીમાચિહ્ન ગણવું જોઇએ. આમ દક્ષિણ ભારતીય નૃત્યકલાને આપણે સહજ રીતે અપનાવતા થઈ આપણા સંસ્કારધનમાં નિઃશંક જે ઉપકારક વૃદ્ધિ કરી રહ્યા છીએ, તેનો યશ કલાધારી મૃણાલિનીની નૃત્ય-પ્રવૃત્તિઓને જ ફાળે જાય છે.

ભારતવર્ષના શ્રેષ્ઠ નૃત્યગુરુઓ પાસે ભરતનાટ્ય તેમજ કથકલી નૃત્યપ્રકારોમાં પારંગતતા પ્રાપ્ત કર્યા ઉપરાંત મૃણાલિનીએ 'કથક' નૃત્યની પણ તાલીમ લીધી છે. વળી શાંતિનિકેતનના વાતાવરણમાં ત્રણ વર્ષ ગાળી એ બંગાળી સંસ્કારોનો સ્પર્શ પણ પામ્યાં છે. પાશ્ચાત્ય દેશોના 'બૅલે' નૃત્યપ્રકારોનું શિક્ષણ, અમેરિકામાં રંગમંચ અને નાટકને લગતા

અનુષંગી વિભાગો વિષેનો અભ્યાસ, વિદેશોના પ્રવાસોની તકને અંગે નૃત્યનાટિકાઓની કુનેહપૂર્વકની આકર્ષક રજૂઆત (presentation) વગેરે અનુભવોથી મૃણાલિનીનું નૃત્ય અને તદ્વિષયક રજૂઆતનું જ્ઞાન અત્યંત સમૃદ્ધ છે. આ સિવાય પણ ઊંડું અધ્યયન, પરિશીલન અને બહોળું વાચન એમના નવતર નૃત્ય-પ્રયોગોને સહાયક બન્યાં છે. સંગીત, નૃત્ત, નૃત્ય, ભાવ, અભિનય, પોશાકો, રંગમંચની સજાવટ અને અર્થવ્યંજક શાસ્ત્રીય તેમજ પરંપરાગત ઢબે રજૂઆત એ સર્વ પાછળ ખંતપૂર્વક ધ્યાન આપી નાટિકાઓનું એક વિશિષ્ટ ધોરણ રચવામાં મૃણાલિની ઘણાં સજાગ રહે છે. એમના પ્રયોગોની શરૂઆત પૂર્વે નાટ્યગૃહમાં આપણે બેઠાં હોઇએ ત્યારે મૃદંગ પરની થાપ, મંજીરાની જોડનો રણકાર, દક્ષિણ ભારતીય સંગીતની સૂરાવલિ અને વીણા-રવ વગેરેનું શ્રવણ થતાં જ મનોમન થાય છે કે આ મૃણાલિનીનાં જ નૃત્યો અથવા એમણે રચેલી નૃત્ય-નાટિકાઓ હોવાં જોઇએ. પડદાઓ, પાર્શ્વસુશોભનો વગેરેનો સાદગીભર્યો છતાં ય ગૌરવાન્વિત ઉપયોગ, ઠઠારા વિનાની માત્ર સૂચક અને અર્થઘન રજૂઆત તથા સૂચનને (suggestion) પ્રાધાન્ય આપતી શાસ્ત્રપ્રણીત શૈલીનો આગ્રહ એમની નૃત્યનાટિકાઓને ચિત્તાકર્ષક બનાવે છે.

વળી પ્રયોગશીલ નૃત્યપ્રવૃત્તિઓ માટે મૃણાલિની જાણીતાં છે. વર્તમાન સમયનાં કથાનકોને પરંપરાગત શૈલીમાં રજૂ કરવાની બાગશનું ઉદાહરણ એમનું 'મનુષ્ય' નામક 'બૅલે' છે. એ નૃત્યનાટિકાનું વસ્તુ એમને મનુષ્યોના રોજિંદા જીવનક્રમમાંથી જડેલું. એક નવજાત શિશુ કુદરતીક્રમે વિકાસ પામતો પોતાની શક્તિઓને પીછે છે અને વિવિધ અનુભવોમાંથી પસાર થાય છે. આટલી અમથી વાત કથકલી નૃત્યશૈલી દ્વારા રજૂ કરવાની એમણે હામ ભીડી. આજ લગી મહાભારત અને રામાયણ આદિ પૌરાણિક તેમજ ધાર્મિક કથાનકો કથકલી નૃત્યના વિષય રહ્યા છે. એ પરંપરાગત ચીલો છોડી અન્ય કથા-પ્રસંગોને એ શૈલીમાં રજૂ કરવા એ દુસ્સાહસ હતું. કવિ સુબ્રહ્મણ્ય ભારતીનાં ગીતોને આધારે એમણે મનુષ્ય જન્મે છે ત્યારથી માંડીને મૃત્યુ પામે છે ત્યાં લગીની જીવનલીલાની વાત નૃત્યમાં વણી લીધી. લાગટ બે વર્ષના પરિશ્રમ પછી એ જનતા સમક્ષ રજૂ થયું. મૃણાલિનીના નૃત્ય-સાથીદાર શ્રી ચાતુન્ની પણિક્કરે એની મુખ્ય ભૂમિકા સફળ રીતે ભજવી. પરંપરાગત નૃત્યપ્રકારો જોડે છૂટ લેવી એ સહેલું કામ નથી. પણ એ તલસ્પર્શી અભ્યાસને પરિણામે એ વાહન-માધ્યમદ્વારા આધુનિક પ્રશ્નોનું નિરૂપણ કરવાના પ્રયાસો આવકાર્ય છે. કથકલી શૈલીમાં મુદ્રાઓનું બાહુલ્ય એટલા તો વિશાળ ફલક પર હોય છે કે તેની શાસ્ત્રીય સમજ ન હોવાને અંગે સામાન્ય પ્રેક્ષક વર્ગને એ નૃત્ય દુર્બોધ રહે છે. છતાં એ જ શૈલી અપનાવી મનુષ્યની સર્વકાલીન વાત એમણે સફળ રીતે અભિનવ પ્રયોગ તરીકે રજૂ કરી અને એ નૃત્યનાટિકાએ યુરોપ વગેરે દેશોમાં પણ ભારે લોકપ્રિયતા પ્રાપ્ત કરી. પરંપરાગત શૈલીમાં આવા નવતર પ્રયોગો જ કોઈ પણ સર્જક કલાકારની વિશિષ્ટતા બની રહે છે અને એ રીતે નવી કેડીઓ અંકાતી જાય છે.

ત્યાર પછી ઘણે લાંબે ગાળે 'મત્સ્યકન્યા'માં એમણે બધાં સૂક્ષ્મ ભાવાંતરો ટાળી, મુખ્ય રસ શૃંગારને જ કેન્દ્રસ્થાને સ્થાપી, કથકલી ને ભરતનાટ્ય શૈલીના સમન્વય વડે સુંદર નૃત્યનાટિકા સર્જી. પુરુષ પાત્રો કથકલી શૈલીમાં નૃત્ય કરતા અને સ્ત્રીપાત્રો ભરતનાટ્ય શૈલીમાં. આ નાટિકાના એક દૃશ્યમાં રાજકુંવરી અને રાજકુમાર જળક્રીડા કરે છે.'તેમાં એમણે વિવિધ નૃત્ય-ઉત્પ્લાવનો યોજ્યાં છે. આ બન્ને પ્રકારો અપનાવતાં સંગીતની કેવી મુશ્કેલી ઊભી થાય છે તે વિષે એમણે કહેલું: 'કમનસીબે નૃત્યક્ષેત્રે આજે એકેય બાહોશ સંગીતકારનો સહકાર સાંપડતો નથી, જે નૃત્યને સાદ્યંત સમજી શકે અને અનુકૂળ સંગીત રચી શકે. નૃત્યોચિત સંગીતરચના માટે સંગીતકારે નૃત્યવિષયક પ્રત્યેક વિગત સમજી લેવી જરૂરી છે.નૃત્યનો ભાવ, વિવિધ ભાવાંતરો (interpretations), માત્ર એક દર્શક તરીકે નહિ પણ એ નૃત્યનાટિકાના એક અભિન્ન અંગ તરીકે એમણે સમજી લેવાં જોઇએ. સંગીતકાર અને નૃત્યકાર વચ્ચે અભેદ એવું સાંમજસ્ય રચાવું જોઇએ. ભારતમાં પ્રથમ શ્રેણીના

એપ્રિલ '૫૮માં નવી દિલ્હી ખાતે યોજાએલી નૃત્યનાટિકા 'ગીતગોવિંદ'માં 'એ માનિની! અલમ્ ક્રોધેન...જો, મંદ સમીર વાઈ રહ્યો છે અને હરિ આવી રહ્યા છે'—એ અષ્ટપદીનું ભાવાંતર કરતાં: ડાબી બાજુથી અનુક્રમે: કુ. દુર્ગા, શ્રી મૃણાલિની, કુ. પૂર્ણિમા ભગવતી, કુ. રૂપાં શાહ, કુ. દર્શિની ચિનુભાઈ.



કૃષ્ણનું પાત્ર પછીતે ટાંગેલા જગન્નાથજીના ચિત્રથી સૂચિત કરેલું.



આ લેખના પ્રારંભે આપેલા 'મદનવલ્લી'ના કથાનકમાં મદનવલ્લીની ભૂમિકામાં શ્રીમતી મૃણાલિની અને કુરથીની ભૂમિકામાં કુ. જયલક્ષ્મી.

કેટલાય સંગીતકારો નૃત્યકારોને સહકાર આપતાં ખચકાય છે—એ બીતિથી કે એમની વૈયક્તિક કલાને એથી વેઠવું પડશે. પરંતુ કલાની સાચી કસોટી તો એ જ છે કે જ્યાં આ વ્યક્તિગત ભાવનું ઊર્ધ્વીકરણ થાય અને સંપૂર્ણ કલાત્મક રૂપનિર્માણમાં એનો લોપ થાય. જ્યાં લગી શાસ્ત્રીય નૃત્યોના પુરસ્કર્તા નૃત્યકારો અને સંગીતજ્ઞો ભેગા મળી સિદ્ધિનાં અવનવાં શિખરો સર નહિ કરે ત્યાં લગી એ ક્ષેત્રે સાચા અર્થમાં કશી પ્રગતિ સંભવી શકશે નહિ. સંગીતકાર માટે પોતાના સૂરોને દૃશ્ય નૃત્યરૂપ મળે તેથી વિશેષ આનંદ શો હોઈ શકે?' 'મત્સ્યકન્યા'ના પેલા દૃશ્ય માટે એમના એક સાથીએ, પછી, પ્રત્યેક પાત્રની રંગમંચ પરની રજૂઆત વખતે વિવિધ સૂરાવટની બંદીશ યોજી હતી અને સુંદર વાતાવરણ જમાવેલું.

મૃણાલિનીને સદ્ભાગ્યે સુંદર કલાકારોનો સહકાર પણ સાંપડ્યો છે. એમના જૂથમાં સૂરીલું ગળું ધરાવતાં શંકરી નામે સંગીતજ્ઞ ગાયિકા, નૃત્યકુશળ દક્ષિણભારતીય કન્યાઓ ઉપરાંત આપણી ગુર્જરકન્યાઓ, અને કથકલી નૃત્ય-વિશારદ કવિંગળ ચાતુન્ની પણિક્કર તથા ગોવિન્દન્ શિવશંકર વગેરે નટ ઉપરાંત મૃદંગવાદક વી. એસ. કૃષ્ણન્, શંકરન્, શ્રીનિવાસન ને ગોપાલ પણિક્કર જેવા કલાઉપાસકો મળતાં એમની નૃત્યપ્રવૃત્તિઓને સારો વેગ મળ્યો છે. કવિંગળના પ્રખ્યાત કથકલી-નટકુટુંબ પણિક્કરના શ્રી ચાતુન્નીએ નાની વયથી જ આશાસ્પદ નૃત્યકાર તરીકે પ્રતિભા દર્શાવી હતી. આથી કુટમ્બુરના કથકલી-કલાગુરુ શ્રી ગોપાલ નાયરે એમના નૃત્ય-શિક્ષણ પાછળ સારી એવી જહેમત લેવા માંડેલી. એનું શુભ પરિણામ એ આવ્યું કે ચાતુન્નીએ ઉચ્ચ કક્ષાનું કથકલી નૃત્યનું જ્ઞાન મેળવ્યું. 'દર્પણ'માં ૧૯૪૫માં એ જોડાયા. આજે એ ત્યાંના કથકલી-કલાગુરુ છે. રાવણ, હનુમાન અને ભીમની ભૂમિકાઓ માટે મલબારમાં એ જાણીતા છે. મૃણાલિનીની નૃત્યનાટિકાઓમાં એમણે પ્રધાન ભૂમિકાઓ ભજવી છે અને સંકલનામાં પણ મહત્ત્વનું કામ કરી રહ્યા છે. આ સિવાય 'દર્પણ'માં 'કુચીપુડી' નામે આન્ધ્રના નૃત્યપ્રકારના જ્ઞાતા શાસ્ત્રી રાગલુ પણ જોડાયા છે. આમ વિવિધ નૃત્યપ્રકારોના તે તે વિષયના જાણકારોનો સાથ સાંપડતાં 'દર્પણ' સંસ્થામાં નૃત્યનું અધિકૃત જ્ઞાન અપાઈ રહ્યું છે.

શ્રીમતી મૃણાલિનીની નૃત્યનાટિકાઓમાં આપણને ભેળસેળિયા નૃત્ય-પ્રકારોનો ઉપયોગ કદી જોવા નહિ મળે. આજકાલ નૃત્ય-ક્ષેત્રે રજૂ થતી કેટલીય નૃત્યનાટિકાઓમાં લોકનૃત્ય (?), મણિપુરી, કથક અને ભરતનાટ્ય વગેરેનો ઢંગધડા વિનાનો શંભુમેળો જોવા મળે છે. નથી સંગીત અનુકૂળ હોતું કે નથી કથાનકની રજૂઆત માટે ઉપર્યુક્ત કોઇ શૈલી. એમાં નૃત્ય-પ્રકારોની નરી વિડંબના જ જોવા મળે છે. પણ મૃણાલિની તો સળંગસૂત્ર એક અથવા બે શાસ્ત્રમાન્ય શુદ્ધ પ્રણાલીગત શૈલીમાં રજૂઆત કરવાની દિશામાં ખૂબ જાગૃત રહે છે. અને છતાં માત્ર પ્રણાલીગત નૃત્યોના આંધળા અનુકરણમાં જ તે સરી પડતાં નથી. નૃત્ય-નાટિકાને સમગ્રતયા ઉપકારક નીવડે એ રીતે જરૂરી ફેરફારો (deviations) એઓ બેધડક રીતે કરે છે.

લોકોમાં સામાન્યતઃ મૃણાલિનીના આ નૃત્યપ્રયોગોની સફળતા વગેરે વિષે એક એવી માન્યતા પ્રવર્તે છે કે અઢળક લક્ષ્મીની છોળ ઊડતી હોય ત્યાં આ 'શૉખ' એમને જ પાલવે. પણ માત્ર લક્ષ્મીના કૃપાકટાક્ષથી જ કલા-સિદ્ધિ કોઇને વરતી નથી. વસ્તુતઃ તો શ્રી અને કલાના સુયોગથી જ તેઓ નૃત્ય-ક્ષેત્રે સારી સંકલનવાળાં નૃત્યપ્રયોગોનું પ્રદાન કરવામાં સફળ રહ્યાં છે. માતૃગૃહે તેમજ શ્વશુરગૃહે બંને સ્થળે એમની કલા-પ્રવૃત્તિઓને એવો સહકાર સાંપડતાં એમનો કલાકાર આત્મા નવતર પ્રયોગો અને પ્રવૃત્તિઓ કરતો રહ્યો છે.

આપણા સમૃદ્ધ નૃત્ય-પ્રકારોના સૌંદર્યની ઝાંખી વિદેશીઓને પ્રમાણિત ને અધિકારી નૃત્યરજૂઆત વડે કરાવીને તેઓ ત્યાંના વિવેચકોની પ્રશંસા પામ્યાં છે. લંડનના જાણીતા 'બૅલે'-વિવેચક આર્નોલ્ડ હસ્કેલેએ તેમને 'માત્ર આગવાં નૃત્યયોજક જ નહિ પણ સંકલનામાં અગ્રણી' કહી બિરદાવ્યાં છે. લંડનના જગવિખ્યાત પત્ર 'ધ ટાઈમ્સે' નોંધ લેતાં લખેલું: 'રેખાઓનું સૌંદર્ય, નાજુક ભાવ-અભિવ્યક્તિ ને લયનું સૂક્ષ્મ જ્ઞાન મૃણાલિનીને અસાધારણ લાલિત્ય ને કલાસિદ્ધ નૃત્યાંગના તરીકે નિઃશંકપણે પુરવાર કરે છે.' 'સન્ડે ટાઈમ્સ'ના પીઢ નૃત્યવિવેચક સેરીલ બ્યુમોન્ટે 'ઉચ્ચ કક્ષાની પ્રતિભા, લાલિત્યભર્યાં ને કુશળ નૃત્યોમાં પ્રવીણ નર્તકી' વગેરે પ્રશંસાવચનોથી એમને આવકાર્યાં. આપણે ત્યાં 'ટાઈમ્સ ઑવ ઇન્ડિયા'ના વિવેચકે લખેલું: 'લાલિત્ય, કલા, લય



કથકલી નૃત્યની એક ભૂમિકામાં શ્રી ચાતુન્ની પણિક્કર

ડિસેમ્બર '૫૭માં અમદાવાદ ટાઉન હૉલમાં ભજવાએલી નૃત્યનાટિકા 'રામાયણ'નું દશ્ય









અને સર્જનશક્તિનું જે સુભગ મિલન મૃણાલિનીમાં જોવા મળે છે તે એટલી હદે બીજા નૃત્યકારોમાં જવલ્લે જ જોવા મળે છે.'

વ્યક્તિગત એકમ(સોલો)નૃત્યોમાં મૃણાલિનીનું પદચલન (ફૂટવર્ક) તથા નૃત્ત માટેનો આગ્રહ અને ભાવ-અભિનય ખાસ નોંધપાત્ર છે. પન્ડનલ્લુરના સ્વ. વિદ્વાન મીનાક્ષીસુંદર પિલ્લૈ પાસે જે નૂજ ચીજો તે શીખ્યાં છે એમાં 'તાનવર્ણમ્' તથા 'તામરસાક્ષ' પદના ભાવાંતર માટે મૃણાલિની જાણીતાં છે. 'તાનવર્ણમ્' અટપટા શાસ્ત્રીય સ્વરૂપને અંગે બહુધા ભરતનાટ્ય કાર્યક્રમોમાં જોવા મળતું નથી. કેરળનું 'મોહિનીઆટ્ટમ' નૃત્ય પણ મૃણાલિની શીખ્યાં છે. એ નૃત્ય માટે શ્રીમતી શાંતા રાવ ભારતમાં જાણીતાં છે. એ નૃત્યનાં એકમાત્ર અધિકારી કલાગુરુ શ્રીમતી કલ્યાણી અમ્મા પાસે મૃણાલિની એ શીખેલાં.

સ્વભાવે સંસ્કારી, નિરભિમાન અને સૌજન્યશીલ આ નૃત્યાંગનાને બે બાળકો છે: પુત્ર કાર્તિક અને પુત્રી મલ્લિકા. નાની અને રૂપાળી મલ્લિકા ભવિષ્યમાં ગુજરાતની અને ભારતવર્ષની ખ્યાતનામ નૃત્યાંગના થશે એવી આશા રાખીએ. અમદાવાદમાં વાડજ પાસે મૃણાલિનીનું નિવાસસ્થાન 'ચિદમ્બરમ્' સુંદર અને રમણીય સ્થળ છે. નિવાસ-સ્થાનમાં જ નાનોસરખો રૂપાળો નૃત્ય પ્રવૃત્તિઓ માટેનો 'મંચ' છે. આમ ગુજરાતના એ ખૂણે દક્ષિણ ભારતીય નૃત્ય-શૈલીઓની સંસ્કારપ્રવૃત્તિઓ નિરંતર ચાલ્યા કરે છે. ગુજરાતના સુવર્ણયુગના ઇતિહાસમાં મીનળ નામે દક્ષિણ ભારતીય રાજકુમારીનું નામ સંકળાએલું છે, તેમ આધુનિક સમયમાં એ જ નામની આ કેરળકન્યાએ પણ ગુજરાતમાં પદાર્પણ કરીને દક્ષિણ ભારતીય અને ગુજરાતી કલા-સંસ્કારોનો મીઠો અને સુભગ સમન્વય કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે.



મૃણાલિનીનાં નૃત્યોમાં સંગીતસાથ આપનાર વાદકવૃન્દ



એક હજાર રૂપિયા



રૂપાંતર પુષ્કરભાઈ ગોકાણી

'અને આ એક હજાર રૂપિયા…' શાંતિથી ગાણી, ઝીણી આંખે વકીલ મસલાએ દસદસની નોટોનો થોકડો આપતાં કહ્યું, 'એ તમારે માટે છે.'

ભરત બેદરકારીભર્યું હસ્યો ને નોટોના થોકડાને ગણ્યા વગર જ ખિસ્સામાં મૂક્યો. 'બહુ વિચિત્ર રકમ કહેવાય,' તોરમાં એ બોલ્યો : 'દસેક હજાર હોત તો કાંઇક કરી શકાત;–વારસા યોગ્ય પણ કહેવાત. અરે માત્ર પચાસ રૂપિયા હોત ને તો યે આટલી મૂંઝવણ ન થાત!'

વકીલ મસલાને મન આ બધાનું કંઈ મહત્ત્વ જ નહોતું. એણે તો ધંધાદારીરીતે સુક્કી ભાષામાં હકીકત કહેવા માંડી : 'તમે તમારા કાકાનું વિલ તો વાંચ્યું જ હશે. જોકે વિગતમાં તમને બહુ રસ નહિ હોય, પણ એક વાત તરફ તમારું લક્ષ દોરું છું. આ એક હજાર રૂપિયા ખર્ચાઈ રહે તેનો તમારે વિગતવાર હિસાબ આપવો પડશે. વિલમાં એ બાબત ઉપર ખાસ ભાર મૂક્યો છે. મને ખાતરી છે, તમે તમારા કાકાની એ છેલ્લી ઇચ્છા જરૂર પૂરી કરશો.'

'એ બાબત આપ નિશ્ચિન્ત રહો. ભલે મારે એને માટે એકાદ સેક્રેટરી કે મુનીમ રાખવો પડે…મને તો આ હિસાબ અને આંકડાઓનો કંટાળો છે.' ઊઠતાંઊઠતાં હળવો કટાક્ષ કરી એણે 'મસલા ઍન્ડ વાયડા' સૉલિસિટર્સની ઑફિસ છોડી.

બહાર નીકળીને ટૅક્સી કરી પોતાના મિત્ર બ્રિજમોહનને શોધતો તે એક આલેશાં ક્લબમાં પહોંચ્યો. ચાળીસેકની આસપાસનો બ્રિજમોહન એક ખૂણામાં બેઠોબેઠો રેઇસની ચોપડીનાં પાનાં ફેરવતો હતો, ત્યાં એની નજર ભરત ઉપર પડી, એટલે ચોપડીને એણે ખિસ્સામાં મૂકી દીધી, અને ટેબલ ઉપર હડપચીને કોણી પર ટેકવી તડકો ખાતી બિલાડીની માફક આંખો મીંચી ક્લબના મ્યૂઝિકમાં લીન થઇ ગયો.

'ક્યાં હતો તું? જો! મારે તને એક વિચિત્ર વાત કહેવી છે, બ્રિજુ!'

'બાજુની રૂમમાં જા, ભાઈ. પેલો ગિલ્લી બિલિયર્ડ રમે છે એને જઇને કહે તારી વાતો; હું તો રોજ ને રોજ તારી આ 'વિચિત્ર' વાતો સાંભળીસાંભળીને હવે થાકી ગયો છું'.

'પણ આ તો હર વખત કરતાં કાંઇક જુદું જ છે.' સિગારેટ સળગાવતાં ભરતે કહ્યું : 'મને લાગે છે કે આમાં તો તારી જ સલાહ ઉપયોગી થઇ પડશે. ગિલ્લીનું આમાં કામ નહિ. હું હમણાં જ મારા સ્વર્ગવાસી કાકાશ્રીના વકીલો પાસેથી આવું છું. મારે માટે એક હજાર રૂપિયાનો જંગી વારસો એ મખ્ખીચૂસના કબજામાંથી કેમ છૂટી શક્યો હશે? તું જ કહે, માણસ એક હજાર રૂપિયાનું તે શું કરી શકે?'

'હું તો ધારતો હતો કે…' એક શિયાળવું કાગડાની પૂરી તરફ જે લાલચથી રસ લે તે રીતે બ્રિજુ બોલ્યો : 'સ્વ. શાંતિલાલ શેઠ પાસે કાંઈ નહિ તો એકાદ કરોડનો જીવ હશે.'

'એ જ તો વિચિત્રતા છે ને? તેણે બાકીની બધી પસ્તી કૅન્સર-રીસર્ચમાં આપી દીધી છે : જે કોઈ આ કૅન્સરના કોષો ઉત્પન્ન થવાનું કારણ અને તેનો નાશ કરવાનો સહેલો ઉપાય શોધી કાઢે તેને માટે. અને કેટલીક રકમ એ અંગેના દવાખાનામાં વાપરવાનું લખી ગયા છે.'

'પણ આમાં વિચિત્ર શું છે?'

'રસોયો, ઘાટી તથા ભૈયાને એકએક નાની વીંટી અને દસદસ રૂપિયા આપ્યા છે; ને મને—એના સગ્ગા ભત્રીજાને એક હજાર…'

'તું તો રોજ ખિસ્સાખરચી માટે ય આથી વધુ ઉપાડી આવતો.'

'એ જ વાત છે ને ત્યારે. કાકા જરા બબડતા ખરા, પણ મને કદી રોક્યો નહોતો. અને હવે—?'

'બીજું કોઈ વારસદાર?' બ્રિજુએ પૂછ્યું.

સિગારેટને લહેકાથી ફેંકી દેતો ભરત બોલ્યો : 'એક છે–શર્મિષ્ઠા મહેતા. મારા કાકાની આશ્રિત છે. અમારા જ બંગલામાં રહે છે. બહુ જ માયાળુ છોકરી છે, પણ કાંઇક શાંત—બલકે, ઠંડી, એકાંતિક. એટલે જ કોઇ એનું મિત્ર બની શક્યું નથી. છેક બાળપણથી જ કાકા પાસે ઊછરી છે અને બાપ કરતાં પણ વધારે એમની સંભાળ રાખી છે. એને ય કાકાએ દસ રૂપિયા અને વીંટીની ઉદાર સખાવત આપી છે. કહે હવે, આ બધું વિચિત્ર નથી? મને એમ થાય છે કે મને પણ એટલો જ વારસો મળ્યો હોત તો સારું થાત, આપણે બંને બાદશાહીથી જમત અને વીંટી વેઈટરને ટીપમાં આપી દેત. ને પછી સાવ નિરાંત રહેત. આ હિસાબ રાખવાની તો ઝંઝટ મટત. હવે તું જ કહે જોઇએ, આ એક હજાર રૂપિયામાંથી હિસાબ રાખવા જેવું તે શું થઇ શકે?'

'એક હજાર! નહિ ઝાઝા, નહિ થોડા. બહુબહુ તો એક માણસ કોઈ સારી હોટલમાં બે ત્રણ માસ રહી શકે; કોઇક વળી પોતાની પ્રિયતમાને થોડું રીઝવી શકે,—જોકે એમાં તો એટલા પૂરા થાય કે કેમ તે યે શંકાસ્પદ. કોઇના મનમાં સખાવતનો જ પવન હોય તો હરકિસનદાસ ઑસ્પિટલમાં બાળકોને થોડા માસ દૂધ આપી શકાય, કે અંધશાળામાં એકાદ તકતી જેટલું દાન કરી શકાય. ઘરનો ફ્લૅટ હોય તો થોડું ફર્નિચર—પણ તે હર્રાજીમાંથી વસાવી શકાય. સૌથી સારું તો 'મિસ ઇન્ડિયા' 'કિશોરી' 'ટાયકુન' 'અલહિંદ' કે 'ચેતક' ઉપર મહાલક્ષ્મીમાં બેટિંગ કરીને તેમાંથી, જો નસીબ યારી આપે તો, સ્વર્ગસ્થની નજરમાં ઠીક કહી શકાય તેટલા બનાવીને જુહુ ઉપર બંગલો લઈ આરામથી રહી શકાય.'

'પણ આમાં તો કાંઈ નક્કી થતું નથી.' ભરત કંટાળીને બોલ્યો : 'મને તો એક ઝપાટે હજાર ખર્ચવાનો રસ્તો જોઇએ છે, કેમકે હિસાબ-

કિતાબ રાખવાનું આપણું કામ નહિ. તને ખબર છે ને કે મારે આનો 'હિસાબ' આપવાનો છે!'

'તો જો,' એક આંખ મીંચી લુચ્ચું હસી બ્રિજમોહન બોલ્યો: 'પેલી પ્રતિમાદેવી માટે એકાદ સારું હીરાજડિત પેન્ડન્ટ ખરીદી દે. એ બિચારી તારી તરફ બહુ માયા રાખે છે.'

'બહુ થયું હવે!' ભરત જતાંજતાં બોલ્યો: 'મને તો એમ કે તું કાંઈક સાચો રસ્તો બતાવીશ;—થાક્યો તારા આ લવારાથી.'

બહાર આવી એણે ફરી ટૅક્સી પકડી: 'મૉડર્ન થીએટરના સ્ટેજ એન્ટ્રન્સ ઉપર...'

પ્રતિમાદેવી પોતાના સુમધુર મુખ ઉપર કામદેવના ધનુષ્ય સમી ભમ્મરોને પેન્સિલથી 'ફાઇનલ ટચ' આપીને બહાર આવવાની તૈયારી કરતી હતી ત્યાં સ્ટેજ-બૉયે ભરત આવવાના ખબર કહ્યા. દરવાજા ઉપર આવતાં ભરત તેની મદીલી છટા જોઈ રહ્યો. 'અત્યારે તું ક્યાંથી? મારે હમણાં જ સ્ટેજ પર જવું છે. જો—'

'તારે હીરાનો પેન્ડન્ટ જોઈતો હતો ને? તે દિવસે શો-રૂમમાં તું મને નહોતી બતાવતી? અત્યારે મારી પાસે એકાદ હજાર રૂપિયા સુધીની સગવડ છે, તો—'

'હં!' જરા છણકો કરી તે બોલી: 'મારું પર્સ લાવ તો—'

કોણ જાણે કેમ, પણ તેને આ વાતમાં રસ જ ન પડ્યો!

'તું સ્ટેજ ઉપરથી છૂટે ત્યારે આપણે જઇએ.' ભરતે કહ્યું, 'મારે તુરતમાં જ બીજી ઍપૉઈન્ટમેન્ટ છે.'

પ્રતિમા બોલી: 'બુધવારે રાત્રે તું જલસામાં આવ્યો હતો ત્યારે મધુબાલાએ જે નેકલેસ પહેર્યો હતો તે તો તેં જોયો હશે, કાંઈ નહિ તો દસેક હજારનું એ હશે.' અને બેદરકારીથી તેનો પ્રસ્તાવ ઉડાવી દેતાં પ્રતિમાએ સ્ટેજ તરફ ડગ માંડ્યાં: 'જરા જો તો, પાછળથી પગ બહુ ઢંકાયા નથી ને? અહીં કોઇને સાડી પહેરાવતાં આવડતું જ નથી જાણે...' અને એના શબ્દો સ્ટેજની દિશામાં ડૂબી ગયા.

ભરત બહાર થોભાવેલી ટૅક્સીમાં બેસી ગયો. તેણે હવે શૂન્યમનસ્ક થઇને ડ્રાઈવરને જ પૂછ્યું: 'અરે, તને ક્યાંકથી એક હજાર રૂપિયા મળી જાય તો તું શું કરે!'

'ટૅક્સીનો છેલ્લો હપતો ભરી દઉં, જેથી આ ટૅક્સી મારી થઈ જાય. પાંચ વર્ષથી કોઇ ને કોઈ ખર્ચમાં આનો મેળ ખાતો જ નથી. ધીરનારને નકામો ભાગ આપવો પડે છે. પછી તો જે રોજી મળે તેમાંથી બચે ને કાંઈક સ્થિર થવાય....'

ભરત બોરીબંદર આગળ ઊતરી ગયો. સ્ટેશન ઉપર ઉતાવળથી જતાં રસ્તામાં પડેલો આંધળાનો ડબ્બો ઠેસમાં આવતાં દૂર ઊડી પડ્યો ને થોડા નવા પૈસા તેમાંથી વિખેરાઇ ગયા. ભરતને થોભવું પડ્યુ. એ બધું ભેગું કરી આંધળાને આપી તેમાં એકાદ દસકો તેણે ઉમેર્યો: 'માફ કરજો, ભાઈ! લ્યો આ તમારા પૈસા. ઉતાવળમાં મારાથી...'

'કાંઈ નહિ, બાપુ...'

'અરે તમને એક વાત પૂછું: તમને અચાનક એક હજાર રૂપિયા મળે તો તમે શું કરો?'

'તમે જ હમણાં ટૅક્સીમાંથી ઊતર્યા?' આંધળાએ પૂછ્યું.

'હા.'

'એક આંધળાની મજાક કરશો મા, બાપુ. પણ આ જુઓ—' કહી તેણે પોતાની ફાટેલી બંડીમાંથી એક મેલી ચોપડી કાઢી. સેવિંગ ઍકાઉન્ટની એ ચોપડીમાં ભરતે રૂપિયા ૨,૭૬૨-૭૮ જમા થએલા જોયા. મૂગામૂગા આશ્ચર્યથી ચોપડી આંધળાના હાથમાં મૂકી તુરત તે પાછો વળ્યો ને ટૅક્સીવાળાને ફરી બોલાવી રાઉન્ડ બિલ્ડિંગમાં 'મસલા ઍન્ડ વાયડા' સૉલિસિટર્સની ઑફિસે આવ્યો.

'માફ કરજો. મિ. મસલા.' ભરતે બારણામાંથી જ પૂછ્યું: 'પણ શર્મિષ્ઠાને દસ રૂપિયા અને વીંટી સિવાય કાંઈ મળ્યું છે?'

'ના.' મસલા વકીલ આ યુવાનને તુરત પાછો આવેલો જોઈ રહ્યા.

'મહેરબાની તમારી.' કહી ભરત તરત બહાર નીકળ્યો અને ટૅક્સી તેના સ્વર્ગવાસી કાકાના બંગલા તરફ વળી. મહિનાઓ સુધી પોતે હવે કદી આ મકાનમાં નહિ આવે. હા, કદાચ માંદો પડે ત્યારે દવાખાનું થઈ ગએલા આ બંગલામાં આવવાનું બને, પણ તે ય કદાચ...

શર્મિષ્ઠા દીવાનખાનામાં બેઠીબેઠી પત્રો લખતી હતી. એ નાની કુમળી તરુણી ઉપર હવે છત્ર નહોતું. એ ક્યાં જશે, શું કરશે, એનું હવે શું થશે? આવડી ઉમરમાં એના ઉપર પણ ઓછી વીતી? તેને જોતાં આવાઆવા વિચારો ભરતના મનમાંથી પસાર થઈ ગયા. તેની આંખોમાં એક નિર્દોષ મોહકતા હતી અને માયાળુતા તો છલોછલ ભરી હતી. ભરત તેની બાજુમાં બેઠો.

'હું આપણા વકીલો પાસેથી આવું છું. તમે તો વિલ વિષે જાણો છો એટલે ફક્ત વધારાની–પાછળથી માલૂમ પડેલી કાકાની ઇચ્છા તમને કહું.' અને મનોમન કાંઈક કાયદાની રીત ખોળતાં ધીમેધીમે બોલ્યો: 'કાકાને તમારા ઉપર માયા ઊપજી તે છેલ્લે તા.ક.માં રૂપિયા એક હજાર તમને આપવાનું કહી ગયા છે. તમને નવી નોકરી કે આશ્રય મળતાં સુધી એ તમને મદદગાર થશે. લો, વકીલોએ તમને આપવા માટે મારી સાથે મોકલ્યા છે.' કહી તેણે નોટોનો થોકડો ટેબલ ઉપર મૂક્યો.

શર્મિષ્ઠાના શાંત ચહેરા ઉપર ખુશી ફરી વળી. આશ્ચર્યથી એ બોલી: 'શું? ખરેખર!' ભરત ત્રાંસી આંખે એને જોઈ રહ્યો.

'હું ધ રું છું કે...' થોડી વારે અચકાતોઅચકાતો ભરત બોલ્યો: 'તમે...તમે જાણો છો, હું તમને ખૂબ ચાહું છું.'

પૈસા પર્સમાં મૂકતાંમૂકતાં તેણે સહેજ ઊંચું જોયું, 'એ ઠીક કહેવાય નહિ.' આ શબ્દો બહુ નિર્ભયતાથી એ બોલી. બીજી યુવતીઓ જેવી લુચ્ચાઈ એની આંખોમાં નહોતી.

'કેમ, એમાં વાંધો શો છે?' હળવાશથી ભરત બોલ્યો.

'કાંઈ નહિ, પણ હું...... મને માફ કરો.' તેણે મક્કમતાથી ઉમેર્યું: 'હું દિલગીર છું—આઈ એમ વેરી સૉરી!'

'ઓ. કે. મને જરા એક કાગળ આપશો?' હસીને સ્વસ્થતા સંભાળી લેતો તે બોલ્યો: 'મારે થોડો હિસાબ આપવો છે.'

કાગળ લઈ દૂરના ટેબલ પાસે બેસી જરા વિચારી તેણે લખ્યું: 'એક ઉડાઉ અને સ્વચ્છંદી વારસ ભરતની ભેટ: રૂપિયા એક હજાર પૂરા: પોતાને સૌથી વહાલી એ સુંદર યુવતી શર્મિષ્ઠાને સ્વર્ગના દેવો અખંડ સુખ બક્ષે એ મહેચ્છા સાથે.'


ચિઠ્ઠી કવરમાં મૂકી તેના ઉપર 'મસલા ઍન્ડ વાયડા' સૉલિસિટર્સનું સરનામું કરીને, શર્મિષ્ઠા તરફ મીઠું હસી ભરતે ચાલતી પકડી.

ટૅક્સી રાઉન્ડ બિલ્ડિંગ પર આવી. 'આ પેલા હજાર રૂપિયાનો હિસાબ!' કવર ટેબલ પર ફેંકતાં ભરત બોલ્યો: 'ગરમી બહુ પડે છે, મિ. મસલા. જુઓને આ બે જ કલાકમાં એક હજાર ઓગળી ગયા!'

પરંતુ એ કવરને હાથ સરખો પણ લગાડ્યા વિના મિ. મસલાએ બાજુની રૂમમાંથી પોતાના ભાગીદાર મિ. વાયડાને બોલાવ્યા. બંનેએ સાથે મળીને તિજોરી ઉઘાડી અને તેમાંથી એક સીલબંધ કવર કાઢ્યું. તેનું સીલ તપાસી કાળજીથી તોડ્યું અને બંને જણ અંદરોઅંદર વાંચવા માંડ્યા: જાણે ભરત સામે બેઠો છે તે પણ એ ઘડીભર ભૂલી ગયા હોય તેમ. પછી થોડી વારે વાયડાએ બોલવાનું શરૂ કર્યું. (અનુ. પૃ. ૧૮૩)

શુક્ર ભણી એક કદમ પાયોનિયર-૫

લેખક • ગિરીશ દેસાઈ



અવકાશમાં પાયોનિયર-૫નો ભ્રમણમાર્ગ: ૯ ઑગસ્ટે પાયોનિયર-૫ શુક્રની કક્ષાની એકદમ નજીક હશે. આકૃતિમાં શુક્ર અને પૃથ્વીની કક્ષાઓ એટલી બધી લંબગોળ બતાવવામાં આવી છે કે શુક્ર અને પૃથ્વી વચ્ચે ઘણું અંતર લાગે છે. વાસ્તવમાં એમ નથી. પાયોનિયર-૫ની કક્ષા પણ પૃથ્વીની કક્ષાની સમાંતર જ હશે.

સૂર્યમંડળમાં શુક્ર સૌથી રહસ્યમય ગ્રહ છે. ૨૦૦ ઇંચનો વ્યાસ ધરાવતું માઉન્ટ પેલોમાર વેધશાળાનું દૂરબીન પણ એની સપાટીનાં રહસ્યો ઉકેલવાને શક્તિમાન નથી. પૂર્વ અને પશ્ચિમ આકાશમાં ઋતુ મુજબ ઉષા ને સંધ્યાને સમયે ચમકતો એ ગ્રહ આજકાલ વૈજ્ઞાનિકોનું ખૂબ જ ધ્યાન ખેંચી રહ્યો છે. મંગળની 'નહેરો'એ જેટલાં કુતૂહલ ને વિવાદ વૈજ્ઞાનિકોમાં જગાડ્યાં હતાં એથી યે વધુ ઉત્કંઠા અને વિવાદ શુક્રના રહસ્યે વૈજ્ઞાનિકોમાં જગાડ્યાં છે.

શુક્રનું એ રહસ્ય ઉકેલવાની દિશામાં સૌથી પ્રથમ કદમ અમેરિકાએ માંડ્યું છે. ૧૧મી માર્ચે કેપ કૅનેવરલ પરથી ૯૦ ફૂટ ઊંચું એક રૉકેટ શુક્ર ભણી છોડવામાં આવ્યું. કલાકના ૨૪૮૬૧ માઇલની ઝડપ પકડીને એ પાયોનિયર-૫ અવકાશમાં અદૃશ્ય થઇ ગયું. પરતુ, પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ છોડ્યા બાદ તેની ઝડપ ઘટીને કલાકના ૭,૬૬૧ માઈલ જેટલી થઈ ગઇ, ને ધારણા પ્રમાણે હજી ૫૪૫૪ માઈલ થઈ જશે.

અત્યારે અવકાશમાં 'લ્યૂનિક' અને 'પાયોનિયર-૪' પણ ફરી રહ્યાં છે. પરંતુ પાયોનિયર-૪ અને પાયોનિયર-૫ વચ્ચે ફરક એ છે કે પ્રથમ રૉકેટ પૃથ્વી અને મંગળ વચ્ચેના અવકાશમાં ભ્રમણ કરે છે, જ્યારે પાયોનિયર-૫ શુક્ર અને પૃથ્વી વચ્ચેના અવકાશમાં ભ્રમણ કરશે. તે શુક્ર અને પૃથ્વી વચ્ચેના અવકાશ વિષે માહિતી મેળવશે.

શુક્ર અંગે વૈજ્ઞાનિકો આટલી ઇંતેજારી કેમ સેવે છે? નીચેનો કોઠો જોતાં એ હકીકત તરત જ સમજાશે.

	શુક્ર	પૃથ્વી	મંગળ
૧ સૂર્યથી અંતર (માઇલમાં)	૬ કરોડ ૭૨ લાખ	૯ કરોડ ૩૦ લાખ	૧૪ કરોડ ૧૫ લાખ
૨ વ્યાસ (માઇલમાં)	૭૫૭૬	૭૯૧૮	૪૨૧૬
૩ સૂર્યની આસપાસ ભ્રમણ કરવાનો સમય (દિવસમાં)	૨૨૪$\frac{3}{4}$	૩૬૫$\frac{1}{4}$	૬૮૭
૪ ઘનતા (પૃથ્વીને મુકાબલે)	૦·૯૪	૧·૦	૦·૭૧

હકીકતમાં વ્યાસ તથા ઘનતાને હિસાબે શુક્ર મંગળ કરતાં પૃથ્વીને વધુ મળતો આવે છે. તેમજ પૃથ્વી અને શુક્ર વચ્ચે જેટલું ઓછામાં ઓછું અંતર રહે છે તે કરતાં પૃથ્વી અને મંગળ વચ્ચેનું ઓછામાં ઓછું અંતર વધુ હોય છે. આમ છતાં એ શુક્રનાં કેટલાંક રહસ્યો હજી અણઉકલ્યાં છે. (૧) શુક્રનો પોતાની ધરી પર ફરવાનો સમય હજી સુધી નક્કી નથી કરી શકાયો. (૨) શુક્રના વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ વધુ હોવાનું માલૂમ પડ્યું છે, જેથી વૈજ્ઞાનિકો એમ માને છે કે તેની સપાટીનું ઉષ્ણતામાન પાણીના ઉત્કલનબિંદુ (૧૦૦°સે. અથવા ૨૧૨° ફે) કરતાં વધુ છે. જ્યારે બીજો મત એવો છે કે તે એકદમ ઠંડો છે અને તેની સપાટી પર બરફ જામી ગયો છે. તેના વાતાવરણમાં કયાં તત્ત્વો છે તે અનિર્ણીત છે. એ ઘટ્ટ વાતાવરણ જ ૨૦૦ ઇંચ વ્યાસના ટેલિસ્કોપની દૃષ્ટિને તેની સપાટી સુધી પહોંચતાં રોકે છે.

પાયોનિયર-૫ વડે આ દિશામાં પ્રથમ પગલું મંડાયું છે. જોકે તે અવકાશમાં ૧૫૦ દિવસની મુસાફરી કર્યા બાદ સૂર્યથી ૭ કરોડ માઈલને અંતરે રહીને તેની પ્રદક્ષિણા કરવાનું શરૂ કરશે. આ હિસાબે તેની અને શુક્ર વચ્ચે નહિ નહિ તો ૭૦ લાખ માઇલનું અંતર રહેશે. માટે પાયોનિયર-૫ શુક્ર માટેની માહિતી પૂરી નહિ પાડે, પરતુ પૃથ્વી અને શુક્ર વચ્ચેના અવકાશની કંઇક વિશિષ્ટતા છે કે નહિ તે હકીકત જણાવશે. આ ઉપરાંત ૨૪"નો એ ગોળો એ પણ જણાવશે કે ૫ કરોડ માઇલ દૂરથી રેડિયો-સંદેશ પૃથ્વી પર આવી શકે કે નહિ. આ પ્રકારના રેડિયોસંદેશ મોકલવા માટે તેમાં બે પ્રકારનાં ટ્રાન્સમિટર ગોઠવવામાં આવ્યાં છે: એક ૫ વૉટનું અને બીજું ૧૫૦ વૉટનું. અત્યારે ૫ વૉટનું ટ્રાન્સમિટર કાર્ય કરી રહ્યું છે. તેણે ૪,૧૨,૦૦૦ માઈલના અંતરેથી સંદેશ મોકલીને એક વિક્રમ સ્થાપ્યો છે. આ પહેલાં પાયોનિયર-૪એ ૪,૦૭,૦૦૦ માઈલના અંતરેથી સંદેશ મોકલ્યા હતા. ૧૫૦ વૉટનું ટ્રાન્સમિટર ત્યારે જ ચલાવવામાં આવશે કે જ્યારે ૫ વૉટનું ટ્રાન્સમિટર બંધ પડશે. આ ટ્રાન્સમિટર ૫ કરોડ માઇલને અતરેથી પૃથ્વી પર સંદેશા મોકલી શકે એટલું શક્તિશાળી છે. આટલા અંતરેથી રેડિયો-સંદેશને (સેકંડના ૧ લાખ ૮૬ હજાર માઈલની ઝડપને હિસાબે) પૃથ્વી પર આવતાં ૪$\frac{1}{2}$ મિનિટ લાગશે.

પરંતુ એ ટ્રાન્સમિટરોને શક્તિ ક્યાંથી મળશે? પાયોનિયરની બહાર ૧૮ ઇંચ લાંબી, ૧૪ ઇંચ પહોળી અને ૯૪·૮ રતલની ચાર 'પૅડલવ્હીલ' પ્રકારની સૌર બૅટરીઓ લગાડી છે. આ પ્રકારની બૅટરીને લીધે રૉકેટ ઘણા લાંબા સમય સુધી સંદેશાઓ મોકલી શકશે.

તે કયા કયા સંદેશાઓ મોકલશે? પૃથ્વી ને શુક્ર વચ્ચેના અવકાશની પાંચ મુખ્ય બાબતો (૧) બ્રહ્માંડ-કિરણોની શક્તિ, (૨) અવકાશનું ચુંબકીય ક્ષેત્ર, (૩) અવકાશમાં ભટકતાં 'પ્લાઝ્મા'નાં વાયુવાદળો અંગેની માહિતી, (૪) લઘુ ઉલ્કાકણો અંગેની માહિતી, અને (૫) સૂર્યની જ્વાળાઓ—વિષે એકઠું કરેલું જ્ઞાન પૃથ્વી પર પહોંચાડશે.

આ પ્રકારે લાંબા અંતરેથી રેડિયો-સંદેશ મેળવવા પાછળનો બીજો ઉદ્દેશ એ પણ છે કે ગ્રહો-ગ્રહો વચ્ચેનું તથા ગ્રહો અને સૂર્ય વચ્ચેનું સાચું અંતર કેટલું છે તે નક્કી કરી શકાય.

પાયોનિયરનું સંચાલન રેડિયો દ્વારા પૃથ્વી પરથી થઈ શકે એવી વ્યવસ્થા છે. તેનાં ટ્રાન્સમિટરો પણ નિયત સમયે સંદેશાઓ મોકલશે.

અમેરિકાના પ્રયત્નો છતાં રશિયા કેમ ચૂપ છે? સંભવ છે કે ૧૦ જાન્યુઆરી ૧૯૬૧ને દિને જ્યારે શુક્ર પૃથ્વીની એકદમ નજીક આવશે ત્યારે તેના વૈજ્ઞાનિકો કંઇક નવીન કદમ ઉઠાવે. આ કદમ અમેરિકાના પ્રયાસને આંબી જાય તો નવાઇ નહિ. પરંતુ આ કદમ વધુ વૈજ્ઞાનિક માહિતી મેળવવા માટે જ હશે એવી આશા આપણે રાખીએ.

એશિયાની તેજસ્વી દીવાદાંડીમાં તેની ગણના કરાવે એવો શક્તિશાળી


દ્વારકાની દીવાદાંડીનો દીવ


દીવાદાંડીનો ઇતિહાસ અદ્ભુત છે. માણસ જ્યારથી દરિયાઈ માલમાત શીખ્યો ત્યારથી જળમાર્ગમાં નડતા અંતરાયો પર, ચેતવણી મળે એ અર્થે તેણે દીવાદાંડીઓ ઊભી કરવા માંડેલી. પૌરાણિક જગતની સાત અજાયબીઓમાં અઢી હજાર વર્ષ પહેલાં ઇજિપ્તના ફૅરૉ ટૉલેમી બીજાએ બંધાવેલી દીવાદાંડીની ગણના પણ થાય છે. ફૅરૉ-ની એ વિખ્યાત દીવાદાંડી પરથી અંગ્રેજીમાં દીવાદાંડી બનાવવાના શાસ્ત્રને 'ફૅરૉલૉજી' પણ કહે છે. આમ, દીવાદાંડી, સદીઓથી પોતાના પ્રકાશબિંબ વડે દરિયાના પાણીમાં છુપાએલા ભયંકર ખડકો પ્રત્યે જહાજીઓનું ધ્યાન દોરી તેમનું રક્ષણ કરતી આવી છે, અને અત્યારે તો માણસો આવી ઘણી દીવાદાંડીઓ પર હવામાનના અભ્યાસ માટેનાં કેન્દ્રો સ્થાપીને પણ તેનો બેવડો લાભ લઈ રહ્યા છે.

પૃથ્વી પર આજે સહેજે છ હજાર જેટલી દીવાદાંડીઓ ઝબૂકે છે; ને સાગર કંઠારવાળું દરેક રાષ્ટ્ર પોતાના કિનારાની વિકાસયોજનાઓ દ્વારા આ આંકડાને હજી આગળ વધારી રહ્યું છે. ભારત પણ સ્વતંત્ર થયા પછી પોતાનાં બંદરોના વિકાસ સાથે જૂની દીવાદાંડીઓમાં અનેક નવા સુધારાવધારા તથા જરૂરી સ્થળોએ નવી દીવાદાંડીઓની સ્થાપના કરી પોતાની કંઠારને સમૃદ્ધ બનાવી રહ્યું છે. આ માટે 'દીવાદાંડી અને જલદીપ-જહાજ'નું એક આખું ખાતું આપણે ત્યાં છે. શ્રી એસ. કે. લાહિરી તેના ડાયરેક્ટર જનરલ છે. આ ખાતાની એક લાંબા ગાળા યોજના દ્વારા ભારતની દીવાદાંડીઓને આધુનિક સાધનોથી સજ્જ કરવા તથા તેની સંખ્યા વધારવાનો ખાસ કાર્યક્રમ ચાલે છે.


એ કાર્યક્રમમાં દીવાદાંડીઓની સાધનસામગ્રી, જલદીપ-જહા તથા બોયાં બનાવનારી બ્રિટનની એક મોટામાં મોટી પેઢી 'સ્ટો ચાન્સ લિમિટેડ'નો પણ ઘણો હિસ્સો છે. લગભગ એક સદીથી ચાલ એ પેઢીનો દાવો છે કે પૃથ્વી પરનો કોઈક જ ભાગ એવો રહ્યો હશે જ્યાં તેણે દીવાદાંડીના મિનારાઓ, ફૉગ સિગ્નલ્સ ને વિદ્યુતપ્રવાહ ચાલતા દીવાદાંડીના દીવા વગેરે વિવિધ સામગ્રી ન આપી હોય.

દીવાદાંડીમાં સૌથી અગત્યનો ભાગ એ તેનો દીવો તથા એ દીવ ના પ્રકાશને પરાવર્તિત કરતું ત્રિપાર્શ્વ કાચનું અંડાકાર માળખું છે. (જુઓ સાથેનું ચિત્ર) એને 'ઑપ્ટિક' કહે છે. એમાંનો ત્રિપાર્શ્વ કાચનો પ્રત્ સળિયો અંદર મૂકેલા દીવાના પ્રકાશને ઝીલી, તેને વધુ ને વધુ પ્રમાણ પરાવર્તિત કરી શકે છે કે નહિ તે ખાસ જોવું પડે છે. એને માટે એ ખાસ પ્રકારનો કાચ વપરાય છે, અને તે દરેક સળિયાને ચોક્કસ વળ આપવા તથા પહેલ પાડવામાં ખૂબ જ ચીવટ રાખવી પડે છે. ર પ્રત્યેક સળિયો અંદરનો પ્રકાશ પરાવર્તિત કરીને જ્યારે બહાર ફેંકે ત્યારે તે પ્રત્યેક કિરણ એકબીજા સાથે ભળી જઇને એક અતિ તેજસ્





દ્વારકાની દીવાદાંડીના દીવા–ઑપ્ટિકને ફરતું રાખનારું ઘડિયાળ જેવું યંત્ર. દીવાદાંડીમાં લટકાવેલા વજનથી મળતા ચાલક બળ વડે તેને ગ મળશે. જમણી બાજુ દીવાદાંડીનું ઑપ્ટિક. કોઈ આકસ્મિક કારણે અંદરનો દીવો બુઝાઈ જાય તો તેને સ્થાને અનામત રાખેલો બીજો દી આપમેળે ગોઠવાઇ જઈ પ્રકાશ રેલાવવા લાગી જાય તેવી તેમાં ખાસ રચના છે. સાફ હવામાનમાં તેનો પ્રકાશ ૪૫ માઈલ દૂરથી પણ દેખાશે



દીવાદાંડીનો દીવો એ માણસની શોધક બુદ્ધિનો એક ઉમદા નમૂનો છે. એ દીવો એટલે અંદર બળતો મૂળ ખરો દીવો, ઉપરાંત, તેના પ્રકાશને પરાવર્તિત કરતું, અમુક ચોક્કસ ગણતરીએ મૂકેલી ત્રિપાર્શ્વ કાચની સળીઓનું પાંજરા જેવું માળખું. એ બંને મળી એ દીવો થાય.

અંદર બળતો દીવો તેલ, ગૅસ કે વીજળી, ગમે તેનો હોઈ શકે. તેના પ્રકાશને ત્રિપાર્શ્વ કાચનું માળખું પરાવર્તિત કરી મૂળ દીવા કરતાં અનેકગણું પ્રકાશિત એક બિંબ રચે છે. માઇલો દૂરથી દેખાતો દીવાદાંડીનો પ્રકાશ તે આ બિંબ જ. કેટલીક દીવાદાંડીઓમાં દીવા સહિતનું આ આખું માળખું ફરતું રહે છે, ત્યારે કેટલીકમાં તેને ઢાંકતું આવરણ જ માત્ર ફરે છે ને દીવો સ્થિર રહે છે. આ આવરણમાં બારીઓ હોય છે. જે દિશામાં એ બારી જાય એ તરફથી પ્રકાશ બહાર ફેંકાય છે.

આ પ્રકાશબિંબ એકધારું ચારે તરફ કે એક દિશામાં ન ફેંકાતાં અમુક ચોક્કસ સમયના અંતરે રહીરહીને બહાર પડે તેવી દીવાદાંડીમાં યાંત્રિક રચના હોય છે. આ રચના પ્રત્યેક દીવાદાંડીમાં અલગઅલગ હોય છે, એટલે અંધારી રાત્રે પણ માઇલો દૂરથી એ ચોક્કસ રીતે થતા ઝબકારા જોઈ જહાજી સમજી જાય છે કે એ કઈ દીવાદાંડી છે.

દીવાને નિશ્ચિત કરેલી આ ગતિએ ફરતો રાખવા ઘડિયાળ જેવા યંત્રની વ્યવસ્થા હોય છે. અને વજનના બળે ચાલતાં આ યંત્રોને ફરી 'ચાવી આપવાની' થાય ત્યારે તેની આપોઆપ જાણ થાય તેવી ગોઠવણ હોય છે. ફરતા દીવાને ઘસારો ન લાગે તેટલા સારુ તેને પારા પર તરતો રખાય છે. દીવાના રક્ષણ સારુ જાડા કાચની દીવાલ અને તેની ચોમેર પાછી લોખંડી જાળી પણ હોય છે. વળી તોફાનમાં આકાશી વીજળી સામે રક્ષણ મેળવવા જમીનમાં ઉતારેલી તાંબાની પટ્ટીનો છેડો પણ દીવાદાંડીની ટોચે જોવા મળે છે. દીવાદાંડીના આ દીવાનું કદ સોળસોળ ફૂટના વ્યાસ જેટલું તોતિંગ હોઇ શકે.

પ્રકાશબિંબ રચાય છે. માઇલો દૂરથી દીવાદાંડીનો પ્રકાશ તે આ બિંબ જ. આ ઑપ્ટિક એટલું શક્તિશાળી હોય છે કે તેના કેન્દ્રમાં મૂકેલા માત્ર એક કિલોવૉટના દીવાના પ્રકાશને તે દસ લાખ કરતાં પણ વધુ કૅન્ડલપાવર જેટલો પ્રકાશિત બતાવી શકે. આ રીતે, જો હવામાન સ્વચ્છ હોય અને દીવાદાંડીની ઊંચાઈ પૂરતી હોય તો, ૩૦ થી ૪૦ માઇલ દૂરથી પણ એ પ્રકાશ સ્પષ્ટ જોઈ શકાય.

ભારતની દીવ દાંડી-સુધારણાની યોજના અનુસાર તાજેતરમાં જ ઉપર્યુક્ત પેઢીએ દ્વારકાની દીવાદાંડી માટે ૨૨,૨૦૦ પા.(લગભગ રૂ. ૨,૯૪,૧૫૦થી વધુ)નેખર્ચે તેર ટન વજનનો એક નવો દીવો તૈયાર કર્યો છે. છેલ્લે તેણે તૈયાર કરેલા દીવાઓમાં એ સૌથી મોટો છે ને સમગ્ર એશિયાની વધુમાં વધુ તેજસ્વી દીવાદાંડીઓમાં એની ગણના થાય એટલો શક્તિશાળી છે.આ જ પેઢીએ છેલ્લાં છએક વર્ષમાં લગભગ એક ડઝન જેટલા દીવા ભારતને આપ્યા છે.ભારત સાથેનો તેનોવ્યવહાર આ સદીની શરૂઆતથી જોડાએલો છે. એ વખતે ભારત તેની પાસેથી દીવાદાંડીઓના તેલથી બળતા દીવા લેતું. ઈ. સ. ૧૯૩૦માં મુંબાઇની દક્ષિણે જયગઢની દીવાદાંડી માટે તેલના દીવા સાથે એ દીવાદાંડીનું આખું લોખંડી માળખું પણ આ પેઢીએ જ તૈયાર કરી મોકલેલું.

કદાચ નવાઇ લાગશે પણ વીજળીના આ જમાનામાં યે જગતની ઘણી દીવાદાંડીઓમાં તેલથી બળતા દીવા જ વપરાય છે! અલબત્ત, તેનાં કેટલાંક કારણો છે. ઘણી દીવાદાંડીઓ દૂર દરિયામાં કે કોઇ ઊંચા ખડક પર એવી જગ્યાએ હોય છે કે જ્યાં વીજળી સરળતાથી પહોંચાડી ન શકાય. વળી, વીજળીના દીવાની યાંત્રિક રચના પણ તેલના દીવાની રચના કરતાં ઘણી અટપટી તથા સતત દેખભાળ માગી લેતી હોય છે.

દ્વારકાની દીવાદાંડીનો આ નવો દીવો સ્થાનિક વીજળીથી બળશે. વળી જગતભરનીદીવાદાંડીઓને માટેદરેકનાઝબકારાની ખાસસંજ્ઞાઓ નક્કી કરી હોય છે. એને માટે એક આંતરરાષ્ટ્રીય ખાતું ચાલે છે. અમુક ખાસ સમયને આંતરે અને સૌસૌની નક્કી કરેલી વિશિષ્ટ સંખ્યા અનુસાર એ ઝબકારા થતા હોય છે, અને તે સમજીને રાત્રે પણ માઇલો દૂરથી જહાજીઓ જાણી શકે છે કે પોતે કઈ દીવાદાંડીની નજીક અને એ રીતે કયે સ્થળે આવી પહોંચ્યા છે. દ્વારકાનો દીવો પણ આ રીતે પોતાની ખાસ સંજ્ઞાથી ઝબૂકશે. તેનો ૩૫૦૦ વૉટનો મૂળ પ્રકાશ બે બિંબમાં પરાવર્તિત થશે. એ બંને બિંબ ૫૧,૦૦,૦૦૦ કૅન્ડલ પાવર જેટલાં પ્રકાશિત હશે. દર વીસ સેકંડે તેના બે ઝબકારા થતા રહેશે તથા સાફ હવામાનમાં લગભગ ૪૫ માઇલ દૂરથી તે સ્પષ્ટ જોઈ શકાશે.

પ્રકાશબિંબના આ ઝબકારાની નિયમિતતા જાળવી રાખવા ઑપ્ટિકને ખાસ બૉલબૅરિંગ પર ગોઠવવામાં આવે છે. ઘણી અદ્યતન દીવાદાંડીઓમાં તો આ ઑપ્ટિકને પારા પર તરતું રાખવામાં આવે છે. એથી તે વર્ષો સુધી ફરતું રહેવા છતાં તેને નહિવત જ ઘસારો લાગે છે. દ્વારકાની દીવાદાંડીનું આ નવું ઑપ્ટિક પણ આ પ્રકારનું જ છે. આ ઉપરાંત, જગતની અન્ય આધુનિક દીવાદાંડીઓની પેઠે આમાં પણ એક વધારાના દીવાની સગવડ છે. મૂળ દીવો કામ કરતો અટકી જાય તો એ જ વખતે આ દીવો આપોઆપ તેનું સ્થાન લઈ લે છે વળી, ક્યારેક સ્થાનિક વીજળીમાં કંઇ પણ ભંગાણ આવી પડે તો આ દીવા સાથે એક ડીઝલ જેનરેટરની પણ વ્યવસ્થા છે. એ પણ જરૂર પડયે આપમેળે જ કામ કરતું થઈ જઈ દીવાદાંડીના દીવામાં તથા ત્યાં રહેતા અધિકારીના આવાસમાં વીજળી પૂરી પાડશે.

૬ઠ્ઠું રાષ્ટ્રીય કલાપ્રદર્શન અને તેના ત્રણ પુરસ્કારવિજેતાઓ

લેખક જ્યોતિ ભટ્ટ

થોડા જ સમય પહેલાં ફ્રાન્સમાં ભરાએલ આંતરરાષ્ટ્રીય 'પારીસ બાઇએનાલ' (Paris Biannale)માં ભારત તરફથી મોકલાએલી પાંચમાંથી ત્રણની પસંદગી થઇ હતી: વડોદરામાં રહી અભ્યાસ-સાધના કરતા યુવાન કલાકારોની કલાકૃતિઓની, બે શિલ્પ ને એક ચિત્રકૃતિની. (આ પ્રદર્શનમાં ૩૫ વર્ષની અંદરની ઉમરના કલાકારોના જ કામનો સમાવેશ કરવામાં આવેલો.) યોગાનુયોગે આ વર્ષે દિલ્હીમાં ભરાએલા છઠ્ઠા રાષ્ટ્રીય કલા-પ્રદર્શનમાં જાહેર કરાએલા પાંચ પુરસ્કાર–વિજેતાઓમાંથી પણ ત્રણ તો વડોદરાના જ, ફાઇન આર્ટ્સ કૉલેજના વિદ્યાર્થીઓ છે. એ પૈકી એક ચિત્રકલાનો અભ્યાસ કરે છે અને બે શિલ્પનો.

'લલિતકલા અકાદમી'

આ રાષ્ટ્રીય કલાપ્રદર્શનમાં આ સમયે તેમજ આ પહેલાં પણ વારંવાર વડોદરાની ફાઇન આર્ટ્સ ફૅકલ્ટી (લલિતકલા મહાવિદ્યાલય)-ના વિદ્યાર્થીઓ પુરસ્કાર મેળવતા આવ્યા છે, તેને લઇને એક જાતની ગેરસમજ ઊભી થતી લાગી છે; કેમકે ઘણી વખત એવું પૂછવામાં આવ્યું છે કે 'એ આંતર–મહાવિદ્યાલય–વિદ્યાર્થીઓ (Inter University Students)ને માટે યોજાએલ કોઈ પ્રદર્શન કે પ્રતિયોગિતા છે કે શું?'

ભારતમાં ત્રણ રાષ્ટ્રીય અકાદમીઓ છે: લલિતકલા, સાહિત્ય અને સંગીત–નાટક અકાદમી. એ પૈકીની લલિતકલા ૧૯૫૪માં શરૂ થઇ.

સ્વ. મૌલાના આઝાદના શબ્દોમાં કહીએ તો 'દેશભરના બધા જ કલાકારોને પ્રેરણાદાયક સંયોગો ઊભા કરવા માટે, આપણો અણમોલ કલાવારસો સાચવવા માટે, તથા તે પ્રણાલીઓને નવા કલાકારોના કામ દ્વારા વધારે સમૃદ્ધ બનાવવા અને જનસમુદાયની કલા તરફની અભિરુચિનું ધોરણ ઊંચું અને શુદ્ધ કરવા માટે' તે સ્થપાએલી.

આ વર્ષે તો પ્રદર્શન માટે મોકલાએલી કૃતિઓએ 'રેકૉર્ડ બ્રેક'(વિક્રમ) કર્યો છે—ચિત્રવિભાગમાં ૧,૩૭૪ ને શિલ્પવિભાગમાં ૭૧. આમાંથી અનુક્રમે ૧૦૪ અને ૨૨ કૃતિઓ જ પ્રદર્શિત થવા પામી હતી.

આ અકાદમીનાં જુદાજુદા કાર્યક્રમોમાંનો એક તે ઉપર જણાવેલું પ્રદર્શન છે. દર વર્ષે દિલ્હીમાં તે યોજાય છે અને તેમાં ભારતના લગભગ બધા જ નાનામોટા કલાકારો ભાગ લે છે. (જોકે પસંદગી કરનાર સમિતિની ચાળણીમાંથી ચળાઇને નીકળેલી કલાકૃતિઓ જ પ્રદર્શિત કરાય છે.) આમાં 'વિદ્યાર્થી' કે 'ધંધાદારી' કે એવા કોઇ કલાકારોના વિભાગો નથી. આખા પ્રદર્શનમાંથી વધારેમાં વધારે દસ કૃતિઓ તેની



ત્રણ કલાગુરુઓ
શ્રી જગુભાઈ શાહ, પ્રા. શ્રી બેન્દ્રે, પ્રા. શ્રી ચૌધરી

ગુણવત્તાને આધારે પસંદ કરાય છે અને તેના કર્તાઓને રાષ્ટ્રપતિને હાથે (તેઓ આ અકાદમીના પ્રમુખ છે)પારિતોષક એનાયત કરવામાં આવે છે.

આ વર્ષના એવા જે પુરસ્કાર-વિજેતાઓનો ઉલ્લેખ ઉપર કર્યો છે તેઓ છે સર્વશ્રી નરેન્દ્ર પટેલ (શિલ્પી), હિમ્મત શાહ (ચિત્રકાર) અને રજનીકાન્ત પંચાલ (શિલ્પી).

શ્રી જગુભાઈ શાહ

'કુમાર'ના વાચકોને એક નામ તો યાદ હશે: શ્રી જગુભાઇ (જગજીવન) શાહનું. આ 'ડાળ્યું કાઢેલાં અને પાંદડાં ફૂટેલાં ઝાડવાં જેવા' બંને કલાકારો–નરેન્દ્ર ને હિમ્મત–નું સૌથી પહેલું કલાનું બી વાવનાર માળી છે એ જગુભાઇ. ભાવનગરની ઘરશાળા નામની સંસ્થામાં એ જોડાએલા તો માત્ર ચિત્રશિક્ષક તરીકે જ, પણ વિદ્યાર્થીઓ તેમજ સંસ્થા પ્રત્યેના એમના અદમ્ય પ્રેમને કારણે સવારથી તે મોડી સાંજ સુધી તેઓ ઘરશાળાના કલાવર્ગમાં—કહી શકું?—કે પડ્યાપાથર્યા જ રહેતા. એ કહેતા કે 'મારા બધા જ વિદ્યાર્થીઓ ચિત્રકાર થઈ જશે એવું તો હું નથી માનતો, પણ તે વિદ્યાર્થીઓ દાક્તર બને, ઇજનેર બને, શિક્ષક બને કે જીવનના ગમે તે ક્ષેત્રમાં જાય, તો પણ તેમને મળેલી કલાસૂઝ તેમનો સાથ નથી જ છોડવાની, અને તે સૂઝ તેમની જિંદગીને શુષ્ક બની જતી અટકાવનાર જરૂર બનશે.'

પોતાના એ ઝીણકા, ટાબરિયાં જેવા વિદ્યાર્થીઓ જાણે મોટા કલાકારો જ ન હોય તેવી રીતે જ તેઓ હમેશાં વર્તે. સંસ્થાના (ઘરશાળાના) પ્રમુખ સાથે તેમને હમેશ મીઠો ઝગડો ચાલ્યા જ કરતો. પોસાય કે ન પોસાય, નિયમ હોય તો યે શું ને ન હોય તો યે કોને પરવા હતી, પણ પ્રમુખ પાસેથી ખાસ પરવાનગી અને 'બજેટ' મંજૂર કરાવીને દર વર્ષે શાળાની થાંભલીઓ, દીવાલો, પરસાળ તથા સંમેલન-ગૃહ બધી જ જગ્યા ભીંતચિત્રો તેમજ રંગોળીથી એમના એ નાનકડા કલાકારોને હાથે હરીભરી કરાવી દેતા. મારા અનુભવે કહી શકું કે જગુભાઈનાં એ 'ટાબરિયાં' જે હિંમતથી ભીંતો ચીતરતા એટલી હિંમતથી તો બહુ થોડા અને તે પણ રીઢા થઈ ગએલા કલાકારો જ કામ કરી શકે છે. અને તેમની આ પ્રવૃત્તિઓ માત્ર શાળા પૂરતી જ મર્યાદિત નો'તી. ધ્રાંગધ્રા, શિહોર અને લીમડીમાં ભરાએલાં કૉન્ગ્રેસનાં નાનાં અધિવેશનોમાં પણ તે ઉપર જણાવેલું ટીંગર લઇને પહોંચી જતા ને ત્યાં રંગોળી, ગોખલા, દરવાજા, પોસ્ટર બધું જ તેઓ કરતા–કરાવતા. બિલકુલ અવેતન ધોરણે, ને કદાચ સામેથી ચાલીને માગી લીધેલું એવું આ બધું કામ હતું. તેમની શરત માત્ર એ રહેતી કે એમની સૌની મુસાફરી તથા રહેવા–ખાવા વગેરેની સગવડ ખાસ અલાયદી જ રહે.

સાચા શિક્ષક એવા એ જગુભાઇએ હમેશાં વિદ્યાર્થીઓની સર્જનશક્તિ ખીલવવાનો જ હેતુ રાખેલો. કલાશિક્ષણ અંગેના કોઈ પણ જડ (ઍકૅડેમિક) નિયમોને વળગી ન રહેતાં પોતાની આગવી રીતે જ તેઓ કામ કર્યા કરતા. માતાના ધાવણ જેવું એમનું એ કલાશિક્ષણ આજે ઊગી નીકળ્યું છે એ તો આનંદની વાત છે, પણ સાથોસાથ એમને ગુજરાતે સંઘર્યા નહિ તે અફસોસ પણ ભૂલી શકાતો નથી.

હિમ્મત શાહ

વડોદરા યુનિવર્સિટીના લલિતકલા મહાવિદ્યાલય પાસેથી પસાર થનારા કે તેની મુલાકાત લેનારાઓને ઘડીક અચરજમાં નાખી દે એવું

વાતાવરણ છે ત્યાંનું. માત્ર ચિત્ર કે શિલ્પના વિદ્યાર્થીઓ કે શિક્ષકો



જ ત્યાં નજરે નહિ ચડે, પણ જુદી-જુદી અનેક 'ઇતર પ્રવૃત્તિઓ' પણ ત્યાં સદા થતી જ રહે છે. તેમાંની એક છે રાસ અને ગરબી. એમાં જ્યારે હિમ્મતલાલને ઘૂમતા જુઓ ત્યારે નક્કી કરવું અઘરું થઈ પડે કે આ તે નૃત્યકળાનો વિદ્યાર્થી છે કે ચિત્રકળાનો. એમનું પ્રિય ગીત તે 'રૂખડ બાવા તું હળવો હળવો હાલ્ય જો'. અને એવા રૂખડિયા જેવા, સીધા જૂનાગઢના ગઢ ગિરનારને માથેથી ઊતરીને હાલ્યા આવ્યા હોય એવા, અવધૂત જેવા જ એમના દીદાર જોઇ લ્યો.

જન્મસ્થળ ભાવનગર. જન્મતારીખ ૨૨-૭-૧૯૩૩. અભ્યાસ એસ. એસ. સી. સુધી. વાણિયાના દીકરા એટલે આંક પલાખાં ગોખતાં-ગોખતાં હાઈસ્કૂલમાં પહોંચ્યા ત્યારે પણ 'કૉમર્સ'ના વિષયો લીધેલા. પણ જેવો આ ભત્રીજો અવધૂત એવા જ એમના કાકા અલગારી. ભાવનગરમાં તે 'કાકા' મણિલાલ શાહને બધા 'અલગારી'ના નામથી જ ઓળખે છે. હરિજન-આશ્રમ ચલાવે, અખાડામાં વ્યાયામ કરે ને કરાવે, એવી એમની પ્રવૃત્તિઓ. એમાં પાછા પોતે શાન્તિનિકેતન જઈ આવેલા, એટલે કલા પ્રત્યે પણ ખૂબ જ આદર અને ઊંડો રસ ધરાવે. તેમની પ્રેરણાથી હિમ્મતભાઈ જઈ પહોંચ્યા જગુભાઈ પાસે ઘરશાળામાં. શાળાના કામનો સમય પૂરો થયા બાદ જેને રસ હોય, એવા વિદ્યાર્થીઓ માટે જગુભાઈ 'કલાવર્ગ' ચલાવતા ને ઘરશાળાના જ નહિ પણ શહેરની બીજી શાળાઓ તેમજ સંસ્થાઓમાંથી પણ ઘણા વિદ્યાર્થીઓ એનો લાભ લેતા.

ધીમેધીમે કરતાં આ બાજુ હિમ્મતભાઇનો જીવ કલાના રંગે રંગાવા લાગ્યો ને પેલી તરફ 'કૉમર્સ'ના ભણતરમાંથી મન લાગ્યું ઊઠવા. વધારામાં, સામાન્યરીતે મોટા ભાગના કલાકારો-વિદ્યાર્થીઓની જેમ એમને પણ આર્થિક મુશ્કેલીઓ તો હતી જ, એટલે તે માટે ભાવનગરના મુક્તાલક્ષ્મી મહિલા વિદ્યાલયમાં પાર્ટ-ટાઈમ ચિત્રશિક્ષક તરીકે કામ કરતા ને સાથેસાથ જગુભાઈ પાસે અભ્યાસ પણ કરતા. મિત્રોમાંથી બે (નરેન્દ્ર પટેલ ને જ્યોતિ ભટ્ટ). તો ચાલ્યા ગયા વડોદરા બાકી રહ્યા તે પણ જુદીજુદી 'લાઇન' લેવાના હેતુએ વિખેરાઇ ગયા; ને પછી તો જગુભાઇને પણ ભાવનગર છોડીને દિલ્હી જવાનો વારો આવ્યો. હિમ્મતભાઇને પણ વડોદરા જવાના કોડ હતા, પણ તે પૂરા કેમ કરવા તે કોયડો ઊકલતો નો'તો.

પણ એમ એ હિમ્મત હારે તો પછી હિમ્મત નામ ફેરવી નાખવું પડે ને? ચિત્રશિક્ષક તરીકે નોકરી કરવા માટે પણ સરકારી નિયમ પ્રમાણે ડી.ટી.સી. (ડ્રૉઈંગ ટીચર્સ કોર્સ) કરવાની જરૂર હોય છે; એટલે જઈ પહોંચ્યા અમદાવાદ. ત્યાં એકાદ વર્ષ ગાળ્યું, તે દરમ્યાન શ્રી રવિભાઈ રાવળને ત્યાં કલાસંઘ ચિત્રશાળામાં પણ અવરજવર ચાલુ રાખેલી. ડી.ટી. થઈ ગયા એટલે પાછું એનું એ કામ-ચિત્રશિક્ષકનું-શરૂ કર્યું,—અમદાવાદ નજીક આવેલા સરઢવ ગામમાં. ત્યા બે વર્ષ રહ્યા એ દરમ્યાન વડોદરા આંટો-ફેરો કરતા રહેતા. એમાં મિત્રોનો થોડોઘણો ટેકો મળ્યો, એટલે એને જોરે અમદાવાદની એક જાણીતી મોટી સંસ્થામાં મળેલી નોકરીને છોડી દઇને, એક સંબંધી પાસેથી થોડા પૈસા ઉછીના લઈ વડોદરા આવી ગયા. આવ્યા હતા તો પ્રાધ્યાપક



પ્લાસ્ટરમાં શિલ્પ: રજની પંચાલ

(નારાયણ શ્રીધર) બેન્દ્રે પાસે રહીને અભ્યાસ કરવાની ઇચ્છાથી: 'એમ કે એકાદ વરસ નૉન-કૉલેજિયેટ વિદ્યાર્થી તરીકે કામ કરશું'; પણ એમનું કામ જોયા પછી સલાહ મળી કે બીજે વર્ષે શું થશે તેની ચિંતા કર્યા વિના નિયમિત વિદ્યાર્થી તરીકે જ જોડાઈ જવું. હિમ્મતને હૈયે પણ હરમત આવી ગઈ કે હારના મત, હિમ્મતે મર્દાં તો મદદે ખુદા.

પોતે તો જોકે પ્રથમ વર્ષ (ડિપ્લોમા)ના વિદ્યાર્થી હતા, પણ તેમને કામ કરવાનું હતું ત્રીજા અને ચોથા વર્ષના વિદ્યાર્થીઓ સાથે. પહેલે જ વર્ષે (જ્યારે બીજા વિદ્યાર્થીઓએ તો તૈલરંગ–oils–જોયા પણ નથી હોતા ત્યારે) તેમણે તૈલરંગમાં મોટાંમોટાં ચિત્રો ચીતરેલાં! એ જ વર્ષે લલિતકલા અકાદમીના રાષ્ટ્રીય કલાપ્રદર્શનમાં તેમનાં બે ચિત્રો પ્રદર્શિત થયાં ને એક 'દોડતો ઘોડો' 'રાષ્ટ્રીય સાંપ્રત કલા સંગ્રહાલય' (નૅશનલ ગૅલેરી ઑવ મૉડર્ન આર્ટ) માટે ખરીદાઈ પણ ગયું (૧૯૫૭). બીજે વર્ષે તેમને ભારત સરકાર તરફથી સાંસ્કૃતિક શિષ્યવૃત્તિ મળી: બે વરસ માટે દર મહિને રૂ. ૨૫૦, અને કામ વડોદરામાં જ પ્રા. બેન્દ્રેની દોરવણી હેઠળ પોતાની નિજી કલા વિકસાવવાનું. હજુ પણ એ શિષ્યવૃત્તિની યોજના હેઠળ જ તેઓ કામ કરે છે. શિષ્યવૃત્તિના કાળ દરમ્યાન તેમણે ચિત્રકળામાં જુદાજુદા અનેક પ્રયોગો કરી જોયા છે, આયોજનથી લઇને પદ્ધતિ (ટેકનિક) સુધીના. અત્યારે તદ્દન અમૂર્ત ('નૉન-ઑબ્જેક્ટિવ' કે 'ઍબ્સ્ટ્રૅક્ટ') કલા તરફ તેમનો ઝોક છે.

નરેન્દ્ર માધવજી પટેલ

અસલ હિમ્મતભાઇ જેવું જ એમનું પણ કહી શકાય: ભાવનગરમાં જ ભાઇએ જનમ લીધો: તા. ૮-૧૦-૧૯૨૯; એસ. એસ. સી. સુધીનું ભણતર પણ ત્યાં જ; કળાનો નાનપણથી જ શોખ; અને જગુભાઈ પાસે જ તેની ખિલવણી.

૧૯૪૯માં વડોદરા પહોંચ્યા એ વખતે તો માત્ર કળાભવન જ હતું; પણ ૧૯૫૦માં યુનિવર્સિટીએ 'ફાઈન આર્ટ ફૅકલ્ટી' શરૂ કરી એટલે

કળાભવનનો ચિત્ર-વિભાગ આ નવી સંસ્થા સાથે જોડાઇ ગયો ને



બચુભાઈ પણ (નામ નરેન્દ્ર, પણ બધા કહેવાના એમને બચુભાઇ) આ નવી સંસ્થામાં આવી ગયા. દરેક વર્ષે વર્ગમાં પ્રથમ રહીને ૧૯૫૩માં ચિત્રકળાનો ડિપ્લોમા પણ મેળવ્યો. ચિત્રકળા એ મુખ્ય વિષય હતો, પણ સાથોસાથ શિલ્પ ઉપર પણ સારો હાથ અજમાવ્યો હતો. કૉલેજના શિક્ષકોની તો એવી સલાહ હતી જ કે એમણે શિલ્પનો જ મુખ્ય વિષય તરીકે અભ્યાસ કરવા. કોણ જાણે કેમ, પણ મન માનેલું નહિ. ડિપ્લોમા કર્યા પછી ભાવનગરમાં, જ્યાં ભણતર ભણેલા ત્યાં જ, ઘરશાળામાં ભણાવવા રહી ગયા. ચિત્રશિક્ષક તરીકે બે વરસ સુધી ત્યાં કામ કર્યું. પણ જીવને શાન્તિ નો'તી. એટલે એ તો પાછા ઊપડયા વડોદરે અને શિલ્પવિભાગમાં જઇને લાગી ગયા કામે. ૧૯૫૮માં યુનિવર્સિટીની બી.એ.(ફાઇનઆર્ટ)ની ઉપાધિ મેળવી. ચિત્રના વિદ્યાર્થી તરીકે હતી તેવી જ ઝળહળતી કારકિર્દી શિલ્પમાં પણ તેમની હમેશ રહી છે. બી.એ.માં પ્રથમ આવી યુનિવર્સિટીની ફેલોશિપ મેળવી, તેમજ ગયા વરસથી ભારત સરકારની સાંસ્કૃતિક શિષ્યવૃત્તિ પણ મેળવી. આજે પ્રા. શંખો ચૌધરીની દોરવણી હેઠળ શિલ્પની સાધના કરી રહ્યા છે.

મુંબાઈ રાજ્યના ત્રીજા, ચોથા અને પાંચમા કલા પ્રદર્શનમાં તેમજ ભારતીય શિલ્પી સંઘ (ઇન્ડિયન સ્કલ્પ્ચર્સ એસોસીએશન)ના પ્રદર્શનમાં તેમણે પારિતોષિકો મેળવેલાં છે. ૧૯૫૯ના પારીસ બાઇએનાલ માટે મોકલાએલી પાંચમાંની એક કળાકૃતિ તેમની હતી.

હિમ્મતલાલ જેમ એમની દાઢીથી ઓળખાય, એમ બચુભાઈ એમના માથાના ઢંગથી, વાળની છાજલીથી. એક વાર જોયા કે ભૂલ્યા ભુલાય નહિ એવા. ઘણા નાની ઉમરમાં મોટા-ઘરડા દેખાવા લાગે છે. જ્યારે બચુભાઈ તો......હમણાં જ દિલ્હી પુરસ્કાર લેવા ગયા ત્યારે પાછા આવતી સમયે મથુરામાં એક વીશીમાં ઊતર્યા હતા. વીશીનો મૅનેજર માને જ નહિ કે આ માણસ ૩૧ વરસનો હોઇ શકે! બચુ નામ પણ કંઇ અમથું હશે?

રજનીકાન્ત પંચાલ

બચુભાઈ અને હિમ્મતભાઇ તો મારા નાનપણના જ ભેરુબંધ,



પણ પંચાલ સાથે તો નવીનવી ઓળખાણ છે એમ કહી શકાય; ને એમનો સ્વભાવ પણ શરમાળ ને ઓછાબોલો. હિમ્મતભાઈ ને બચુભાઈ ભેળા થાય ત્યારે કૉલેજ આખીને ગજવતા હોય, ત્યારે પંચાલને તો શોધવા પણ મુશ્કેલ.

ઉમરમાં ત્રણેમાં નાના (જન્મ ૩૦-૧૧-'૩૭ દાહોદ). નાનપણથી જ કળાનો શૉખ, એટલે માધ્યમિક શિક્ષણ પૂરું કરીને ૧૯૫૬માં યુનિવર્સિટીની કળા કૉલેજમાં આવ્યા. છેલ્લાં ત્રણ વર્ષથી પ્રા. શંખો ચૌધરીની દોરવણી નીચે કામ કરે છે અને આ વર્ષે બી.એ.(ફાઈન આર્ટ)ની પરીક્ષા આપી છે. પ્રદર્શનમાં ભાગ લેવાનું પણ આ વર્ષે જ એમણે શરૂ કર્યું છે; ને 'આવ્યા ભેગા જ વરતાણા!' એમની કૃતિ 'ઘોડાગાડી' (પ્લાસ્ટર-કૃતિ)ને પાંચમા મુંબાઈ રાજ્ય-પ્રદર્શનમાં તેમજ કાંસાની કૃતિને છઠ્ઠા રાષ્ટ્રીય કલા પ્રદર્શનમાં (બંને સ્થળે રૂ. ૧૦૦૦નું) પારિતોષક મળ્યું છે.

નરેન્દ્ર પટેલના શિલ્પમાં લય(રિધમ), રૂપ(ફૉર્મ), તેમજ બહારની સપાટી (surface) તથા તે પર થતી છાયાપ્રકાશની રમત એ અગત્યનાં અંગો કહી શકાય; જ્યારે પંચાલના શિલ્પમાં જાડી-પાતળી થતી રેખા જેવા આકારો ને તેના સંયોજનથી ઊભી થતી અવકાશ (સ્પેઇસ)-ની ભાવના પ્રાધાન્ય ધરાવે છે. આખો, નક્કર ઘોડો કે ગાડી કે માણસ દેખાડયા વિના જ, માત્ર બહારની હદરેખા દ્વારા, જુદીજુદી જગ્યાએથી જોતાં પણ જોવાનો રસ જળવાઈ રહે તેવી રીતની રચના તેમણે સાધ્ય કરી છે, જેમાં આગળના આકારને લઈને પાછળનો આકાર ઢંકાયા વિના જ બધી વસ્તુઓ પૂરેપૂરી જોઈ માણી શકાય છે.

અનુસંધાન] **એક હજાર રૂપિયા** [પૃ. ૧૭૭થી

'જુઓ મિ.ભરત! તમારા કાકાના વિલમાં એક જવાબદારી અમારા પર મૂકી છે. ખાનગીમાં એમણે અમને કહેલું કે જ્યાં સુધી તમે આ હજાર રૂપિયા વાપરીને તેનો હિસાબ ન આપો ત્યાં સુધી અમારે આ કવર ખોલવું નહિ. હવે જ્યારે તમે વિલની શરત મુજબ હિસાબ આપ્યો છે ત્યારે અમે એને ઉઘાડી વાંચી ગયા. કાયદાના શબ્દોમાં અમે તમને ગૂંચવતા નથી, પણ એનો સાર મિ. મસલા તમને કહેશે.'

'તમે ખર્ચેલા એક હજાર રૂપિયાનો હિસાબ જોતાં–' મસલાએ શરૂ કર્યું, '–જો એમ લાગે કે તમે તેનો પ્રશંસનીય ઉપયોગ કર્યો છે, તો તમને ઘણો લાભ થશે. એ બાબત અમારો નિર્ણય તમારી ઉપર બંધનકર્તા છે. અમે ખાતરી આપીએ છીએ કે અમે અમારી ફરજ નિષ્પક્ષપાતથી તથા મરનારના અમારા ઉપરના વિશ્વાસને વફાદાર રહીને ન્યાયપૂર્વક બજાવીશું. અમોને તમારા તરફ કોઈ પૂર્વગ્રહ નથી. હવે આગળ, જણાવ્યું છે કે જો આ એક હજાર રૂપિયાનો નિઃસ્વાર્થ અને ડહાપણભરી રીતે તમે ખર્ચ કર્યો હશે તો તમને તમારા કાકાની મિલકતમાંથી દસ લાખ રૂપિયા મળશે. પણ જો—' અને ચશ્માંમાંથી આંખ ઊંચી કરી લાક્ષણિકરીતે તેમણે ભરતના મનોભાવ જોવાનો યત્ન કર્યો: 'આ એક હજાર રૂપિયા તમે ભૂતકાળની માફક તમારા નાલાયક મિત્રોમાં, નાચગાનના જલસા કે પાર્ટીમાં યા એવી બીજી કોઈ પણ ઉડાઉ ને ગેરડહાપણભરી રીતે ખર્ચ્યાં હશે, વેડફી નાખ્યા હશે, તો એ દસ લાખ રૂપિયા શેઠની આશ્રિત અને નર્સિંગ તથા સેક્રેટરીનું કામ કરતી શર્મિષ્ઠાદેવીને મળશે. હવે હું અને મિ. વાયડા તમારો એક હજાર રૂપિયાનો હિસાબ જોઇશું. તમે અમોને લખી આપો કે અમારો નિર્ણય તમને મંજૂર રહેશે.'

આમ કહી મસલા વકીલે હિસાબના કવર તરફ હાથ લંબાવ્યો. પણ તે એ લઈ શકે તે પહેલાં તો ભરતે પોતાનું કવર લઈ લીધું, અને તેને ફાડી, તેના કટકા ખિસ્સામાં મૂકીને હસતોહસતો બોલ્યો: 'એમાં લખી આપવાની જરૂર નથી, મને તમારામાં વિશ્વાસ જ છે. વળી મારા હિસાબમાં કાંઈ જોવા જેવું યે નથી. મને નથી લાગતું કે તમે આ રીતનો હિસાબ સમજી શકશો. મેં હજાર રૂપિયા આજની રેસમાં ખોઈ નાખ્યા છે, ઓ. કે. સાહેબો, જય જય...'

અને બહુ જ આનંદમાં સીટી વગાડતોવગાડતો ભરત સૉલિસિટર્સની ઑફિસ છોડી ચાલ્યો ગયો.

લોકસંસ્કૃતિનાં સંગ્રહસ્થાનો

લેખક • **પ્રા. પુષ્કર ચંદરવાકર** એમ.એ.

અંગ્રેજી ભાષામાં ઈ.સ. ૧૮૪૬માં પ્રથમ વાર સ્વ. શ્રી ડબ્લ્યુ. જે. ટૉમસે 'ફોકલોર'–Folklore શબ્દ પ્રયોજ્યો. આ શબ્દમાં 'ફોક'–Folkનો અર્થ 'લોક' છે, ને 'લોર'–Lore શબ્દ ઍંગ્લોસૅક્સન Lar શબ્દમાંથી ઉદ્ભવ્યો છે, જેનો અર્થ છે 'જ્ઞાન' કે 'વિદ્યા'.

અહીં 'લોક'–Folk શબ્દને જરા સ્પષ્ટ કરવો જરૂરી છે. ઋગ્વેદમાં देहि लोकम्માં 'લોક' શબ્દ મળે છે. ભગવદ્ગીતામાં अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमःમાં પણ 'લોક' શબ્દ મળે છે. બૌદ્ધ ગ્રંથોમાં लोकजत्ता ને लोअप्पवाय 'લોક' માટેના શબ્દો પ્રાપ્ત થાય છે. પણ યજુર્વેદમાં 'લોક' શબ્દ સમાજના અર્થમાં સાંપડે છે. बहु व्याहितो वा अयं बहुशो लोकः. આમ 'લોક' શબ્દમાં 'સામાન્ય જનસમાજ' સમાઈ જાય છે. પરંતુ સૌરાષ્ટ્રના કેટલાક વિભાગમાં આજે ય લોક શબ્દનો અર્થ 'અભણ, અશિક્ષિત ને ભદ્ર સમાજથી જુદી સંસ્કૃતિના માનવો' એવો મળે છે. અહીં પણ એ જ અર્થ અભિપ્રેત છે.

અને આ બંને શબ્દો–folk અને loreને સાથે લઇએ તો તેમાંથી મર્મ સાંપડે છે: 'અસંસ્કૃત લોકોનું શાસ્ત્ર, સંસ્કૃતિ ને વિદ્યા.' આથી લોકસંસ્કૃતિ, લોકશાસ્ત્ર ને લોકવિદ્યામાં ભૂમિજનો, ગિરિજનો આદિવાસીઓ, કૃષિવર્ગ વગેરેનાં રીતરિવાજો, કથાઓ, ગીતો, મનોરંજન માટેના ભવાઇવેશો, ધાર્મિક વિધિઓ, નૃત્યો અને તેમાં વપરાતાં ભિન્નભિન્ન પ્રકારનાં વાદ્યો, શસ્ત્રો, તેમના પહેરવેશો તથા તેમનું સાહિત્ય (લોકકથાઓ, લોકગીતો, કહેવતો, ઉખાણાંઓ, રૂઢિપ્રયોગો) ઇત્યાદિનો સમાવેશ થાય છે.

ભૂમિજનો, ગિરિજનો, દરિયાઈ જીવન જીવનાર લોકો ને કૃષિજનોનાં સંસ્કાર તથા સંસ્કૃતિ સમાજના ઉપલા થરના માનવો કરતાં અનેક રાહે જુદાં પડે છે. આ જુદાં પડતાં સંસ્કારો અને સંસ્કૃતિનો અભ્યાસ ભારતીય શાસ્ત્રોમાં હજારો વર્ષ પહેલાં નોંધાયો છે. પશ્ચિમમાં છેલ્લાં બસો વર્ષથી વિદ્વાનો આવા જનોનાં સંસ્કૃતિ ને સંસ્કારમાં ગંભીરપણે અને વૈજ્ઞાનિક પદ્ધતિએ રસ લઇ રહ્યા છે. ઇ.સ. ૧૫૫૫માં ઓલાન્સ મૅગ્નસે સ્વીડનના કૃષિકારોની સંસ્કૃતિનો અભ્યાસ કર્યો, તો ૧૯મી સદીમાં ઈંગ્લંડમાં ટેઈલર, લૅંગ અને ફ્રેઝરે અભ્યાસ કર્યો લોકશાસ્ત્ર અને લોકવિદ્યાનો. બિશપ પર્સીએ તે પહેલાં ૧૮મી સદીમાં તેમની લોકકથાઓ–Ballads પ્રસિદ્ધ કરેલી. ઓગણીસમી શતાબ્દીમાં ડેન્માર્ક, નૉર્વે, જર્મની અને ગ્રીસમાં પણ આ શાસ્ત્રનો અભ્યાસ શરૂ થયો. ઈ.સ. ૧૯૩૪માં કેમ્બ્રિજમાં પૂર્વના દેશોના લોકવિદ્યા-સંઘ Eastern Countries' Folklore Societyની સ્થાપના થઈ. આ રીતે પશ્ચિમના લોકોનો આ દિશામાં વૈજ્ઞાનિક રસ જન્મ્યો, ને તેમાંથી તેઓને લોકવિદ્યા, લોકસંસ્કૃતિ ને લોકશાસ્ત્રનાં સંગ્રહસ્થાનો બનાવવાનો વિચાર આવ્યો.

આવાં સંગ્રહસ્થાનો માટેના જે પ્રયત્નો પ્રારંભમાં થયા તેનો ઇતિહાસ પણ રસિક છે. યુરોપમાં સૌપહેલું એવું સંગ્રહસ્થાન બનાવવાનો યશ સ્ટૉકહોમના ડૉ. આર્થર હઝેલિયસને ફાળે જાય છે. તેમણે ઈ.સ. ૧૭૪૨માં 'નાર્ડિસ્કા મ્યૂઝિયમ' સ્થાપ્યું, જેમાં ભાતભાતનાં ઘર, કૃષિકારનાં વસવાટસ્થાનો, વસવાયાનો ધંધો કરનારાની કોઢો ઇત્યાદિના નમૂનાઓ હતા, જે પરથી સ્વીડનના લોકજીવનનો પરિચય કોઇ પણ પરદેશીને મળી જતો.


આ પ્રવૃત્તિ સ્વીડનમાંથી નૉર્વેમાં ફેલાઈ અને ત્યાં ડૉ. સૅન્ડર્સ સૅંડવિગે ઈ.સ. ૧૮૮૭માં 'સૅંડવિગ સંગ્રહસ્થાન' સ્થાપ્યું. પછી હોલાંડ, ડેન્માર્ક અને જર્મનીમાં પણ લોકસંસ્કૃતિ, લોકશાસ્ત્ર ને લોકવિદ્યાનાં સંગ્રહસ્થાનો રચાયાં.

અમેરિકામાં આ આંદોલન જરા મોડું ઈ. ૧૯૨૬માં પહોંચ્યું, પણ આજે અમેરિકામાં આવાં સંગ્રહસ્થાનોની સંખ્યા ઠીકઠીક છે. અને હવે તો યુરોપીય દેશોમાં પણ આવાં સંગ્રહસ્થાનો ઠેરઠેર જોવા મળે છે. રશિયાએ મૉસ્કો અને લેનિનગ્રૅડમાં, ફ્રાન્સે પારીસમાં અને બ્રિટિશ મ્યૂઝિયમે લંડનમાં આવાં સંગ્રહસ્થાન કર્યાં છે. ન્યૂઝીલાંડ, પોલાંડ, ટર્કી, ઑસ્ટ્રેલિયા વગેરે ઉપરાંત પૂર્વના દેશોમાં ચીન અને લંકાએ પણ તેમની લોકસંસ્કૃતિને યથાતથ જાળવવા માટે આ પ્રકારનાં સંગ્રહસ્થાનો યોજ્યાં છે.

ભારતમાં તો ચાલુ સંગ્રહસ્થાનો સાથે જ લોકસંસ્કૃતિ અને લોકવિદ્યાના નમૂનાનો વિભાગ રાખવામાં આવે છે, જેમાં દેવદેવીઓની મૂર્તિઓ, માટીનાં રમકડાં, જુદી જુદી લોકજાતિઓની નાનકડી પ્રતિકૃતિઓ, વિવિધ જાતિઓની વેશભૂષા આદિ જોવા મળે છે.

આવા સંગ્રહો મદ્રાસ, બનારસ (હિન્દુ યુનિવર્સિટી), લખનૌ, વડોદરા, ત્રિવેન્દ્રમ, નાગપુર અને પૂનામાં થયા છે. મુંબાઇમાં શ્રી પો. ગો. શાહે પણ નાના પાયા પર લોકસંસ્કૃતિનું સંગ્રહસ્થાન યોજ્યું છે. આ બધામાં પૂનાનો સંગ્રહ વિશિષ્ટ પ્રકારનો છે. એ તેના યોજક શ્રી ડી. જી. કેલકરની પોતાની માલિકીનો છે. તેમણે ગ્રામજનોની કલાને સાચવવા માટે જાતપ્રયત્ને એ સંગ્રહ તૈયાર કર્યો ને હજી પણ તેમની પાસે જે કાંઇ નાણું છે તે બધું તેમાં જ ખર્ચે છે. એમના સંગ્રહમાં ભારતીય ઘરોમાં વપરાતા દીવડા, સૂડીઓ, ખડિયા, કંકાવટીઓ ને પાનમાં વપરાતા કાથાચૂનાની દાબડીઓની અનેક જાતો સંઘરી છે, જેમાં એકલી દીવીઓની જ સંખ્યા અઢીસોથી વધારે છે. આ દીવીઓની આકૃતિઓ વિશેષે પશુપંખીની છે, તો સૂડીઓમાં તે ઉપરાંત દેવદેવીની મૂર્તિઓ તથા ભિન્નભિન્ન રચનાઓમાં યુગલોની આકૃતિઓ પણ છે. આ ઉપરાંત તેમણે આંધ્રપ્રદેશનાં બારણાં એકઠાં કર્યાં છે, જેમાં દેવમૂર્તિઓની કોતરણી અદ્ભુત છે. પૂનામાં આવો જ બીજો સંગ્રહ શ્રી એસ. આર. પોદ્દારનો પણ છે.

નાગપુરના સંગ્રહસ્થાનમાં મધ્યપ્રદેશની જુદીજુદી જાતિઓના અલંકારો પહેરવેશો ઉપરાંત આદિવાસી ગોંડ જાતિની જીવનચર્યા ને રીતરિવાજોના ફોટોગ્રાફો રાખવામાં આવ્યા છે. ત્રિવેન્દ્રમ અને લખનૌમાં ત્યાંત્યાંની જાતિઓની પૂરા કદની માનવઆકૃતિઓ અને તેમના રોજિંદા અને ગૃહ-જીવનની ચીજજણસો સંઘરવામાં આવી છે. જ્યારે વડોદરામાં રમકડાં, અલંકારો, સ્થાનિક લોકજાતિઓની ધાર્મિક વિધિઓમાં વપરાતી સામગ્રીઓ વગેરે સંઘરાએલી છે. કૉઈમ્બતુરનું સંગ્રહસ્થાન પણ લોકજીવનનો સારો ચિતાર આપે છે. આમ દેશનાં જુદાંજુદાં સંગ્રહસ્થાનોમાં ભારતીય લોકસંસ્કૃતિ અને લોકવિદ્યાનો પરિચય



સૌરાષ્ટ્રના ભરતગૂંથણના નમૂના (સ્કેચ: દેવજીભાઈ વાજા)


મળી રહે છે. પણ ઉત્તર ભારતમાં લોકસંસ્કૃતિના ખ્યાતનામ અભ્યાસી વિદ્વાન ડૉ. કૃષ્ણદેવ ઉપાધ્યાયે પ્રયાગમાં લોકસંસ્કૃતિ, લોકશાસ્ત્ર અને લોકવિદ્યાને દૃષ્ટિ સમક્ષ રાખીને જે સંગ્રહસ્થાન રચ્યું છે તે ભારતનાં સર્વ સંગ્રહસ્થાનોમાં નોખી જ ભાત પાડે છે. તેમાં ગામડામાં વસતું ઉત્તરભારતનજર સામે આવીને ઊભું રહે છેઅને સાથેસાથે લોકકલાઓનું દર્શન પણ એમાં થાય છે. એમાં જુદાજુદા પંદર વિભાગો છે: (૧) પહેરવેશો (૨) અલંકારો (૩) આયુધો (૪) માટીનાં રમકડાં (૫) પથ્થરકામ (૬) લાકડકામ (૭) ધાતુકામ (૮) ભીંતચિત્રો (૯) ભરતકામ (૧૦) વાદ્યો (૧૧) સિક્કાઓ (૧૨) ચામડાની કારીગરી (૧૩) શસ્ત્રો (૧૪) અનુકૃતિઓ (૧૫) ચૂના-પ્લાસ્ટરમાં ઢાળેલી કૃતિઓ.

લોકોના પહેરવેશોમાં ધોતિયાં, લુંગીઓ, લંગોટો, ચોળી, સાડીઓ, કુરતાં, શેલાં, ટોપી, જોડા અને મોજડીઓ તેમજ ચાખડીઓ સંઘરાઈ છે. ગામડાંની નારીઓ જે વિવિધ પ્રકારની ઓઢણીઓ ઓઢે છે તેના તો અનેક નમૂના આ સંગ્રહસ્થાનમાં છે, જે પૈકી કેટલીક સાડીઓના વર્ણો તો નમૂનેદાર છે. તેના છેડા અને પાલવમાં પંખીઓ અને પશુઓનાં આકર્ષક ચિતરામણ છે.

લોકસંસ્કૃતિના અલંકારો પણ ત્યાં સારી સંખ્યામાં છે. કંઠા, નથડી ને કડાંનાં અસંખ્ય પ્રકારોના નમૂના અહીં જોવા મળે છે. સુથાર, સોની, લુહાર, કુંભાર આદિનાં કામ કરવાનાં ઓજારો, હળના વિવિધ નમૂનાઓ, મંગળકળશો, માટીનાં રમકડાં તથા દેવદેવીઓની માટીની મૂર્તિઓ (ઉ. ત. હનુમાન, દુર્ગા, કૃષ્ણ, રામ, લક્ષ્મી ઇત્યાદિ) પણ અહીં છે. આ મૂર્તિઓના સર્જનમાં ગ્રામકલાકારોએ અજબ સ્વયંસ્ફૂર્તિ ને ઉલ્લાસ ઠાલવ્યાં છે.

વળી ધાતુની અનેક મૂર્તિઓ ઉપરાંત અહીં પણ દીવડા, સૂડીઓ, પાનડબ્બીઓ અને રમકડાંનો સંગ્રહ છે. પેશ્વાના અમલમાં તેમના રાજમહાલયોને જે ઝાકમઝોળ કરતી એવી અહીંની દીવીઓનીવિશેષતા એ છે કે એમાં તેલ પૂરવાની જગ્યા ક્યાં છે તે પણ કહેવું મુશ્કેલ પડે. પથ્થરમાં કંડારેલી મૂર્તિઓ ઉપરાંત ભરતકામના વિવિધ નમૂના તથા ઔરંગઝેબના સમયના સિક્કાઓ પણ ધ્યાન ખેંચે છે. ટૂંકમાં પ્રયાગનું આ સંગ્રહસ્થાન ઉત્તરભારતની લોકસંસ્કૃતિ અને લોકશાસ્ત્રને પ્રકટ કરનારું એકમાત્ર સંગ્રહસ્થાન બન્યું છે.

આમ આપણા દેશમાં લોકસંસ્કૃતિને સાચવવા માટેના છૂટાછવાયા પ્રયત્નો તો થયા છે. પણ આજે આવા સંગ્રહસ્થાનની ગોઠવણી પરત્વે



વૈજ્ઞાનિક પદ્ધતિની વિચારણા થઈ રહી છે. તેના બે પ્રકાર છે: (૧) તુલનાત્મક દૃષ્ટિએ ગોઠવણી ને (૨) ભૌગોલિક દૃષ્ટિએ રચના.

તુલનાત્મક દૃષ્ટિએ થતી ગોઠવણીમાં અનેકવિધ જાતિઓની કોઈ પણ એક જ ચીજ લેવાની હોય. ઉ. ત. માથાને ઢાંકનાર વસ્ત્ર પાઘડીઓ, ટોપીઓ વગેરે. આમાં જુદીજુદી જાતિવાર તેમજ કાલાનુક્રમે સદીવાર પાઘડીઓ મેળવવી પડે અને એ બધીને સાથે ગોઠવવાની હોય. વળી આજના પુરુષો જે ટોપીઓ વગેરે પહેરતા હોય એને પણ તેમાં સ્થાન મળે, જેથી જોનારને તુલના કરવાનું સ્વાભાવિકપણે સૂઝે. ભૌગોલિક દૃષ્ટિની ગોઠવણીમાં પ્રાંતવાર, જિલ્લાવાર ને તાલુકાવાર પાઘડીઓ ગોઠવવાની હોય.

આ જ રીતે જિલ્લાવાર કે તાલુકાવાર સમગ્ર લોકસંસ્કૃતિનું દર્શન કરાવવું હોય તો તેમાં તે તે તાલુકા કે જિલ્લાની લોકસંસ્કૃતિનાં સર્વ પાસાંને સ્પર્શતી સામગ્રી ત્યાં ગોઠવવાની હોય. આપણે ત્યાંનાં સંગ્રહસ્થાનોમાં આવી ગોઠવણી પરત્વે હજુ વિશેષ વિચારણા થઈ હોય તેવું લાગતું નથી. વસ્તુતઃ પ્રજા ને લોકજીવનના સ્વાભાવિક ક્રમને આવા પ્રદર્શન દ્વારા પ્રકટ કરવાનો સંગ્રહસ્થાનનો આશય હોય છે. વળી બાળકો, યુવાનો તેમજ પ્રૌઢોને શિક્ષણ આપવાનું સહેલું ને ચક્ષુગમ્ય સાધન પણ સંગ્રહસ્થાન છે ને આથી તેનું મહત્ત્વ શૈક્ષિણકદૃષ્ટિએ ઘણું છે.

ગુજરાતમાં હજુ સુધીમાં લોકસંસ્કૃતિ, લોકશાસ્ત્ર ને લોકવિદ્યાના સંગ્રહસ્થાનની સ્વતંત્ર વિચારણા થઇ નથી. તે હવે થવી જોઇએ. જૂનું અમદાવાદ, કે જૂનું પાટણ હવે ઝડપે અદૃશ્ય થવા લાગ્યાં છે. જૂના અમદાવાદ અને ખંભાતની હવેલીઓ, સૂરત અને પાટણનાં ઘરો, આ બધાંને ગુજરાતના લોકસંસ્કૃતિના સંગ્રહસ્થાનમાં સંઘરવાં જોઇશે જ. લોથલમાં માટીનાં રમકડાં ઇત્યાદિ ખૂબ સાંપડયા કરે છે, તેને પણ લોકસંસ્કૃતિના સંગ્રહસ્થાનમાં સંઘરવાં જોઇએ. કચ્છ, સૌરાષ્ટ્ર ને ચરોતરની આખી ભૂમિ પર લોકસંસ્કૃતિના અવશેષો હજુ ય મળે છે. આ વિસ્તારમાંથી તેલ મળશે, રિફાઈનરી થશે, ઉદ્યોગો ખીલશે, યંત્રવાદ આવશે, એટલે એ જૂની સંસ્કૃતિ ધીમેધીમે અદૃશ્ય થતી જશે. એટલે ત્યાંના આ બધા નમૂનાઓ વહેલી તકે સંઘરાવા જોઇએ.

પ્રાચીન શિલ્પમૂર્તિઓમાં ઉત્તરગુજરાતમાં શામળાજીઅનેવિજયનગરનો વિસ્તાર, મધ્ય ગુજરાતમાં ખંભાતના નગરાની આજુબાજુનો વિસ્તાર, વિજયનગરનો વિસ્તાર, સૌરાષ્ટ્રમાં જૂનાગઢથી સોમનાથ





• આ બંને આલેખનો કલાકાર દવજીભાઇ વાઘેલ સારાષ્ટ્રમા ભરાએલા લોકકલાના પ્રદર્શન વખતે રજૂ થએલા પ્રાચીન ભરતકામના નમૂનાઓ ઉપરથી કાળા કાગળ ઉપર હૂબહૂ રંગોમાં ઉતારી લીધેલા હતા. એની રંગયોજના ઘણી મધુર છે. અને એવું કામ હવે થતું નથી. એમણે તથા બીજા બે કલાકારોએ કરેલા બીજા એવા સ્કેચ આ અંકનાં બંને પૂઠાંની અંદરના ભાગમાં આપ્યા છે જે આ લેખને અનુસંધાને ઉપયોગી થઈ પડશે.

પાટણની પટ્ટીનો વિસ્તાર, તેમજ કચ્છના કોટાઈ વગેરેનાં મંદિરો, લોકશિલ્પ માટે રાજપીપળાનાં વસાવાનાં ગામડાંઓનો વિસ્તાર, કઠોર-કામરેજ પાસેનો વિસ્તાર અને નર્મદાખીણનો વિસ્તાર—તેમાં જે અનેક મૂર્તિઓ રઝળતી જોવા મળે છે તેને લાવીને ગુજરાતના લોકસંસ્કૃતિના સંગ્રહસ્થાનમાં સંઘરી લેવી જોઇશે.

માટીકામમાં ગુજરાતના પ્રજાપતિઓ પ્રવીણ છે. કોઠી, કોઠલા, માટલાં, ભાલિયા, ગોળા, બતક, ચંબૂ, નળિયાં, મોભિયાં, ખેતરમાંના ચોરિયા ઇત્યાદિને પણ સંગ્રહસ્થાનમાં સંઘરવાં જોઇએ. ઉપરાંત જુદીજુદી જાતિઓની પૂરા માનવકદની માનવ આકૃતિઓ પણ સંગ્રહસ્થાનમાં ઊભી કરવી જોઇએ. સાથે તેમનાં ઘરો પણ બનાવવાં પડશે. ને વસ્ત્રો પહેરાવીને તેમને તેમના અલંકારે શણગારવા જોઇશે, જેથી આપણી લોકસંસ્કૃતિનો પરિચય કોઈ પણ પરપ્રાંતના અભ્યાસીને મળી રહે.


અને ગુજરાતના આવા સંગ્રહસ્થાનની ગોઠવણીમાં ભૌગોલિક દૃષ્ટિ જ રાખવી રહે, કેમકે ગુજરાતના દરેક જિલ્લાને તેની પોતીકી વિશિષ્ટતાઓ છે: જાતિઓ પરત્વે, તેમની સંસ્કૃતિઓનાં વળિયાં પરત્વે, અને લોકસંસ્કૃતિની અનેક ચીજજણસોના વિભાગ પરત્વે.

આવાં સંગ્રહસ્થાનો માત્ર સરકારથી ઊભાં કરાવી શકાતાં નથી, તેમજ કોઈ એક સંસ્થા કે વ્યક્તિથી પણ નથી રચી શકાતાં. આમાં તો ઝાઝા હાથ રળિયામણા. પ્રાથમિક શાળાના શિક્ષકો ગ્રામપંચાયતો અને તેના સભ્યો, લોકલબોર્ડની સંસ્થાઓ, એન. ઈ. એસ. બ્લૉકના કાર્યકરો,—આ સૌની સહાય લઇને જ આવાં સંગ્રહસ્થાનો બનાવી શકાય.

આમાં પણ કેન્દ્રના સંગ્રહસ્થાન ઉપરાંત તાલુકાદીઠ, તેમજ જિલ્લાદીઠ સંગ્રહસ્થાન પણ જોઇએ, જેથી પ્રજાસમસ્તને તેની લોકસંસ્કૃતિની દૃષ્ટિ આપી શકાય, તેને કેળવી શકાય, અને પાયો ખોદતાં મળી આવતી એક નાનકડી કૂલડીનું પણ મૂલ્ય છે તે તેને સમજાય. આવી કેળવણી પ્રજાને આપવા માટે ગુજરાતમાં લોકસંસ્કૃતિમાં રસ લેતાં સૌ કોઇએ હવે તૈયાર થવું જોઇએ. ગુજરાતની નવી સરકારે આ દિશામાં વિચારવું પડશે.

સંદર્ભના ગ્રંથો અને લેખો

(૧) ધ સાયન્સ ઑવ ફોકલોર, લે. એ. જી. ક્રૅપ; (૨) ભારતીય લોકસાહિત્ય, લે. ડૉ. શ્યામ પરમાર; (૩) લોકસાહિત્ય કી ભૂમિકા, લે. ડૉ. કૃષ્ણદેવ ઉપાધ્યાય; (૪) ઇન્ડિયન ફોકલોર, જુલાઈ-સપ્ટેમ્બર ૧૯૫૮, જાન્યુ-માર્ચ ૧૯૫૯ના અંકો; (૫) 'ફોકલોર'નો જાન્યુ-ફેબ્રુ. ૧૯૬૦નો અંક.





ટિકિટસંગ્રહ

ટિકિટ-જગતમાં જેમ કેટલાક દેશ, બહુ જાણીતા છે તેમ જ કેટલાક દેશ બહુ અપરિચિત પણ છે. લાઓસ પણ એક એવો જ મુલ્ક છે જેની રૂપસુંદર ટિકિટોનો સંપૂર્ણ સંગ્રહ સંભવતઃ ઓછા જણ પાસે હશે. ઈ. સ. ૧૯૪૯માં ફ્રાંસના વર્ચસ્વ તળેથી મુક્ત થયા પછી ઈ. સ. ૧૯૫૧ની ૧૧મી નવેમ્બરે તેણે સૌપ્રથમ બાર ટિકિટોના એક સમૂહને પ્રકટ કરીને પોતાની સ્વતંત્ર ટિકિટો બહાર પાડવાની શરૂઆત કરી. ત્યારથી અત્યાર સુધીમાં તેણે સો ઉપરાંત વિવિધ ટિકિટો પ્રકટ કરી છે. એ બધી જ ટિકિટો ઉપર પોતાના દેશની આગવી વિશિષ્ટતાઓનું સુંદર રંગભર્યું આલેખન જોવા મળે છે. ફ્રેંચ વર્ચસ્વ પહેલાં આ દેશ Lanxang નામે ઓળખાતો હતો. એનો અર્થ થાય છે 'લાખો હાથીઓનો પ્રદેશ', અને ખરેખર હાથી અહીંના જીવનમાં ઘણું જ અગત્યનું સ્થાન ધરાવે છે. જંગલમાં તોતિંગ લાકડાંઓ ખેંચવાથી માંડીને રાજસવારી જેવા મોભાભર્યા સ્થાન સુધી તેનું મહત્ત્વ સ્વીકારાયું છે અને એનું જ આલેખન એમણે અહીં આ ... ટિકિટોના સમૂહમાં કર્યું છે. ઈ. સ. ૧૯૫૭ની ૧૭મી માર્ચે પ્રકટ થએલા આ ટિકિટસમૂહ પરના હાથીઓનાં રંગભર્યાં સુંદર આલે... તેના યોજક ફ્રેંચ ચિત્રકાર Mr. Pheulpinને પણ ઘણી સારી પ્રતિષ્ઠા મળી છે. મૂળ ટિકિટો પરની રંગભભક તો અહીં નથી દર્શાવી શકાતી, પણ છતાં યે તેના પરના હાથીઓનાં આલેખનોનું વૈશિષ્ટ્ય તો જણાઈ આવે છે જ. (ટિકિટો : કિશન આર. શર્મા)

ગુજરાત સમાજ શિક્ષણ સમિતિની તા. ૨૭મી માર્ચ '૬૦ના રોજ મળેલી પાંચમી સભાના ઠરાવ અનુસાર પુસ્તક-વિક્રેતાઓ, પ્રકાશકો અને લેખકો પોતાનાં ગુજરાતી પુસ્તકો સમિતિની વિચારણા માટે અને પસંદ થતાં પ્રસિદ્ધ થતી યાદીમાં તેનો સમાવેશ કરાવવા માટે સમિતિ તરફ મોકલે એવી વિનંતી કરવામાં આવી છે. આવી તૈયાર થતી યાદીઓ, સાહિત્ય પેટાસમિતિમાં રજૂ થયા પછી સમયાંતરે પ્રસિદ્ધ કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે. અત્યાર સુધીમાં આવી એક યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે, જે વિકાસ-ઘટક-અધિકારીઓ અને શિક્ષણાધિકારીઓની કચેરી ખાતે રજૂ કરવામાં આવી છે. સરનામું : સમાજ શિક્ષણ અધિકારી અને મંત્રી, ગુજરાત શિક્ષણ સમિતિ, દરિયા મહેલ, સુરત.

પોતાના સાથી ચિરિકોવથી વિખૂટા પડી ગયા પછીની બેરિંગની સફર

લેખક · પ્રો. રમણલાલ ચી. શાહ

[પૂર્વકથા

સત્તરમા સૈકામાં યુરોપમાં બ્રિટિશ ને ડચ સાહસિકો વચ્ચે દુનિયાના અવનવા પ્રદેશો પરપોતપોતાનુંવર્ચસ્વ સ્થાપવાનીરસાકસી ચાલતી હતી ત્યારે રશિયામાં પણ, પોતાના વિસ્તારેલા રાજ્યનો બીજો છેડો (જો પૃથ્વી ગોળ હોય તો) છેક અમેરિકા ખંડ સુધી લંબાએલો—ને કદાચ તેની સાથે જોડાએલો—હોવાનાં સ્વપ્ન જોતા રાજા પીટરે તેની તપાસ માટે પોતાના નૌકાખાતામાં વીસ વર્ષથી કામ કરતા મૂળ ડેન્માર્કના વિટસ બેરિંગની સરદારી નીચે ઈ.સ. ૧૭૨૫ના જાન્યુઆરીમાં એક મોટી ટુકડી શોધસફરે મોકલી. પીટર્સબર્ગથી નીકળી યાકુત્સ્ક, ઓખોત્સ્ક, કામચાત્કા અને ત્યાંથી આગળ આનાદિર નદીની ખાડી સુધીની અનેક હાડમારીઓ ભરેલી સફર ખેડીને છેવટે ચારચાર વર્ષની સખત જહેમત ને વિટંબણાઓથી વાજ આવી ગએલો બેરિંગ, ચૂકચી જાતિના ફક્ત એક માણસની ભાંગીતૂટી માહિતી પર આધાર રાખી માત્ર પૂર્વ તરફ મોટો પ્રદેશ આવેલો છે ને તે અમેરિકા હોઈ શકે તેમ સમજીને પાછો ફર્યો. પોતાના અહેવાલમાં એવી બિનપાયાદાર માહિતી અને પીટર્સબર્ગથી કામચાત્કા સુધીના માર્ગના નકશા સિવાય બેરિંગે કંઈ જ આપ્યું નહિ, એથી રશિયન ઉમરાવો ને ખુદ રાણી ઍન પણ ખૂબ નારાજ થયાં (રાજા પીટર તો ઈ. ૧૭૨૫માં જ અવસાન પામેલો.) બેરિંગની આ અરધીપરધી કામગીરીથી એની પ્રતિષ્ઠા પણ ઘટી ગઈ.

બેરિંગને પણ પોતાની ભૂલ સમજાઈ, અને એ ફરી બીજી સફર ખેડવા તૈયાર થયો. લાગવગ ને જૂની પ્રતિષ્ઠા તથા એની એકલાની જ આ કાર્ય વિષેની યોગ્યતા ઉપરાંત રાજ્યની આ શોધ માટેની ગરજને કારણે એક વધુ વિશાળ યોજના સાથે તેને ફરી આ શોધખોળ સોંપાઈ ને પૂર્વવ્યવસ્થા માટે, દેશનિકાલ થએલા પિઝારોવને અગાઉથી ઓખોત્સ્ક મોકલવામાં આવ્યો. પોતાની દેશનિકાલીના દુઃખથી પ્રેરાઇ તેણે, બેરિંગ જ્યારે ઓખોત્સ્ક પહોંચ્યો ત્યારે તેણે કંઈ જ વ્યવસ્થા કરી નહોતી, એટલું જ નહિ ખુદ બેરિંગ એ માટે કંઇ પણ પ્રયત્નો કરતો તો તેમાં પણ એ વિઘ્ન નાખવા લાગ્યો. આમ પીટર્સબર્ગથી નીકળ્યાને સાત-સાત વર્ષ વીતી ગયાં. પરિણામે રાણી ઍને તપાસ આદરી ને આખરે બેરિંગની સૂચનાથી પિઝારોવને તેણે પાછો બોલાવી લીધો.


હવે સેંટ પીટર અને સેંટ પૉલ નામે બે વહાણો બનાવી તેઓ અવાચા પહોંચ્યા. ત્યાંથી આગળ અમેરિકાની શોધમાં નીકળ્યા, જેમાં બેરિંગે સેંટ પીટરની ને ચિરિકોવે સેંટ પૉલની સરદારી લીધી. સોળમે દિવસે ધુમ્મસને લીધે બંને વહાણોનો સંપર્ક તૂટી ગયો. આગળપાછળ જ હોવા છતાં અરસપરસ જોઈ નહિ શકવાથી બંને એકબીજાની રાહ જોતાં રોકાઇ રહ્યાં, ને આખરે આગળની સફર એકલે પંડે ખેડવા નીકળી પડ્યાં. તે પછી એક મહિને ચિરિકોવે જમીન જોઇ. વહાણને દૂર થંભાવી દસ માણસોને હોડીમાં કિનારે મોકલ્યા. અઠવાડિયા સુધી તેઓ પાછા ન ફરતાં ફરી બીજા ચાર જણને મોકલ્યા. તેઓ પણ પાછા ન આવ્યા, આથી કોઈ અગમ્ય ભયથી પ્રેરાઈ સૌ અસ્વસ્થ થઈ ગયા ને કિનારેથી મીઠું પાણી પણ ભર્યા વિના વહાણ પાછું ફેરવ્યું. રસ્તામાં ખોરાક-પાણીની તંગી, ધુમ્મસ, રક્તક્ષય અને બીજી અનેક મુસીબતો વેઠતાવેઠતા તથા રસ્તે મરી જતા સાથીઓને દરિયામાં પધરાવતાં તેઓ જ્યારે કામચાત્કાને કાંઠે ચીંથરેહાલ થઈ આવ્યા ત્યારે કિનારા પર પગ મૂકવા જેટલી પણ હામ રહી નહોતી. બીજી તરફ બેરિંગના શા હાલ થયા તે હવે આ છેલ્લા હપતામાં દર્શાવ્યું છે.]

અવાચાના કિનારેથી ઊપડ્યા પછી થોડા દિવસમાં જ ચિરિકોવ અને બેરિંગનાં વહાણ 'સેંટ પૉલ' અને 'સેંટ પીટર' ધુમ્મસને લીધે વિખૂટાં પડી ગયાં. જેમ ચિરિકોવ બેરિંગની રાહ જોતો હતો, તેમ બેરિંગ પણ ચિરિકોવની રાહ જોતો હતો. પવન સફર માટે બહુ જ અનુકૂળ હતો. વાતાવરણ શાંત હતું. પૂર્વ તરફ જવા માટેના કીમતી દિવસો ચિરિકોવની રાહ જોવામાં વેડફાઈ જતા હતા. છતાં બેરિંગ પોતાના સાથીદારથી વિખૂટો પડવા માગતો નહોતો. કેટલાક દિવસ દરિયામાં વહાણ થંભાવીને અને કેટલાંક આમતેમ ચક્કરો લગાવીને અંતે નિરાશ થઈ બેરિંગે પોતાનું વહાણ આગળ ચલાવ્યું. પવન અને દરિયાનાં મોજાંની મહેરબાનીથી તેઓ ઓછા દિવસમાં એક કિનારે આવી પહોંચ્યા. સૂર્યપ્રકાશમાં રેતી ચળકતી હતી એટલે આખો કિનારો ચકચકિત લાગતો હતો. દૂર એક મોટો પર્વત દેખાતો હતો. વચ્ચે ગીચ ઝાડી હતી, જેની તે બધા સાહસિકો આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે આ અમેરિકાનો ખંડ હતો.

અમેરિકાનો કિનારો જોઈ આનંદમાં આવીને તેઓ નાચી ઊઠ્યા. કેટલાક પોતાનું કામ પડતું મૂકીને એ કિનારો જોવા દોડ્યા. અમેરિકા પહોંચવાનું પોતાનું કાર્ય સિદ્ધ થએલું જોઈને ઠંડી અને દરિયાઇ હવાને લીધે મ્લાન અને રુક્ષ બની ગએલા તેમના ચહેરા ઉપર આનંદની ઝલક આવી ગઇ. ચહેરા પર એક પ્રકારનું તેજ પથરાયું. હર્ષોલ્લાસ તેમના શરીરમાં વ્યાપી ગયો. ઉત્સાહઘેલા થઈ તેઓ કૂદાકૂદ કરતા હતા. પરંતુ તેઓ બધામાં એક જણને એનો બહુ આનંદ નહોતો.

એ હતો બેરિંગ પોતે. એ અત્યારે પથારીમાં સૂતો હતો. એના શરીરને રક્તક્ષયની અસર જણાઇ હતી. એને મોઢે સોજા આવી ગયા હતા. એના હાથપગના સાંધા જકડાઈ ગયા હતા. એનું મન ઘણું થાકી ગયું હતું. એની હિંમત ભાંગી ગઇ હતી. પોતાની પાસે ખાવાનું પૂરતું હતું છતાં પોતાના વિખૂટા પડેલા મિત્રોની અને પોતાનું આ સાહસ હેમખેમ પાર પડશે કે નહિ એની સતત ચિંતાને લીધે એનું લોહી સુકાતું જતું હતું. આથી એને રક્તક્ષય (scurvy)નો રોગ લાગુ પડ્યો હતો. જરાક સ્વસ્થ તબિયત હોત તો સૌથી વધુ બેરિંગ જ નાચી ઊઠ્યો હોત, કારણ કે એની જિંદગીની આ અમૂલ્ય સિદ્ધિ હતી. જે કિનારો જોવાની એણે વર્ષોથી આશા સેવી હતી એ કિનારો જોતાં એને થવો જોઇએ તેટલો આનંદ થતો નહોતો. અત્યારે એવો આનંદ અનુભવવા માટેની પ્રફુલ્લ મનોદશા એની પાસે નહોતી. એ પોતે લાચાર હતો. રક્તક્ષયનો રોગ જ એની આ મનોદશા માટેનું કારણ હતો.

બેરિંગની આ મનોદશા સમજાય તેવી હતી. જે સિદ્ધિ માટે એણે વર્ષોથી સ્વપ્નાં સેવ્યાં હતાં તે સિદ્ધિ એને ઘણી જ મોડી પ્રાપ્ત થઈ. પહેલી અને બીજી સફરમાં મળીને એણે એક-બે નહિ, પણ પંદર વર્ષ સખત કામ કર્યું હતું. અત્યંત કપરા સંજોગોમાં, અનેક શારીરિક અને માનસિક કષ્ટો સહન કરીકરીને, અનેક વિઘ્નો ને માણસોનો સામનો કરીને એ હવે ખૂબ જ થાકી ગયો હતો. અકાળે એ વૃદ્ધ જેવો બની ગયો હતો. રશિયાના ઠેઠ પૂર્વ છેડે જઇ અમેરિકાનો ખંડ શોધવાનું એણે ઉપાડેલું કાર્ય, અલબત્ત, ભગીરથ હતું. પરંતુ એ કાર્યની સિદ્ધિએ એની પાસે ઘણો વધારે શ્રમ કરાવ્યો હતો. અત્યારે બેરિંગ પોતે આનંદ અનુભવી નહોતો શકતો કે બીજાના આનંદને ઝીલી પણ નહોતો શકતો. એનો આનંદ મરી જવાનું બીજું પણ કારણ હતું. પોતાની સાથે



પહેલી સૂચના વાસી પાણી કાઢી નાખી તાજું પાણી ભરી દેવાની આપી. અમેરિકાના કિનારાનું પીવાનું પાણી એશિયાના વહાણમાં ભરાવા લાગ્યું. પાણી ભરવાના કામ પરથી જ એ સ્પષ્ટ હતું કે તેમને અમેરિકાને કિનારે શિયાળો રોકાવાનું નથી. તેમ છતાં સ્ટેલરે એ બાબતની તકરાર માંડી હતી. એણે બેરિંગને ગરમ મિજાજે પૂછ્યું, 'શા માટે આપણે અહીં શિયાળો રોકાવાનું નથી?'

'એમ રોકાવું બહુ જોખમભરેલું છે.' બેરિંગે શાંતિથી જવાબ આપ્યો.

'તમને શિયાળાની લાંબી રાતની બીક લાગે છે, ખરું ને?'

જે જર્મન પ્રકૃતિવિશારદ ડૉ. સ્ટેલર આવ્યો હતો એ દિવસેદિવસે તદ્દન વિચિત્ર અને તકરારી સ્વભાવનો બનતો જતો હતો. જરાજરા વાતમાં કંઇ પણ ઓછું પડે કે તરત એ મોટી તકરાર માંડીને બેસતો. એ બધી તકરારનો નિવેડો બેરિંગને લાવવો પડતો. સ્ટેલર ઘણી વાર બેરિંગની સાથે પણ દલીલબાજીમાં ઊતરી પડતો ને તકરાર માંડતો. આથી બેરિંગને એની સાથે સમજાવટને બદલે હુકમથી જ ઘણી વાર કામ લેવું પડતું, અને એનું તેને દુઃખ થતું. વળી એને લીધે વહાણમાં વારંવાર વાતાવરણ તંગદિલી અને ગમગીની ભરેલું બની જતું. આવા બધા સંજોગોને લીધે પોતાના કાર્યમાંથી બેરિંગનું મન ઊઠી ગયું હતું. પોતાની ઇચ્છા પ્રમાણે એ વર્તવા માંડયો હોત તો અડધે રસ્તેથી જ એ પાછો ફર્યો હોત. રક્તક્ષયની અસરને લીધે, અમેરિકા શોધાય કે ન શોધાય તો ય શું એવી મનોદશામાં એ મુકાઇ ગયો હતો.

કામચાત્કાને કિનારેથી ઊપડવામાં અને રસ્તામાં ચિરિકોવની રાહ જોવામાં જે સમય વેડફાઇ ગયો હતો તે જોતાં બેરિંગે નક્કી જ કર્યું હતું કે અમેરિકાને કિનારે પહોંચી થોડા દિવસમાં જ પાછા ફરવું. જો વધારે દિવસ ત્યાં તેઓ રોકાય તો પછી શિયાળાની લાંબી રાત અમેરિકાના અજાણ્યા પ્રદેશમાં કે સમુદ્રમાં અધવચ્ચે ક્યાંક પસાર કરવાનું તેમને માથે આવી પડે. બેરિંગ બીજા કરતાં વધારે અનુભવી હતો અને આ બધા દિવસની એણે ગણતરી કરી લીધી હતી.

અમેરિકાના કિનારા આગળ વહાણ ઊભું રહ્યું. હોડકામાં બેસી બધા કિનારે ગયા અને ત્યાં મુકામ નાખ્યો. સૌ જુદીજુદી પ્રવૃત્તિમાં રોકાઇ ગયા હતા. કોઈક શિકાર કરવાના, કોઇક નકશાઓ તૈયાર કરવાના, કોઈ વહાણની ભાંગીતૂટી વસ્તુઓ સમી કરવાના કામમાં લાગી ગયા હતા. ડૉ. સ્ટેલર કિનારા પર હોડકાં, શંખલાં, માછલાં વગેરે ભિન્નભિન્ન વસ્તુઓના નમૂના એકઠા કરવાના કામમાં લાગી ગયો હતો. થોડેક દૂર એક ખંડેર હતું. ત્યાં એ ગયો. ખંડેરમાં ભાંગેલાં વાસણો, લાકડાં, તીરકામઠાં અને વપરાશની બીજી ઘણી જૂની વસ્તુઓ પડી હતી. એમાંથી કેટલીક એણે એકઠી કરી લીધી. ત્યાર પછી જુદીજુદી વનસ્પતિના ઘણા નમૂના એણે એકઠા કર્યા. નવા પ્રદેશમાં પ્રકૃતિવિષયક અવલોકન કરવામાં અને એના નમૂના એકઠા કરવામાં એ એટલો બધો મશગૂલ બની ગયો હતો કે કેટલીક વાર એ ખાવા પણ આવતો નહોતો. વસ્તુતઃ બીજા બધા કરતાં એણે પોતાના વિષયની દૃષ્ટિએ અમેરિકાને કિનારે ઘણું કામ કરી લીધું હતું.

બેરિંગ એક વાર કિનારા પર જઈ પાછો વહાણમાં આવી ગયો હતો. પહેલાં કરતાં અત્યારે એને કંઈક ઠીક જણાતું હતું. અમેરિકાને કિનારે વધારે દિવસ રોકાવાનું નથી એ નક્કી હતું. એટલે એણે સૌથી

'હું એથી જરા ય બીતો નથી. આ પ્રશ્ન બીકનો નથી. આપણે કોઈ જ ડરી જઈએ એવા નથી.' 'તો પછી?'

'સવાલ ખોરાકનો છે. આપણી પાસે મૂળ સ્થાને પહોંચવા જેટલો જ ખોરાક છે. અહીં અજાણ્યા પ્રદેશમાં આપણા માણસોનો વગર કારણે ભોગ આપવાની જરૂર નથી.'

'આ તો સાહસ છે. ભોગ આપવો ન હોય તો આવ્યા શું કામ?'

'એવું આંધળું સાહસ કરવામાં હું નથી માનતો. તમે તમારો એક વિષય લઈને આવ્યા છો. એટલે એ સિવાય તમને બીજું કંઈ સૂઝે નહિ. મારે માથે બધાની જવાબદારી છે.'

'તો આપણે અહીં કેટલા દિવસ રોકાઇશું? મારે તો હજુ પ્રકૃતિના કેટલા બધા નમૂના એકઠા કરવાના છે!'

'ઉનાળો પૂરો થવા આવ્યો છે. ઋતુ બદલાતાં પહેલાં અનુકૂળ પવનનો આપણે લાભ લઈ લેવો જોઇએ. આવતી કાલે અનુકૂળ પવન હશે તો આવતી કાલે આપણું વહાણ ઊપડશે.'

'પણ થોડા દિવસ વધારે...'

'એક પણ નકામો દિવસ બગાડયો એટલે એક જ દિવસ નથી બગડતો. આવતા ઉનાળા સુધી, લગભગ એક આખું વરસ બગડવાનો સવાલ ઊભો થાય છે. આપણી પાસે એક વરસની વ્યવસ્થા નથી. વ્યવસ્થાને અભાવે શું પરિણામ આવે એ હું જાણું છું. એવા પરિણામની જવાબદારી હું લેવા ઇચ્છતો નથી.'

સ્ટેલર ઘણો નિરાશ થઈ ગયો. બેરિંગને એની સાથે ઉગ્ર થવું પડયું.

બીજે દિવસે સવારે જોરજોરથી પવન ફૂંકાવા લાગ્યો. એ વખતે કેટલાક માણસો દરિયાકિનારે લટાર મારી રહ્યા હતા. કેટલાક પીવાનું પાણી પીપમાં ભરી રહ્યા હતા. બીજા કેટલાક અન્ય કાર્યમાં રોકાએલા હતા. કેટલાક વહાણમાં આરામ કરતા હતા. સ્ટેલર એ વખતે જુદીજુદી વસ્તુઓ એકઠી કરી રહ્યો હતો. પવન એટલો બધો અનુકૂળ હતો કે પાણી પૂરું ભરવાની રાહ જોવાનું પણ પાલવે તેમ નહોતું. હજુ વીસ પીપ પાણી ભરવાનું બાકી હતું. બેરિંગે પાણી ભરવાનું કામ બંધ કરવાની, કિનારે હોય એ બધાને બોલાવી લાવવાની અને સફર માટે વહાણને સઢ ચડાવી સજ્જ કરવાની સૂચના આપી દીધી. બધા વહાણ પર પહોંચી ગયા, છતાં સ્ટેલર આવ્યો નહિ. એ પોતાને ખાતર હાથે કરીને થાય તેટલું મોડું કરાવવા ઇચ્છતો હતો. બેરિંગે એને માટે ખાસ માણસ મોકલ્યો છતાં એ આવ્યો નહોતો. છેવટે બેરિંગે એને ચેતવણી આપતો હુકમ મોકલ્યો, 'દસ મિનિટમાં આવી જાઓ, નહિ તો તમારા વિના વહાણ ઊપડશે.'

સ્ટેલર દોડતોદોડતો આવ્યો. એણે સવાલ કર્યો, 'વહાણ અત્યારે જ ઊપડે છે?'

'અત્યારે જ. પવનનો લાભ લઈ જ લેવો જોઇએ.' બેરિંગે કહ્યું.

'એકાદ દિવસ તો વધારે રહેવા દો. તમારો પવન નહિ નાસી જાય.'

'પવન કેવો નાસી જાય છે એનો તમને ક્યાં અનુભવ છે? પવનની કિંમત અત્યારે ન સમજાય. એ તો નાસી જાય છે ત્યારે જ સમજાય છે.'

'તો આપણે શું આટઆટલી મહેનત કરીને ફક્ત અમેરિકાનું પાણી એશિયામાં લઈ જવા માટે જ આવ્યા છીએ?'

'એ પાણી પણ પૂરું નહિ. છેલ્લાં વીસ પીપ પાણી ભરવાનું પણ મેં છોડાવી દીધું છે. પાણી ભરવા રોકાઇએ તેટલી વારમાં તો કેટલાય માઇલો દૂર નીકળી જઈશું.'

'તમને ફક્ત તમારો જ વિચાર આવે છે. બીજાની ઇચ્છાની તમને કંઇ જ કદર નથી.' સ્ટેલરે વ્યક્તિગત આક્ષેપો શરૂ કરી દીધા.

'હું જે કરું છું તે બધાનો વિચાર કરીને જ કરું છું. અત્યારે નહિ ઊપડીએ તો મધદરિયે ક્યાંક સપડાઈ જઇશું. આ પવન પણ આપણને હેમખેમ પહોંચાડે ત્યારે સાચું. માટે વહાણ ઉપાડવાનો મેં નિશ્ચય કરી લીધો છે અને એ નિશ્ચયમાં હું મક્કમ છું. તેમ છતાં તમારે એકલાને રોકાવું હોય તો તમે એકલા રોકાઈ શકો છો. તમારે ખાતર બધાને રોકાવાની હું ફરજ ન પાડી શકું.'

સ્ટેલર ચૂપચાપ વહાણમાં ચડી ગયો. પરંતુ એના મનનો ધૂંધવાટ હજુ શાંત થયો નહોતો.

'સેંટ પીટર' વહાણે પોતાનાં લંગરો ઉપાડયાં. સઢમાં પવન ભરાયો અને સડસડાટ કરતું વહાણ પાછું ફરવા લાગ્યું. બેરિંગ એ વખતે પોતાની પથારીમાં શાંત ચિત્તે સૂતો હતો. સ્ટેલર ઉગ્ર થઇ બીજાને ઉશ્કેરતો હતો અને બેરિંગનો પક્ષ લેનાર સાથે ગાળાગાળી કરતો હતો. રશિયા અને અમેરિકા સમુદ્રમાં અડોઅડ આવેલાં છે કે નહિ એ શોધવાનું કાર્ય સિદ્ધ કર્યાનો બેરિંગને સંતોષ હતો. પોતાની પ્રિય પ્રવૃત્તિ અધૂરી રહી ગયાનો સ્ટેલરને ઘણો જ અસંતોષ હતો.

વહાણની અસાધારણ ઝડપને લીધે કામચાત્કા પહોંચવાને હવે ગણતરીના દિવસો જ રહ્યા હતા. પોતાના મૂળ સ્થાને પહોંચી જવાના વિચારે તેઓ આનંદમાં આવી ગયા હતા, ત્યાં એકાએક પવન થંભી ગયો. પવનની મદદથી તીરની જેમ સડસડાટ પાણી કાપતું વહાણ પવનના અભાવે ઊભું રહી ગયું. એના સઢ ઢીલા પડી ગયા. બેરિંગની ધારણા કરતાં પણ પવન વહેલો થંભી ગયો. બેરિંગની વાત કેટલી સાચી હતી એ તેમને બધાને અત્યારે સમજાયું. તેમણે હલેસાં મારવાં શરૂ કર્યાં. પવન ભરેલા સઢ વડે જેટલું અંતર તેઓ એક દિવસમાં કાપતા હતા તેટલું અંતર હલેસાં વડે કાપતાં બરાબર દસ દિવસ લાગ્યા. આ હિસાબે તો પાંચ દિવસનું અંતર કાપતાં લગભગ પચાસ દિવસ લાગવાના. આમ છતાં તેઓ ફરી પવન ફૂંકાશે એવી આશા સેવી રહ્યા હતા. બીજી બાજુ, જેટલું અંતર કપાય એટલું કાપવા તેઓ પ્રવૃત્ત બની ગયા હતા. એટલા માટે જ, માર્ગમાં નાનાનાના ટાપુઓ ક્યાંક ક્યાંક આવતા હતા છતાં, સમય ન બગડે એ માટે, તેમણે ત્યાં આશ્રય ન લીધો કે આરામ ન કર્યો.

આટલા દિવસમાં આકાશમાં ધુમ્મસ છવાયું અને વરસાદ પણ પડ્યો. વાતાવરણમાં ઠંડી પ્રસરી ગઈ. હવામાન ખરાબ થઈ ગયું. કદીક પવન ફૂંકાતો, પણ તે તો હવે ઊલટી દિશાનો, એટલે એ તો વહાણની ગતિને અટકાવી દેતો, અને જોરદાર હોય ત્યારે વહાણને પાછું પણ ઘસડી જતો. દિવસેદિવસે ઠંડી વધવા લાગી અને ખરાબ હવામાનની અસરને લીધે ઘણાખરાને રક્તક્ષયનાં ચિહ્નો દેખાવા લાગ્યાં. અમેરિકાનું પાણી હવે ખલાસ થઈ ગયું હતું. ખોરાક ખૂટી ગયો હતો. તેઓ અડધા ભૂખ્યા સૂઈ જતા હતા. તેઓ ભૂખે રિબાતા હતા અને ઠંડીમાં ઠૂંઠવાતા હતા. દિવસે દિવસે પરિસ્થિતિ વિકટ ને ગંભીર બનતી ગઈ. મૃત્યુ તેમનામાંના ઘણાના ચહેરા પર આવીને બેસી ગયું હતું. ટપોટપ માણસો મરવા લાગ્યા. એકના શોકમાંથી તેઓ મુક્ત થયા ન હોય ત્યાં બીજાના મૃત્યુના સમાચાર પ્રસરવા લાગ્યા જ હોય. એક પણ દિવસ એવો પસાર નહોતો થતો જ્યારે એકબેનાં અવસાન ન થયાં હોય. રોજેરોજ મૃતદેહો સમુદ્રમાં પધરાવાતા જતા હતા. ખુદ બેરિંગ પોતે પણ મરવા પડ્યો હતો. પરતુ આ બધું દુઃખ જોવાનું હજુ એના ભાગ્યમાં લખાએલું હતું.

આ રીતે લગભગ ચોત્રીસ દિવસ પસાર થઈ ગયા. એટલા દિવસમાં તેમણે પોતાના કેટકેટલા સાથીદારોને ગુમાવ્યા હતા! બાકી રહેલાની નૈતિક હિંમત ભાંગી ગઈ હતી. માર્ગમાં આવેલા ટાપુઓનો આશ્રય ન લેવા માટે તેમને પશ્ચાત્તાપ થતો હતો. જમીનનો ટુકડો જોવા માટેની તેમની ઘેલછા ઉત્તરોત્તર વધતી જતી હતી. કામચાત્કાના કિનારે જલદી પહોંચાય એ માટે સશક્ત માણસોએ રાતને વખતે પણ હલેસાં મારવાનું ચાલુ રાખ્યું.

એક દિવસ તેમને દૂરદૂર ક્ષિતિજ પર જમીન જેવું કંઈ દેખાયું. બસ એ જ કામચાત્કાનો કિનારો. માંદા અને સાજા, જીવતા હતા એટલા બધા જ જોવા ઊભા થયા. પોતાના મૂળ સ્થાને આવી પહોંચવાના વિચારે તેમણે છુટકારાનો દમ લીધો. અનુકૂળ પવન હોત તો જ્યાં એકબે કલાકમાં પહોંચી શકાયું હોત, ત્યાં હલેસાં મારીને પહોંચતાં થોડા વધારે કલાક લાગે તેમ હતું. તેમ છતાં પણ હવે કિનારો હાથવેંતમાં છે એ આશાએ તેમનામાં ચેતનાનો સંચાર થયો હતો. જે માંદા હતા તે સૂઈ ગયા. જે સશક્ત હતા તે બધી વસ્તુઓ ગોઠવવા અને બાંધવામા પડ્યા. એટલામાં એકદમ પવનનો સપાટો આવ્યો, પરંતુ દુર્ભાગ્યે, ઋતુ બદલાતાં એની દિશા પણ બદલાઈ ગએલી હતી, પવન સાથે પાણી પણ હિલોળે ચડ્યું અને તોફાન કરવા લાગ્યું. પાણી ને પવન વહાણને કેટલાયે માઈલ પાછું ઘસડી ગયાં.

હવે શું કરવું? નવેમ્બર મહિનો શરૂ થઈ ગયો હતો. શિયાળો બેસી ગયો હતો અને શિયાળાની લાંબી રાત ઊતરવાના ઓળા દેખાવા લાગ્યા હતા. એ પહેલાં કામચાત્કા પહોંચવાની હવે આશા રહી નહોતી. એથી હવે જ્યાં પહોંચાય ત્યાં પહોંચી જવા માટે તેઓ અધીરા બની ગયા હતા. થોડા અંતર પહેલાં એક ટાપુ આગળથી તેઓ પસાર થયા હતા. ત્યાં પહોંચી જવા માટે તેમણે મરણિયા પ્રયાસ આદરી દીધા. પરંતુ જાણે કે તેમના પ્રયાસોને નિરર્થક બનાવવા માટે જ સમુદ્રનાં પાણી તોફાને ચડ્યાં. પાણીનાં મોટાં ઊછળતાં મોજાંઓ સાથે વહાણ આમથી તેમ ફેંકાવા લાગ્યું. વહાણ કાબૂમાં રાખવાનું પણ અઘરું બની ગયું. એટલામાં એક ભયંકર મોટું મોજું તેમના વહાણને ઘણા માઇલ દૂર ઘસડી ગયું. સદ્ભાગ્યે, જે ટાપુ તરફ જવા માટે તેઓ અથાગ પ્રયત્નો કરતા હતા એ ટાપુના કિનારા તરફની દિશામાં જ તેમનું વહાણ ઘસડાયું હતું. હવે તેઓ તોફાનની બહાર નીકળી ગયા હતા. ઝટઝટ હલેસાં મારી તેઓ ટાપુ તરફ પહોંચી ગયા. વહાણ નાંગરીને હોડકામાં બેસી તેઓ કિનારે પહોંચ્યા. ભયંકર નરકમાંથી જાણે મુક્તિ પામીને અમરાપુરીમાં આવ્યા હોય એટલો એમને આનંદ થયો.

એ એક નાનકડો ટાપુ હતો. આ ટાપુ પર અત્યાર સુધીમાં કોઈ માનવે પગ નહિ મૂક્યો હોય એમ લાગતું હતું; વિશેષતઃ એટલા માટે કે ત્યાંનાં જંગલી પશુઓ તેમને જોઇને નાસી જવાને બદલે સ્વાભાવિકતાથી આમતેમ ફરતાં હતાં. તેમાં યે ભૂરા રંગનાં સેંકડો શિયાળવાં તેમની આસપાસ કુતૂહલથી ઘૂમ્યા કરતાં હતાં. તેમણે કેટલાંક શિયાળનો શિકાર કર્યો. ભૂખનો પ્રશ્ન હવે ચાલ્યો ગયો હતો. જોકે કેટલાકની

લથડેલી તબિયતમાં એથી ખાસ ફેરફાર થયો નહોતો.

શિયાળાની લાંબી રાત પાસે આવી રહી હતી એટલે કેટલાક પથ્થર અને માટીનું કામચલાઉ ઘર બાંધવાના કામમાં લાગી ગયા હતા. સ્ટેલર એમાં ખાસ મદદ કરતો હતો. કેટલાક વહાણમાંથી વસ્તુઓ લાવી ગોઠવવાના કામમાં લાગી ગયા હતા. માંદા અને સાજા બધા એ ટાપુ પર રહેવા આવી ગયા હતા. ઘર ઊભું થાય ત્યાં સુધી તેઓ તંબૂમાં રહ્યા હતા. ઘરની તેમને તાત્કાલિક જરૂર હતી, કારણ કે ઉત્તરોત્તર ઠંડી અસહ્ય બનતી જતી હતી, અને શિયાળોનો ત્રાસ ચાલુ હતો. એકસામટાં ઍસીનેવું શિયાળો તેમના પર ધસી આવતાં અને તેમની કંઈક ને કંઈક વસ્તુઓ ખેંચી જતાં. એ માટે તો ઘરની એક પણ બાજુ ખુલ્લી ન રહે એ રીતે તેમણે પથરાઓ ગોઠવી દીધા હતા.

ટાપુ પર આવ્યા પછી કેટલાકની તબિયતમાં સુધ રો જણાતો હતો. પરંતુ કેટલાકની તબિયત લથડેલી જ રહી હતી. એવા કેટલાક માણસોએ આ ટાપુ પર પોતાના પ્રાણ છોડચા. ડિસેમ્બર મહિનાને અંતે બેરિંગની તબિયત પણ ખૂબ લથડી ગઈ. રક્તક્ષયની અસરને લીધે હવે એને જીવનનો થાક લાગ્યો હતો. પોતાના ઘણા સાથીદારો મૃત્યુ પામ્યાનો એને શોક હતો, પરંતુ જે સર્વનાશનો ભય એમને માથે તોળાઈ રહ્યો હતો તેમાંથી બીજા બચી ગયાનો એને સંતોષ પણ હતો. પોતાનું મૃત્યુ નિશ્ચિત છે એ હવે એને સમજાઈ ગયું હતું. એણે સ્ટેલરને અને પોતાના બચેલા બધા સાથીદારોને પોતાની પાસે બોલાવ્યા. આખી યે પરિસ્થિતિ સમજાવી ટુકડીની સરદારી એણે સ્ટેલરને સોંપી અને બધા સાથીદારોને એની આજ્ઞા પ્રમાણે વર્તવાનું અને સંપથી રહેવાનું સમજાવ્યું.

નવું વર્ષ બેસે તે પહેલાં બેરિંગની અંતિમ ઘડીઓ ગણાવા લાગી. થોડી વારમાં એણે શાંતિથી દેહ છોડચો, એનો જીવનદીપ બુઝાઈ ગયો. એની આસપાસ બેઠેલા એના સાથીદારોની આંખમાંથી આંસુ સર્યાં. એમણે એના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી અને એ ટાપુ પર એક જગ્યાએ એના મૃતદેહને વિધિપૂર્વક દફનાવ્યો. એના સાથીદારોએ આ ટાપુનું નામ 'બેરિંગ ટાપુ' રાખ્યું; જે સમુદ્રમાં આ ટાપુ આવ્યો હતો અને જે સમુદ્રની તેમણે સફર કરી હતી એ સમુદ્રનું નામ 'બેરિંગ સમુદ્ર' રાખ્યું, અને એશિયા અને અમેરિકાની વચ્ચે આવેલી સામુદ્રધુનીને 'બેરિંગ સામુદ્રધુની' એવું નામ આપ્યું.

વિટસ બેરિંગ ખરેખર એક સમર્થ સાહસિક હતો. અલબત્ત, એની પ્રતિભા બીજા સાહસિકો જેવી નહોતી. ડેન્માર્કમાં જન્મેલો અને રશિયામાં ઊછરેલો આ સાહસિક ઘણો જ નીડર, કાબેલ અને રાજ્યને વફાદાર હતો. દુર્ભાગ્યે એની બધી જ શક્તિ સાહસ કરતાં સાહસની પૂર્વતૈયારીમાં જ વેડફાઈ ગઈ હતી. અમેરિકા શોધવા માટેની દરિયાઈ સફરમાં એણે આપેલો સમય વરસ જેટલો હતો, જ્યારે એની પૂર્વ-તૈયારીમાં એનાં પંદર વર્ષ ચાલ્યાં ગયાં હતાં. પરિણામે શક્તિ અને સમયના પ્રમાણમાં એને મળવી જોઇએ તેટલી સિદ્ધિ મળી નહોતી. શારીરિક અને માનસિક કષ્ટોએ એના ઉત્સાહને કચડી નાખ્યો હતો. જિંદગીનાં ઉત્તમ વર્ષો એણે શોધસફરમાં ખર્ચી નાખ્યાં અને છેવટે પોતાના પ્રાણનો પણ ભોગ આપ્યો. છતાં, જે અમેરિકા શોધવા એ નીકળ્યો હતો એ અમેરિકાના કિનારા પર નિરાંતે પગ મૂકવાનો અવસર પણ એ મહત્ત્વાકાંક્ષીને મળ્યો નહિ.

બેરિંગ, ખરેખર, કારુણ્યની મૂર્તિ જેવો સાહસિક હતો.

ટાપુ પર હવે ફક્ત છેંતાલીસ માણસો જ રહ્યા હતા. એમણે અત્યાર સુધીમાં પોતાના અડધા કરતાં યે વધારે સાથીદારો ગુમાવ્યા હતા. બેરિંગના અવસાનથી તેમણે પોતાનો એક કાબેલ સરદાર ગુમાવ્યો હતો. હજુ શિયાળાના દિવસો સાથે પસાર કરવાના હતા અને કામચાત્કાના કિનારે પહોંચવાનું હતું. એટલે સૌથી પહેલો તેમણે એ નિશ્ચય કર્યો કે ભૂતકાળની તકરારો, ઈર્ષ્યા, અણબનાવ વગેરે બધું ભૂલી જઈ સહકારથી કામ કરવું અને સ્ટેલરને વફાદાર રહેવું. તેમણે પોતાની ત્રણ ટુકડી પાડીને કામની તથા જવાબદારીની વહેંચણી કરી નાખી.

શિયાળાની લાંબી રાત પૂરી થઈ. એની અસર તેમનાં બધાનાં શરીર પર ખૂબ થઈ હતી. તેઓ શરીરે અશક્ત અને કૃશ થઈ ગયા હતા. તેમના ચહેરા પરથી તેજ ઊડી ગયું હતું. તેમનામાંના કેટલાકને રક્તક્ષયની અસર જણાતી હતી. શિયાળો પૂરો થયો એટલે તેમણે કામચાત્કા તરફ જવાની તૈયારી શરૂ કરી. પણ કિનારે જઇને જોયું તો તેમનું વહાણ 'સેંટ પીટર' બરફની ભીંસમાં સાવ ભાંગી ગયું હતું, વપરાશ માટે તે તદ્દન નકામું બની ગયું હતું. હવે જ્યાં સુધી બીજો કંઇ પ્રબંધ ન થાય ત્યાં સુધી આ ટાપુ પર જ ફૂસાઇ પડચા જેવું થયું હતું. તેમણે 'સેંટ પીટર'ના જ લાકડામાંથી એક નાનકડું, કામચલાઉ વહાણ બનાવવાનું શરૂ કર્યું. હથિયારો તેમની પાસે હતાં અને કારીગરો પણ તેમની પાસે હતા. તાબડતોબ કામ ચાલવા લાગ્યું અને ઑગસ્ટ મહિનામાં નવું નાનકડું 'સેંટ પીટર' તૈયાર થયું. બેંતાલીસ ફૂટ લાંબા 'સેંટ પીટર'માં છેંતાલીસ માણસો અને સરસામાન ખીચોખીચ ગોઠવાઈ ગયા. પવન અનુકૂળ હતો, હવે પહેલાંના જેવો કડવો અનુભવ ન થાય અને સહીસલામત પહોંચી જવાય એ માટે બધાએ શાંતિથી, સ્વસ્થતાથી, આશાથી સાચા દિલે ઈશ્વરને પ્રાર્થના કરી.

કામચલાઉ વહાણ હતું એટલે અંતર કાપતાં વાર લાગતી હતી. પવન મંદ પડી ગયો હતો એટલે હલેસાં મારીમારીને વહાણ આગળ ધકેલવું પડતું હતું. એના સતત શ્રમથી તેમની શક્તિ હરાતી જતી હતી. વજનને લીધે વહાણની ઝડપ પણ વધતી નહોતી છતાં હવે તો આ દુઃખનો અને દરિયાનો આરો આવી રહેશે એમ તેમને લાગતું હતું.

બીજે દિવસે મધરાતે મંદમંદ ગતિ કરતું વહાણ એકાએક અટકી ગયું. એકાદબે ખલાસી સિવાય કોઇ જાગતું નહોતું. થાકને લીધે બધા ઘસઘસાટ ઊંઘતા હતા. એ વખતે વહાણના એક ખૂણામાંથી નીચેના ભાગમાંથી ગુડ્ ગુડ્ ગુડ્ અવાજ આવી રહ્યો હતો. એક જાગતા ખલાસીને શંકા ગઈ. એણે ત્યાં જઇને જોયું તો વહાણમાં બાકોરું પડચું હતું અને અંદર ઘણું પાણી ભરાઈ ગયું હતું. વહાણ ધીમેધીમે પાણીમાં નીચે ઊતરી રહ્યું હતું. એણે એકદમ બૂમાબૂમ કરીને બધાને જગાડચા. આખા વહાણમાં હાહાકાર વ્યાપી ગયો. પળેપળ વહાણ ડૂબવાના તોળાઈ રહેલા ભયથી કેટલાક ધ્રૂજી ઊઠચા હતા. સશક્ત માણસોએ એકાએક ઝડપભેર પાણી ઉલેચવાનું કામ શરૂ કરી દીધું. સાથે મરામત પણ થવા લાગી. સદ્ભાગ્યે ઈશ્વરે તેમને એક ભયંકર હોનારતમાંથી બચાવી લીધા. પા-અડધો કલાક પણ તેમને મોડી ખબર પડી હોત તો તેમણે બધાએ વહાણની સાથે જ જળસમાધિ લીધી હોત.

એક પછી એક આવતાં સંકટોને લીધે ડગલે ને પગલે ભયની શંકા કરતા, સતત જાગ્રત રહેતા, જલદી પહોંચાય એ માટે સતત હલેસાં મારતા અને ઈશ્વરને પ્રાર્થના કરતા તેઓ ટાપુ પરથી નીકળ્યા પછી બરાબર ચૌદ દિવસે કામચાત્કાના અવાચાના કિનારે આવી પહોંચ્યા. એ કિનારેથી અમેરિકાની શોધ માટે નીકળ્યા પછી બે મહિનાને બદલે બરાબર એક વર્ષ પછી તેઓ ત્યાં પાછા ફરી રહ્યા હતા. આ એક વર્ષ દરમિયાન તેમને માથે જેજે આપત્તિઓ એક પછી એક આવી પડી અને અસહ્ય ઠંડી, ખરાબ વાતાવરણ, ઓછો ખોરાક, વાસી પાણી, અને સતત ભય, ચિંતા અને શ્રમને લીધે તેમનાં શરીર એટલાં બધાં પાતળાં અને ફિક્કાં પડી ગયાં હતાં કે કિનારા પર પગ મૂકતાં જાણે કબરમાંથી તેઓ જીવતા ન થયા હોય એવા લાગતા હતા!

શબ્દકથા : 'નંદવાવું'

કવિ ઉમાશંકરની એક સહેજે યાદ રહી જાય તેવી પંક્તિ છે : 'માનવીનાં હૈયાંને નંદાવામાં વાર શી ?' પંક્તિની સુંદરતા ખાસ તો 'ભાંગવું'ને બદલે 'નંદવાવું' વાપર્યું તેને આભારી છે. 'નંદવાવું' એટલે માત્ર 'ભાંગી જવું' જ નહિ, પણ કોમળ, નાજુક, ને કીમતી ચીજનું ભાંગી જવું. 'નંદવાવું' વાપરીને કવિએ હૃદયના એ ગુણો ધ્વનિત કરી દીધા તેથી પંક્તિ સુંદર બની.

પણ ચાલુ વ્યવહારમાં 'નંદવાવું'નો પ્રયોગ બંગડી સાથે થતો હોય છે. 'બંગડી નંદવાઈ' એવી ઉક્તિઓમાં જ એ ઘણુંખરું તો વપરાય છે. આથી જ કોશમાં 'નંદાવું' કે 'નંદવાવું' એટલે 'ભાંગવું—ખાસ કરીને કાચની વસ્તુનું' અને 'નંદવું' કે 'નદવવું'='તોડવું—ખાસ કરીને કાચની વસ્તુનું' એમ નોંધાયું છે. પણ કાચની બંગડીનો ચાલ થયો તે પહેલાંથી દાંત વગેરેની ચૂડી કે ચૂડો પહેરાતો આવ્યો છે: અને તે તૂટતાં પણ 'નંદવાવું' વપરાય છે; એટલે, કાચની વસ્તુનું તૂટવું એને જ મુખ્યત્વે 'નંદવાવું' કહેવાનો કોશનો મત બરાબર નથી. સૌભાગ્યચિહ્ન મનાતી—ને તેથી કીમતી—બંગડી કે ચૂડી જેવી નાજુક વસ્તુનું તૂટવું એટલે નંદવાવું એમ કહીએ તો જ 'ચૂડી નંદવાઈ' 'બંગડી નંદવાઈ' 'હૈયું નંદવાયું' એ બધા પ્રયોગોનો ઘટતો ખુલાસો મળે.

કોશ 'નંદવું' 'નંદાવું' વગેરેનું મૂળ સંસ્કૃત नद् 'અવાજ કરવો' એમાં હોવાની અટકળ લગાવે છે. પણ હકીકત જુદી જ છે. હિન્દીમાં 'દીવો બુઝાયો'ના અર્થમાં 'दीया नँद गया' એવો પ્રયોગ છે. આ પ્રયોગ આપણા 'દીવો વધેર્યો' એવા પ્રયોગને મળતો છે. એનો અર્થ એ થયો કે 'નંદવાવું' એ મૂળ તો અમંગળ ગણાતી ક્રિયા માટે મંગળવાચી શબ્દ હોય. ચૂડી ભાંગવી એ સૌભાગ્ય ખંડિત થયાનું સૂચક, માટે એ ક્રિયા 'અખંડ રહેવું' એવા અર્થના શબ્દથી દર્શાવાય. અને તરત જ આપણને ખયાલ આવે છે કે સંસ્કૃત 'नन्द्'–'આનંદ પામવું' 'કુશળ હોવું' એ જ ધાતુ ઉપરથી આપણા 'નંદવું' 'નંદવાવું' વગેરે થયા છે. 'ચૂડી ભાંગી' એમ ન કહેતાં 'ચૂડી કુશળ છે, અખંડ છે' એવો મંગળવાચી પ્રયોગ પ્રચારમાં આવ્યો. અગાઉ 'વધાવવું-ભંદાવવું' એ શબ્દકથામાં આવા ઘણા પ્રયોગો નોંધ્યા છે તે કદાચ યાદ હશે. ઈસવી દસમી શતાબ્દીમાં વ્યાકરણકાર શાકટાયન दीपो नन्दति એવો પ્રયોગ નોંધે છે, તે જોતાં હજાર વરસ પહેલાં સંસ્કૃતમાં પણ नन्द्નો આ અર્થ વિકસી ચૂક્યો હોવાનું સમજાય છે. —હરિવલ્લભ ભાયાણી

સાહિત્યસંપર્ક

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયનાં

નીરોગી જીવન

વૈદ્ય પુરુષોત્તમ અમૃતલાલ જાનીએ લખેલા આ પુસ્તકનો પરિચય કરાવતાં 'નિવેદન'માં શ્રી મનુ સૂબેદારે યથોચિત કહ્યું છે કે 'સામાન્ય માણસ નીરોગી જીવનનું મહત્ત્વ પિછાને અને નીરોગી રહેવા માટે જરૂરી એવી સામાન્ય માહિતી મેળવી લે તે હેતુથી આ પુસ્તક, જન-સમુદાયની વાતચીતની સરળ શૈલીમાં લખાયું છે. શરીરના જુદાજુદા અવયવોની રચના, તેનાં કામ, ખોરાકની અસર, ચોખ્ખાં હવા-પાણી, ખોરાક ને કસરતની જરૂર તથા અવાર-નવાર થઈ આવતી માંદગીની સમજ તથા તેને રોકવાના ને ઘરગથ્થુ રીતે મટાડવાના પ્રાથમિક ઉપાયો વગેરે અનેકવિધ ઉપયોગી માહિતી આ પુસ્તકમાં આપવામાં આવી છે.' આ પુસ્તક સર્વોપયોગી છે. નીરોગી જીવનનું લેખકે સર્વાંગી અને વ્યવહારુ માર્ગદર્શન કરાવ્યું છે, એ તેની વિશેષતા છે. રૂ. ૧–૭૫.

જ્ઞાનભૈષજ્યમંજરી : રોગો અને તેના ઉપાયો બાબત આયુર્વેદમાં એટલી બહોળી માહિતી ભરેલી છે, કે તેનાં જ્ઞાન-ઉપયોગ બાબત સીધું માર્ગદર્શન સામાન્ય માણસ આયુર્વેદમાંથી મેળવી શકતો નથી. સામાન્યલોકોના જ્ઞાન માટે આયુર્વેદના નિષ્ણાત શ્રીગુમાની કવિએ જુદાજુદા સર્વસાધારણ ૭૯ રોગો વગેરેના ઘરગથ્થુ પરંતુ અચૂક ઇલાજો વર્ણવતા શ્લોકોની રચના કરી છે, અને તેની ખૂબી તો એ છે કે એ દરેક ઉપાયને જીવન માટેના એક-એક ઉત્કૃષ્ટ તત્ત્વબોધના ઉપમાન તરીકે યોજીને સમગ્ર રજૂઆતને તેમણે ચમત્કારિક, હૃદ્ય અને સરળ બનાવી છે. તેમના એ શ્લોકો આ પુસ્તિકામાં ગુજરાતી ભાષાંતર સાથે આપવામાં આવ્યા છે. કિંમત : ૦–૨૫ ન. પૈ.

નીતિસમુચ્ચય : કહ્યું છે કે 'જો તારી પાસે સુભાષિત જેવું અમૂલું રત્ન છે, તો પછી રત્ન નામના પથ્થરના ટુકડા તારી પાસે હોય તો યે શું અને ન હોય તો યે શું?' ઉન્નત જીવન માટેની સચોટ અને રસળતી તથા સમજવામાં યે એટલી જ ચમત્કારિકપણે સરળ પ્રેરણા એક 'સુભાષિત' જ આપી શકે. સંસ્કૃત સુભાષિતો એ માનવજીવનનાં ઊંડાણભર્યાં જ્ઞાન, ડહાપણ અને ચાતુરીના બોધ-પ્રબોધનો ભંડાર' છે. 'મહાભારત', 'મનુસ્મૃતિ', ભર્તૃહરિનાં 'શતકત્રય' અને 'પંચતંત્ર'માંથી ચૂંટેલાં નીતિવિષયક સુભાષિતોનો આ નાનોસરખો સમુચ્ચય વસાવવા સરખો છે. કિં. ૦–૪૦ ન.પૈ.

ઉપદેશસાહસ્રી

'નિવેદન'માં શ્રી મનુ સૂબેદારના જણાવ્યા પ્રમાણે, શ્રીમત્ શંકરાચાર્યે અદ્વૈતદર્શનના જિજ્ઞાસુઓ માટે લખેલા 'વિવેકચૂડામણિ', 'અપરોક્ષાનુભૂતિ' જેવો પ્રસ્તુત એ એક સરળ ગ્રંથ છે. તેમાં વાદી–પ્રતિવાદીનો વાદવિવાદ નથી, પણ ગુરુશિષ્યને આપે તેવો હૃદયંગમ ને સરળ ઉપદેશ નિરૂપાયો છે.

અહીં મૂળ સાથે શ્રી ગિરિજાશંકર મયાશંકર શાસ્ત્રીએ કરેલો ગુજરાતી અનુવાદ આપવામાં આવ્યો છે. સ્વામી રામતીર્થે કરેલા ખુલાસા તથા સ્વામી કૃષ્ણાનંદજીએ વિશેષ સરળતા માટે કરેલાં વિવરણ-માર્ગદર્શન ફૂટનોટમાં આપવામાં આવ્યાં છે. કિંમત: રૂ. ૪–૦૦.

આ અગાઉ શ્રી શંકરાચાર્યનાં 'વિવેકચૂડામણિ', 'મણિરત્નમાલા', 'મોહમુદ્ગર અને બીજાં દશ રત્નો', 'શતશ્લોકી અને બીજાં ચાર રત્નો', 'સ્તોત્રસંગ્રહ', 'હસ્તામલકસ્તોત્ર અને વાક્યસુધા', 'પ્રશ્નોત્તરમાલા' વગેરે ગ્રંથો પ્રકાશક સંસ્થાએ પ્રકટ કર્યા છે.

શ્રી દક્ષિણામૂર્તિસ્તોત્ર : દક્ષિણામૂર્તિ એ શિવનું એક સ્વરૂપ છે. બ્રહ્મવિદ્યાના ઉપદેશક એ ગુરુદક્ષિણામૂર્તિના, શ્રીમત્ શંકરાચાર્યે રચેલા આ દશ સ્તવનશ્લોકોમાં શાંકર વેદાંતનાં સારભૂત તત્ત્વો ખૂબીપૂર્વક વણી લેવાયાં છે, અને આથી તે સ્તોત્ર વેદાંતના સારસંગ્રહ સમું ગણાય છે. મૂળ શ્લોકો, સમશ્લોકી અનુવાદ, વિવેચન તથા શ્રીશંકરાચાર્યના શિષ્ય સુરેશ્વરાચાર્યે પ્રણીત 'માનસોલ્લાસ' વાર્તિકને આધારે સમજૂતી સાથે. સંપાદક: સ્વ. શ્રી પ્રતાપરાય છોટમલાલ દેસાઈ 'અભ્યાસી'; કિંમત : રૂ. ૧–૫૦.

શ્રીમત્ શંકરાચાર્યનાં સ્તોત્રોમાં **સૌંદર્યલહરી**નું સ્થાન તેની ભાવવાહિતા અને અદ્ભુતતાને લઈને અનોખું જ મનાય છે. તેના પહેલા ૪૧ શ્લોકોમાં બ્રહ્માંડમાં ચેતન રૂપે વિલસી રહેલી શક્તિના સૂક્ષ્મ સૌંદર્યનું અને પછી તેના વિરાટ સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે. મૂળ શ્લોકો, શ્રી શાંતિકુમાર જયશંકર ભટ્ટના અનુવાદ સાથે. ૦–૪૦ ન. પૈ.

ઈશ અને કેન ઉપનિષદ : ઉપનિષદનો સીધો અર્થ તે 'નિશ્ચયપૂર્વક પાસે બેસવું તે'. ભાવાર્થમાં સદ્ગુરુના ચરણારવિંદના સમીપ

બેસવાથી પ્રાપ્ત થએલું જ્ઞાન અથવા પ્રત્યગ-ભિન્ન બ્રહ્મની સમીપ લઈ જઇને અવિદ્યા વગેરે સંસારના કારણની અત્યંત નિવૃત્તિ કરનારી બ્રહ્મવિદ્યા તે ઉપનિષદ. આ પુસ્તકમાં ઈશ અને કેન એ બંને ઉપનિષદો અન્વય, ભાષાંતર, અને અદ્વૈતવેદાંતના સર્વોપરિ શાંકર ભાષ્ય સહિત અપાયાં છે. રૂ. ૧–૨૫.

કઠોપનિષદ, પ્રશ્નોપનિષદ અને મુંડકોપનિષદ: અન્વય, શ્રી વાસુદેવ મહાશંકર જોષીએ કરેલા ભાષાંતર ને શાંકરભાષ્ય સાથે, કિંમત: અનુક્રમે રૂ. ૧–૨૫, ૧–૦૦, અને ૧–૦૦; **આપણે ફરી ન વિચારીએ?:** આપણા રાષ્ટ્રજીવનના કેટલાક પ્રશ્નોનો સ્વતંત્ર વિચાર કરવા પ્રેરતી શ્રી ગુણવંતરાય આચાર્યે લખેલી સોળ વાર્તાઓ, ૨–૦૦; **પ્રહ્લાદ આખ્યાન:** ગુજરાતી ભાષામાં રામાયણની પદ્યબંધ રચના કરનાર આપણા જૂના કવિ ગિરધરદાસની એ ભક્તિપ્રધાન તથા સાદી છતાં રસમય વર્ણનશૈલી ધરાવતી શાંતરસપ્રધાન પદ્યકૃતિ, સંશોધક: શ્રી જગજીવનદાસ દયાળજી મોદી, ૦–૫૦; **શ્રી ભીષ્મસ્તવરાજ:** મહર્ષિ વ્યાસ કૃત 'મહાભારત'ના 'શાંતિપર્વ'માં આવતી ભીષ્મપિતામહે જીવનની અંતવેળાએ ભગવાન શ્રીકૃષ્ણની વિભૂતિની કરેલી સ્તુતિ, શ્રી ગિરિજાશંકર મયાશંકર શાસ્ત્રીએ કરેલા ગુજરાતી ભાષાંતર સાથે, ૦–૧૫.

શ્રીરામગીતા: કર્મ, ઉપાસના અને જ્ઞાન એવા ત્રણ કાંડ દ્વારા 'અનુભવાદ્વૈતવાદ' પ્રતિપાદિત કરતા, મહર્ષિ વસિષ્ઠકૃત 'તત્ત્વસારાયણ' ગ્રંથના ઉપાસનાકાંડના બીજા પાદના અઢાર અધ્યાય રૂપે નિરૂપાએલી આ ગીતામાં, શ્રીરામ અને હનુમાન વચ્ચેના સંવાદ રૂપે ધર્મની એક રેખા સહિત ગૂઢ આત્મજ્ઞાન–ક્યાંકક્યાંક અતિસરળપણે–નિરૂપાયું છે. શ્રી અંબાશંકર કાલિદાસ ભટ્ટ કૃત ભાષાંતર સાથે. રૂ. ૧–૭૫.

ચૈતન્ય મહાપ્રભુ: વૈષ્ણવશ્રેષ્ઠ અને પ્રેમાવતાર ગણાએલા સુધારક–શિક્ષક અને મહાસાધક શ્રી ચૈતન્ય મહાપ્રભુના જીવનપ્રસંગો તથા સંતપુરુષો સાથેના તેમના સમાગમો ઉપરાંત તેમનાં ત્યાગ, જ્ઞાનચારિત્ર્ય, અપરિગ્રહ, સહિષ્ણુતા, સેવાભક્તિપરાયણતા અને નામનિષ્ઠા કેવા ઉચ્ચ પ્રકારનાં હતાં તે અંગેના મહત્ત્વના બધા પ્રસંગો શ્રી વિષ્ણુદેવ સકલેશ્વર પંડિતે આ પુસ્તકમાં ટૂંકમાં વણી લેવાનો પ્રશસ્ય પ્રયાસ કર્યો છે. રૂ. ૧–૦૦.

સોરઠના સિદ્ધો: નવા જ્ઞાનના વાતાવરણમાં શ્વાસ લેતાં આપણે આપણી જૂની જ્ઞાનસંપત્તિ વિસારે પાડવા માંડયા છીએ. આથી તે સ્મૃતિમાંથી યે નાશ પામે ત્યાર પહેલાં તેને અક્ષરબદ્ધ કરી લેવી એ બહુ જરૂરનું છે. આપણા જુનવાણી સંતોનાં જીવનકથાનકો પ્રત્યેક મનુષ્યને જીવન-ધર્મનો સચોટ પ્રબોધ કરતાં ઉદાત્ત અને પ્રેરક બની રહે છે. સોરઠમાં થઈ ગએલા એવા ચૌદ સિદ્ધ સંતોનાં શ્રી કાલિદાસ મહારાજે લખેલાં જીવનકથાનકો આ પુસ્તકમાં સંગૃહીત કરાયાં છે. રૂ. ૧–૫૦.

પ્રકાશક સંસ્થાનું સરનામું: સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ભદ્ર પાસે, અમદાવાદ; અને પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ ૨.

પ્રકીર્ણ

સ્વાતિ પ્રકાશન

પ્યાર: રજૂઆત, શૈલી અને નિરૂપણની બાબતમાં નવો જ અને મૌલિક ચીલો પાડતા તથા 'કુમાર'ના વાચકોને તો સુપરિચિત, વાર્તાકાર ચન્દ્રકાન્ત બક્ષીની ૧૬ વાર્તાઓનો સમૂહ–જેમાંની કેટલીક આ અગાઉ 'કુમાર'માં આવી ગઈ છે, ૪-૨૫; **રોમા:** એ જ લેખકની 'પડઘા ડૂબી ગયા' પછીની બીજી નવલકથા, ૩-૭૫; **દેવદાસ:** શરદ્‌બાબુએ લખેલી બંગાળી સાહિત્યની એ ઉત્કૃષ્ટ અને પ્રખ્યાત નવલકથાનું આપણા જાણીતા નાટ્યલેખક શ્રી શિવકુમાર જોષીએ કરેલું નાટયરૂપાંતર, ૨-૫૦.

ત્રણેના પ્રકાશક: સ્વાતિ પ્રકાશન ગૃહ, ૨૨૬ સેમ્યુઅલ સ્ટ્રીટ, મુંબાઈ–૩.

વગર પૈસાનું વૈદું

'કુમાર'માં આવતા શ્રી નટવરલાલ માલવીના ઘરગથ્થુ વૈદક વિષેના લેખો જેમણે વાંચ્યા હશે તેમને ભારે મંદવાડમાંથી યે સાવ ઘરગથ્થુ ઇલાજે કરીને લીલયા ઊગરી જવાની તરકીબની તેમની સરળ રસમય તેમજ સચોટ રજૂઆતની પ્રતીતિ હશે. આ પુસ્તિકામાં તેમણે ત્રણ વિષયો છેડયા છે: જળહરીતકી, ગાયનું ઘી, અને જંગલી કેળાંનાં બીજ.

'પરિચય-પુસ્તિકા'ની ઢબે 'ઉપયોગી પ્રકાશન' નામથી પ્રસિદ્ધ થતી એક બીજી નવતર પ્રકાશનમાળાની આ પહેલી પુસ્તિકાને પણ આરોગ્યના જિજ્ઞાસુઓ ને અભ્યાસીઓ ઉત્સાહથી વધાવશે, એવી આશા રાખીએ.

પ્રકાશક: 'ઉપયોગી પ્રકાશન' વતી શ્રી રમણિક મેઘાણી, ૧૪ અમરતલા સ્ટ્રીટ, કલકત્તા–૧; કિંમત: ૦-૪૦ ન. પૈ.

અવનવી માહિતી: નાનાવિધ વિષયોના સામાન્ય જ્ઞાનની ઉપયોગી વિગતો આપતી એ પુસ્તિકાની સંવર્ધિત સંસ્કારેલી આવૃત્તિ, સંકલનકાર: શ્રી રામજીભાઈ પટેલ, આમુખ: શ્રી ચાંપશી ઉદેશી, પ્રકાશક: શ્રી વિશ્રામ ર. રૂડાણી, એ/૧૩ ગુજરાત યુનિવર્સિટી હૉસ્ટેલ્સ, નવરંગપુરા, અમદાવાદ–૯, ૨–૦૦; **જ્ઞાન–જ્યોત:** સામાન્યજ્ઞાન વિષેની ઉપયોગી પ્રકીર્ણ માહિતી, સંપાદકો: સર્વશ્રી પ્રહલાદભાઈ રાં. પટેલ અને સોમાભાઈ વી. પટેલ 'સોમલ', પ્રકાશક: જ્ઞાન–કૌશલ્ય પ્રચાર સમિતિ, મહાત્મા ગાંધી વિનય મંદિર, ચાણસમા (ઉ.ગુ.), ૧–૦૦; **સમાજજીવન અને માહિતીદર્શન:** ઉદ્યોગ-ધંધો-કારખાનાં, વેપાર વગેરેમાં પડેલા સામાન્ય જન માટે ઉપયોગી માહિતી, સંપાદક: શ્રી માનભાઇ ન. ભટ્ટ, પ્રાપ્તિસ્થાન: જયહિંદ મિકેનિકલ વર્ક્સ, બંદર રોડ, ભાવનગર, ૨–૫૦; (પોસ્ટેજ ૦–૧૭ જુદા); **શિવાનંદ દિવ્ય સંપત્તિ:** સ્વામી શિવાનંદનાં વિચાર-મૌક્તિકો અને તેમણે ઉપદેશેલાં જીવનસૂત્રો વગેરેનો સમુચ્ચય-કરનાર તથા પ્રકાશક: શ્રી સૂર્યકાન્ત બી. શાહ, ૮૯૪ ટાકરશાની પોળ, જમાલપુર, અમદાવાદ, ૦–૭૫; **આધ્યાત્મિક ભૂમિકા:** અધ્યાત્મને વ્યવહાર્યરૂપે રજૂ કરતા શ્રી 'પ્રેમયોગી'ના લેખો–પ્રકાશક: લેખક પોતે, સંચાલક, જમનાબાઈ સરસ્વતી મંદિર, કડવી પોળ, અમદાવાદ, ૦–૨૫; **દશાંગ ધર્મતત્ત્વો:** જુદાજુદા ધર્મોનાં પંથ–સંપ્રદાય–પ્રણાલીઓનાં દશાંગ તત્ત્વો, સંપાદક: શ્રી 'લહરિ', પ્રાપ્તિસ્થાન: L. Harry & Sons, 101 St. Georges Road, East London (S. Africa), અમૂલ્ય; **અમૃતબિંદુ** (બીજો પ્યાલો): દૈનિક પત્ર 'સંદેશ'માં અપાએલા સુવિચારોનો સંગ્રહ–સંપાદક: શ્રી 'નિમિત્તમાત્ર', પ્રકાશક: શ્રી હરિલાલ વિ. પંચાલ, સંચાલક, સદ્‌વિચાર સમિતિ, ૨૩ મગન પટેલનો ખાંચો, દરિયાપુર, અમદાવાદ-૧, અમૂલ્ય; **પ્રાર્થનામંજરી:** ઈશ્વરપ્રાર્થનાઓ તથા બીજાં પ્રેરક ગીતોનો સંગ્રહ, સંપાદક અને પ્રકાશક: શ્રી ઈશ્વરલાલ દેવશંકર ત્રિપાઠી, એલિસબ્રિજ, અમદાવાદ; **મારાં ગીતો:** શ્રી ઇન્દુકુમાર દે. જોષીનાં રાષ્ટ્રભાવનાનાં ગીતોનો સંગ્રહ, પ્રકાશક: શ્રી સૌભાગ્યચંદ કરસનદાસ ઍન્ડ કંપની, પ્રવાસી સોપ ઍન્ડ કૅન્ડલ ફૅક્ટરી, વેરાવળ, ૦–૧૯.

જમશેદજી જીજીભાઈ: જેમની મૃત્યુશતાબ્દી ગયે વર્ષે એપ્રિલ માસમાં દેશભરમાં ઊજવાઈ ગઈ તે આપણા દેશના મહાન દાનવીર સર જમશેદજી જીજીભાઇ (જુઓ 'કુમાર' અંક ૪૨૫)નું જાણીતા કવિ અને સાહિત્યકાર શ્રી મીનુ દેસાઇએ સરળ અને સુગમ શૈલીમાં લખેલું વિગતભર્યું જીવનચરિત્ર, પ્રકાશક: શ્રી મીનુ દેસાઇ, ૨૨ કરતાર ભવન, રેડિયો ક્લબ પાછળ, કોલાબા, મુંબાઈ ૫; કિં. રૂ. ૧.

આહાર અને આરોગ્ય વિષેની લેખમાળાનો પાંચમો હપતો · લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

આહાર

જીવનમાં દરેક ક્ષણે વ્યય પામતી શક્તિને ભરપાઈ કરવા માટે આહાર લેવો જરૂરી છે.

મહર્ષિ વ્યાસે अन्नं हि प्राणिनां प्राण: કહી અન્નને પ્રાણીઓનો પ્રાણ કહ્યું છે. તો મહર્ષિ સુશ્રુતે आहारमूलाश्च सर्वप्राणिन: (આહાર જ સર્વે પ્રાણીઓનું મૂળ) કહ્યું છે. આહારની અગત્ય અને ઉપયોગિતા દર્શાવતાં મહર્ષિ સુશ્રુતે લખ્યું છે, ब्रह्मादेरपि च लोकस्याहार: स्थित्युत्पत्तिविनाशहेतुराहारादेवाभिवृद्धिर्बलमारोग्यं वर्णेन्द्रियप्रसादश्च, तथाहारवैषम्यादस्वास्थ्यम्। (સુશ્રુત, સૂત્રસ્થાન, અધ્યાય ૪૬) બ્રહ્માથી માંડીને જે જે પ્રાણીઓ છે, તેઓની ઉત્પત્તિ સ્થિતિ અને લયનો હેતુ આહાર જ છે. આહારથી જ શરીરની અભિવૃદ્ધિ, બલ તથા આરોગ્ય, વર્ણોનું સારાપણું તથા ઇન્દ્રિયોનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે. આહારના અન્યથા ઉપયોગથી અસ્વસ્થપણું આવે છે.

માનવીના જીવનને સ્પર્શનારી બે બાબતો છે: વારસો અને પરિસ્થિતિ. પરિસ્થિતિ વિષયક બળમાં આહારનો સમાવેશ થાય છે. આહારથી શરીર બંધાય છે ને એનો ઘાટ પ્રાપ્ત થાય છે. આહારને આધારે ઘડાતા ગ્રંથિઓના આંતરસ્રાવો છે અને જ્ઞાનતંત્ર ી મનનું અને લાગણીઓનું બંધારણ ઘડાય છે. ટૂંકામાં માનવી જેવું ખાય છે એવું એનું શરીર બંધાય છે. મહર્ષિ ચરકે લખ્યું છે 'देहो ह्याहारसंभव:। (સૂત્રસ્થાન, અ. ૨૮ શ્લો. ૪૦) શરીર આહારથી ઘડાય છે.

માનવીનો બધો ખોરાક સીધી કે આડકતરી રીતે ધરતી અને વનસ્પતિમાંથી પ્રાપ્ત થાય છે. સૂર્યપ્રકાશની અસર નીચે ધરતી અને હવામાંથી ક્ષારો, પાણી અને અંગારવાયુ જેવાં અજૈવ દ્રવ્યોમાંથી વનસ્પતિસૃષ્ટિ સેન્દ્રિય દ્રવ્યો બનાવે છે, જે માનવી ને ભક્ષ્ય પ્રાણીઓના આહાર તરીકે વપરાય છે. ધરતીપુત્ર માનવીના શરીરને ધારણ કરનારાં દ્રવ્યો વનસ્પતિ અને પ્રાણીઓ દ્વારા ધરતી પૂરાં પાડે છે.

ત્યારે આહાર એટલે શું? જેના પાચનથી શરીરને પોષણદ્રવ્યો પૂરાં પડે એ આહાર છે. આ દ્રવ્યોમાંથી નવા કોષો ઉત્પન્ન થાય, તેમનો ઘાટ જળવાઈ રહે, તેમની કામગીરીઓનું સહનિયમન થઈ અંકુશ જળવાય અને તેમની કામગીરી માટે શક્તિ પ્રાપ્ત થાય. શક્તિ આપવા ઉપરાંત આહારથી એવાં દ્રવ્યો પ્રાપ્ત થાય છે કે જેનાથી શરીર બંધાય છે. રોજ ઘસારે પડતા શરીરની મરામત થાય છે ને શરીરની આંતરિક કામગીરીઓનું નિયમન થાય છે.

શરીરની આ બધી કામગીરીઓ પૂરી પાડનારાં દ્રવ્યોમાં પ્રાણવાયુ, પાણી, પ્રોટિનો, ચરબીઓ, કાર્બોહાઇડ્રેટો, ક્ષારો ને વિટામિનોના પાચનના પરિપાકો છે. પ્રાણવાયુ અને પાણી ઉપરાંત શરીરની કામગીરીઓ થવા માટે ૨૯ દ્રવ્યોની અનિવાર્યતા સ્વીકારવામાં આવી છે. આમાંથી દસ તો પ્રોટિનોમાંથી પ્રાપ્ત થતા એમાઇનો-ઍસિડો છે. સોડિયમ, પોટાશિયમ, કૅલશ્યમ, મૅગ્નેશિયમ, ફૉસ્ફરસ, લોહ, તાંબું, ગંધક, મૅન્ગેનીઝ, ક્લોરિન, આયોડિન—ના અગિયાર ક્ષારો છે. બાવીસમું દ્રવ્ય કાર્બોહાઇડ્રેટ આહારમાંથી પ્રાપ્ત થતો ગ્લુકોઝ છે. ત્રેવીસમું દ્રવ્ય ચરબીમાંથી મળતો લિનોલિક ઍસિડ છે અને બાકીનાં છ દ્રવ્યો વિટામિનો—એ, બી, સી, ડી, ઈ છે.

આહારના કોઇ એક પદાર્થમાં આહારનાં આ બધાં આવશ્યક દ્રવ્યો નથી હોતાં, એટલે જુદાજુદા ખાદ્યપદાર્થોનો રોજિંદા આહારમાં સમાવેશ કરવામાં આવ્યો છે. રોજિંદા આહારમાં આ દ્રવ્યો યોગ્ય જથ્થામાં અને એકબીજા સાથે યોગ્ય પ્રમાણમાં હોવાં જરૂરી છે. આ પ્રમાણનું ઘણું મહત્ત્વ છે. એ ન જળવાતાં શરીરનો અપૂરતો વિકાસ, કાર્યક્ષમતાની ખામી અને અનારોગ્ય આવી પડે છે.

વિટામિનો અને ક્ષારોની શોધ અગાઉ કેટલાક રોગો માટે અમુક ખોરાક ખાવાનું કે નિવારવાનું જાણીતું હતું. આમ જમાના થયાં અખતરા અને ભૂલોને પરિણામે આપણી અમુક ખોરાક ખાવાની ટેવો અસ્તિત્વમાં આવી છે. પણ અગાઉના જમાનામાં પોષણનાં આવશ્યક દ્રવ્યો પૂરાં પાડે એવો કુદરતી આહાર આપણા નસીબમાં હતો, પણ આજે જ્યારે અનાજની પેદાશ અને વિતરણમાં વેપારી તત્ત્વ ઘૂસ્યું છે, આહારને સુઘડ ને કૃત્રિમ બનાવવાનું વિજ્ઞાન અસ્તિત્વમાં આવ્યું છે અને માલની હેરફેર સરળ અને ઝડપી બની છે, ત્યારે આહારની પસંદગીમાં પરાપૂર્વથી ચાલતાં આવતાં રિવાજ અને ટેવ યોગ્ય માર્ગદર્શક નથી નીવડતાં. માટે ખોરાકની પસંદગીમાં અને આહારની આયોજનામાં આહારવિજ્ઞાનનું જ્ઞાન અત્યંત આવશ્યક છે.

આહારની આયોજનામાં વ્યક્તિની શક્તિની જરૂરિયાત પ્રથમ ધ્યાનમાં રાખવાની છે. શક્તિના પ્રમાણનો કયાસ અને તે મુજબ આહારની જરૂરતની ઘણી તપાસો હાથ ધરવામાં આવી છે. ધંધાના પ્રકાર અનુસાર ખોરાકની જરૂરતમાં ફેર રહે છે. ઉપરાંત ઉંમર, શરીરનું કદ ને ઋતુ પણ ધ્યાનમાં રાખવાનાં છે. બાળકોની આહારની જરૂરત શરીરના કદ અને વજનના પ્રમાણમાં વધારે રહે છે. સરખા વજનના નાના કદના પુખ્ત માણસ અને બાળકમાં, બાળકનો આહાર વધારે રહે છે. કારણ કે મોટી ઉંમરનો માણસ શરીર નભાવવા ખાય છે, જ્યારે બાળકનું શરીર બંધાતું હોય છે. સરાસરી વ્યક્તિ માટે ત્રણ હજાર કૅલરી આહારનું પ્રમાણ સરાસરી સ્વીકારવામાં આવ્યું છે.

આહારના પદાર્થોના ગુણધર્મો પ્રમાણે તેનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. આહારના પદાર્થોના બે મુખ્ય વિભાગો છે. એક વિભાગ શક્તિદાતા આહાર (energy-bearing food)નો છે. બીજો વિભાગ શરીરની કામગીરીઓના નિભાવ માટે જરૂરી એવા રક્ષણકારી(protective) આહારનો છે. પહેલા વિભાગમાં ચરબી અને કાર્બોહાઇડ્રેટથી સમૃદ્ધ ખાદ્યોનો સમાવેશ થાય છે. આ આહારથી શક્તિ પ્રાપ્ત થતી હોવાથી તે શક્તિદાતા કહેવાય છે. બીજા વિભાગમાં છે પ્રોટિનો, ક્ષારો અને વિટામિનો. આ પોષણદ્રવ્યોના અભાવને લીધે અનારોગ્ય ને માંદગી આવી પડતી હોવાથી એને રક્ષણકારી આહાર કહે છે.

જોકે આહારનું યથાર્થ વર્ગીકરણ નથી થઈ શકતું. છતાં પણ તે અર્વાચીન આહારવિજ્ઞાનના સિદ્ધાંતો સમજવામાં સહાયભૂત થઈ પડશે. પાછળ આપેલા કોઠામાં બંને વિભાગના આહારોનું પોષણમૂલ્ય દર્શાવ્યું છે. આના ઉપરથી આપણે આપણા આહારમાં બંને પ્રકારના આહારોને સપ્રમાણ રાખવાનું તારવવાનું છે. આમાં આટલું જાળવવાનું કે શક્તિદાતા આહારનું વધારે પ્રમાણ વધારે પડતા પ્રોટિન આહાર જેટલું જ નુકસાનકારક થઈ પડે છે. પ્રોટિનની અછતને લીધે શરીરની વૃદ્ધિ અટકે છે, તો વિટામિનો અને ક્ષારોની અછતથી માંદગી અને રોગોના ભોગ બનાય છે. એટલે આહારનો સમગ્ર દૃષ્ટિએ ખયાલ રાખતાં બંને વિભાગો વચ્ચે પરસ્પર સંબંધ જાળવવાનું ઘણું મહત્ત્વનું છે.

લીગ ઑવ નેશન્સની, મિક્સ્ડ કમિટી ઑન ધી પ્રૉબ્લેમ ઑવ ન્યૂટ્રિશનનો ૧૯૩૬ની સાલનો ઇન્ટેરિયમ રિપોર્ટ: ડૉ. ગાંગુલીના 'હેલ્થ ઍન્ડ ન્યૂટ્રિશન ઇન ઇન્ડિયા' નામના પુસ્તકમાં આપેલી વિગતો પરથી તૈયાર કરેલા પાછળના સચિત્ર કોઠા પરથી આહારોમાં

રહેલું પોષણ તરીકેનું મૂલ્ય સરળતાથી સમજી શકાશે.

ખોરાક	શ્રેષ્ઠ પ્રોટિન	ક્ષારો	વિટામિનો એ	બી	સી	ડી	
દૂધ	+ +	+++	+	+	+o	+o	પુષ્કળ રક્ષણકારી ખાદ્યો
દહીં	+ +	+ +	+	+	—	—	
✓ ઈંડાં	+ +	+ +	+	+ +	—	+ +	
✓ કલેજું	+ +	+ +	+	+ +	—	+	
✓ જાડી મચ્છી	+		+	+	—	+ +	
લીલાં શાક, સલાડ	+	+++	+	+	+ +	—	
ફળ, ફળનો રસ		+++	+∓	+	+ +	—	
✓ માખણ, ઘી	—	—	+	—	—	+o	
કોડલીવર તેલ	—	—	+++	—	—	+++	
માંસ	+	⊥	—	+	⊥	—	ઓછા રક્ષણકારી અને અ-રક્ષણકારી ખાદ્યો
કંદમૂળ			+	+	+	—	
✓ શુદ્ધ ધાન	+	⊥	⊥	+	—	—	
✓ ચોખા	—	—	—	—	—	—	
✓ સૂકો મેવો	⊥		—	+ +	—	—	
✓ ખાંડ			—	—	—	—	
મધ			—	—	—	—	
✓ વનસ્પતિ ઘી, તેલ			—	—	—	—	

✓ વધારે શક્તિદાતા કે ઉચ્ચ ઉષ્ણાંકવાળાં ખાદ્યો   + + + = અતિસમૃદ્ધ
+ + = સમૃદ્ધ   + = હાજરી છે   ⊥ = માત્ર છાંટ   — ગેરહાજરી
o = ખુલ્લામાં ચરતી ગાયોના દૂધમાં હાજરી   ∓ જો રંગ પીળો હોય તો હાજરી

આપણા શરીરની માંસપેશીઓરૂપી ભઠ્ઠીમાં આહારરૂપી ઇંધન કામમાં પરિણમે છે. રોજ ખાઇએ છીએ તેનો મોટો ભાગ હૃદયની, શ્વાસોચ્છ્વાસની હલનચલનની, અને હાથની માંસપેશીઓના ઉપયોગમાં વપરાય છે. કોલસો મોટે ભાગે કાર્બનનો બનેલો છે. આપણા શરીરમાં મોટા પ્રમાણમાં બળતું કાર્બન એ આહારમાંનો સ્ટાર્ચ (કાર્બોહાઇડ્રેટ) છે. શરીરની બહાર ખુલ્લામાં લોહીની ગરમીએ સ્ટાર્ચને ગરમ કરવામાં આવે તો તે બળતું નથી. તદ્દન પાણી કાઢી નાખેલાં સાકર, રોટલો અને માંસને પણ આ હકીકત લાગુ પડે છે. આ પદાર્થો શરીરમાં બળે છે માટે તે ખાદ્ય પદાર્થો છે. શરીરની ગરમીએ ખાદ્ય પદાર્થો શરીરમાં બળવાનું કારણ લોહીમાં આવેલાં આથવણો છે. શરીરના દરેક કોષમાં પણ તે હોય છે.

શરીરમાં ખોરાક બળીને ગરમી અને શક્તિ આપે છે. આ ખોરાક ત્રણ પ્રકારના છે: કાર્બોહાઇડ્રેટો, ચરબી અને પ્રોટિનો. કાર્બોહાઇડ્રેટ ને ચરબી એ શુદ્ધ બળતણ છે, તે બળીને ગરમી અને શક્તિ આપે છે. ચરબી શરીરમાં સંઘરાય છે. કાર્બોહાઇડ્રેટો શરીરમાં સંઘરાતા નથી, તો પ્રોટિનો તો બિલકુલે નહિ; એટલે જરૂર કરતાં વધારે ખવાતા આ પદાર્થો ચરબીમાં રૂપાંતર પામી શરીરમાં સંઘરાય છે.

વનસ્પતિ પોતાનો આહાર સ્ટાર્ચરૂપમાં સંઘરી શકે છે. આપણા અને વનસ્પતિના 'શરીર'માં આટલો તફાવત છે.

આપણા આહારનાં કાર્બોહાઇડ્રેટ, સાકર અને સ્ટાર્ચ આપણને વનસ્પતિસૃષ્ટિમાંથી પ્રાપ્ત થાય છે. ધારો કે આપણા આહારમાં કાર્બોહાઇડ્રેટ અને ચરબી નથી આવતાં. તો પછી શરીરમાં બળતણ કોણ પૂરું પાડશે? આપણી કાયાની કરામત એવી તો અદ્‌ભુત અને આશ્ચર્યભરી છે કે તે પ્રોટિન પદાર્થોનો કાર્બોહાઇડ્રેટમાં ફેરફાર કરી બળતણ તરીકે વાપરી શકે છે. પણ બળતણ તરીકે પ્રોટિન પદાર્થો વપરાતાં તેને વધારે પાચન જોઇએ છે. ચરબી અને સાકરની જેમ તે સંપૂર્ણ બળીને પાણી અને અંગારવાયુ બનતાં નથી, પણ બીજા પદાર્થો ઉત્પન્ન કરે છે, જે શરીર માટે ઝેરી નીવડવાથી બગાડો પેદા કરે છે.

ખાંડ એ શ્રેષ્ઠ બળતણ ખાદ્ય છે. તરવરાટભર્યાં અને શરીરના નાના કદને લીધે ગરમી ઉત્પાદક ખોરાકની ખાસ જરૂર પડે છે એવાં બાળકોને કુદરતી રીતે ખાંડ અને ગોળ ખૂબ ભાવે છે. રુચિ પ્રમાણે બાળકને ખાંડ-ગોળ આપવામાં વાંધો નથી. એથી એ માંદું નહિ પડે. ઊલટું ગળપણથી ભૂખે મરતું બાળક માંદું પડવા સંભવ છે.

પ્રોટિનો શરીરમાં ઘસારો પૂરો પાડે છે. ક્લૉરોફિલ ધરાવતી વનસ્પતિ પોતાની જાતે પ્રોટિન બનાવી શકે છે, જ્યારે માનવી અને પ્રાણીઓને તૈયાર પ્રોટિન મેળવવાનાં છે. આપણા આહારમાં સ્ટાર્ચ, ખાંડ, ચરબી ને ક્ષારો હોય, પણ પ્રોટિન વિના ન ચાલે. શરીરને પડતા રોજિંદા ઘસારાની મરામત કરવાના સાધન તરીકે તેની ઘણી ઉપયોગિતા છે. આપણા આહારની ખામી એ છે કે તેમાં પ્રોટિનો ઓછાં છે, જ્યારે બીજાઓ માંસ અને બીજા આહારમાં વધારે પ્રોટિન ખાય છે.

વધારે પ્રમાણમાં ખવાએલાં સ્ટાર્ચ ચરબી ને ખાંડ શરીરમાં ચરબીરૂપે સંઘરાય છે, જ્યારે પ્રોટિનો સંઘરાતાં નથી. કાં તો તે શરીરમાં વપરાઈ જવાં જોઇએ અગર તો તૂટીને શરીર બહાર નીકળી જવાં જોઈએ. શરીરમાં પ્રોટિનો ભાંગવાની ક્રિયા દુષ્કર છે; અને તૂટેલાં ઘણાં દ્રવ્યો મંદ ઝેર હોઈ તેમને બહાર કાઢતા અવયવો જેવા કે લોહીની નળીઓ, ગુરદાઓ અને ચામડીને લાંબે ગાળે ઈજા પહોંચે છે.

આપણા આહારનું પ્રમાણ ઋતુ અને કપડાં ઉપર આધારિત છે. ગરમ હવામાનમાં આપણા શરીરની ગરમીનો મંદ છુટકારો થાય છે. એથી આપણને ઓછા બળતણની જરૂર પડે છે. એટલે કુદરતી રીતે ગરમ ઋતુમાં આપણને ભૂખ થોડી લાગે છે. વિવેકી માણસો કુદરતની આ ચેતવણીને અવગણતા નથી. ઠંડી ઋતુમાં ગરમી-ઉત્પાદક ખોરાકનું વધારે પ્રમાણ જોઇએ છે. આ પ્રમાણે શ્રમભર્યું કામ ઉપાડનારને ખોરાકનું પ્રમાણ વધારે જોઇએ છે. શ્રમભર્યું કામ કરનારની ભૂખ વધારે હોય છે, જ્યારે માનસિક કામની ખોરાકના પ્રમાણ પર અસર થતી નથી.

માનવીના શરીરના બંધારણ, વર્ણ અને કદમાં આહાર અગત્યનો ભાગ ભજવે છે. પ્રોટિન-સમૃદ્ધ ખોરાક ખાતી પ્રજા કદમાં ઊંચી, શરીરે સશક્ત અને બળવાન હોય છે. જ્યારે મુખ્યત્વે ભાત ખાતી પ્રજા કદમાં ઠીંગણી રહે છે. વળી જ્યાં ઘઉં કે બાજરી સાથે દૂધ ને મચ્છી ખવાય છે ત્યાં લોકોનું શરીર કસદાર અને કદાવર હોય છે. હિંદના વાયવ્ય ખૂણામાં રહેતી જાતિઓનો મુખ્ય ખોરાક ઘઉં અને દૂધ તથા દૂધમાંથી બનતી ચીજો જેવી કે દહીં, માખણ, છાશ સાથે પર્વતીય પ્રદેશોનાં ફળોનો વધારે ઉપયોગ થતો હોવાથી તેમનાં શરીર સંપૂર્ણ વિકસેલાં હોય છે. આંતરડાંના અને અપચાના રોગ આ લોકોમાં ભાગ્યે જ જોવામાં આવે છે, ને ઘડપણ સુધી શરીર સશક્ત ને કસદાર રહે છે.

ભાત સાથે માછલી અથવા દૂધનો ખોરાક ભળવાથી આહારમાં સપ્રમાણતા આવે છે. બાકી બંગાળ ને મદ્રાસના ગ્રામજનોનો મુખ્ય ખોરાક ભાત હોવાથી એમનાં શરીર ઓછા વિકાસવાળાં અને માંદલાં જોવામાં આવે છે. એમની જીવનશક્તિ (vitality) ઓછી હોવાથી માંદગી જલદી આવે છે અને માંદગીમાં મરણપ્રમાણ મોટું હોય છે.

વળી એ પણ જાણવા જેવું છે કે જમીનના કસ ઉપર અનાજની જાતનો આધાર છે. આમાં ખાતર અને વરસાદના પ્રમાણનો સમા

વેશ થાય છે. ખાતર વગરની કે રાસાયણિક ખાતરવાળી જમીનમાં પાકેલા અનાજ કરતાં એ જ જમીનમાં છાણિયા ખાતરથી પાકેલું અનાજ વધારે પુષ્ટિદાતા હોય છે. આ અનાજનાં પોષણમૂલ્યો વધારે હોય છે. એમાં ક્ષારો અને વિટામિનો ઊંચા પ્રકારનાં હોય છે. ટૂંકામાં આ ભૂલવા જેવું નથી કે ખેતી કરવાની રીત ઉપર અનાજની જાતનો આધાર, અને અનાજની જાત ઉપર આપણાં પોષણ અને આરોગ્યનો આધાર છે. ધરની કંગાલિયતને લીધે આવી પડતા દુષ્પરિણામનું દારૂણ ચિત્ર દોરતાં મૅકૅરિસન લખે છે, 'કંગાળ જમીનમાં ગોચર કંગાળ હોય છે. આવા ગોચર ઉપર ઊછરેલું ગોધન નબળું હોય છે. કંગાળ જમીનનાં પાક અને શાકભાજી ઊતરતી કોટીનાં હોય છે. આ બધાના પરિણામે આવી પડતા ખામીભર્યા પોષણથી માનવી અને પ્રાણી રોગિષ્ટ બને છે.'

સુયોગ્ય આહારથી શરીરની સંપૂર્ણ વૃદ્ધિ અને વિકાસ સધાય છે, આરોગ્ય જળવાય છે. મૅકૅરિસન કહે છે, 'આપણે ફક્ત જીવવા ખાતર ખાતા નથી પણ સારી રીતે જીવવા માટે ખાઈએ છીએ. (We eat not only to live but to live well.)' સારી રીતે જીવવામાં અનેક બાબતોનો સમાવેશ થાય છે. આમાંની થોડીક બાબતો આ રહી. ભૂખનો સંતોષ, મન અને શરીરનો સંપૂર્ણ વિકાસ, સંપૂર્ણ આરોગ્ય, અને તન અને મનનું સત્કાર્યમાં જોડાણ.

આહારનો પ્રશ્ન કેવળ શરીરના પોષણ પૂરતો નથી. ભારતવાસીઓએ તો દેહ ઉપરાંત મન, બુદ્ધિ અને આત્મા સાથે આહારનો સંબંધ ગણાવ્યો છે. ખાનપાનની અસર શરીર ઉપરાત મન અને આત્મા સુધી નીપજતી હોવાના સંબધમા મનુસ્મૃતિમાં કહ્યું છે, आहारशुद्धौ सत्त्वशुद्धिः सत्वशुद्धौ ध्रुवा स्मृतिः। અર્થાત્ આહારની શુદ્ધિ યાને પવિત્રતાથી મન પવિત્ર રહે છે અને મનની પવિત્રતા ઉપર સ્મૃતિ સ્થિર થાય છે. શુદ્ધ આહાર એટલે શું? એટલે કે સ્વચ્છ, તાજો, પરિપક્વ, સુપાચ્ય, સપ્રમાણ અને પરસ્પરાનુકૂળ ઘટકોવાળો આહાર.

આપણા પૂર્વજોએ કરેલી આહારની આયોજનામાં પરસ્પરાનુકૂળ ઘટકોવાળો સપ્રમાણ આહાર છે. આયુર્વેદના આચાર્યોએ વૈદકની અંતર્ગત લખેલા આહારશાસ્ત્રમાં આહારના પદાર્થોમાં રહેલા ગુણાન્તર અથવા રસાન્તરની હકીકતો સૂક્ષ્મતાથી વર્ણવી છે. તેમાં ખાદ્યપદાર્થોમાં રહેલાં રસ, ગુણ, પ્રભાવ, વિપાક અને વીર્ય વિષે, માનવી ઉપર થતાં એનાં લાભ અને હાનિ વિષે સૂક્ષ્મ આલેખન કરેલું છે.

આ શાસ્ત્ર જોકે અત્યારે નષ્ટપ્રાય: સ્થિતિમાં આવી પડ્યું છે, પરંતુ આજે પણ પ્રજા પરંપરાગત મૌખિક રીતે આમાંનું કેટલુંક જ્ઞાન સાચવી રહી છે, જેવું કે ગરમ, ઠંડા ને વાયડા પદાર્થો, વાયુ વખતે ઠંડા પદાર્થો ન ખાવા, તો કફ વખતે ગળ્યા પદાર્થો ત્યજવા વગેરે. લોકોની રગેરગમાં પરંપરાથી ઊતરી આવતા આ જ્ઞાનના મર્મરૂપે કેટલીક ઉક્તિઓ પણ પ્રચલિત છે કે 'અન્ન તેવા ઓડકાર અને પાણી તેવા પ્રાણ'. આ ઉપરથી નથી સમજાતું કે આહારને કેવળ શરીર સાથે નહિ પણ મન ને બુદ્ધિ સાથે પણ સંબંધ હોવાનું આપણે સ્વીકાર્યું છે? શરીર સાથે મન અને ચિત્તના સાત્ત્વિક ભાવો સચવાઈ રહે એ હેતુ જાળવવાને આપણે આ સ્થાન આપ્યું છે. આપણે એકલા શરીરની પુષ્ટતા નથી સ્વીકારી, પણ મન અને આત્માની શુદ્ધિને પણ વિચારી છે.

સમગ્ર દૃષ્ટિથી વિચારતાં આહારની એક વ્યાપક વ્યાખ્યા બાંધીએ કે આપણાં શરીર, મન અને આરોગ્યને હિતકારી જે ખાદ્ય હોય તે આહાર છે. આ બાબતોથી જે વિરુદ્ધ નીવડે તે અખાદ્ય છે. ∅

આ લેખની જગ્યા ઝંડુ ફાર્માસ્યુટિકલ વકર્સ લિ. તરફથી આપવામાં આવી છે

ઉનાળામાં આરોગ્ય સાચવવા વિષેની આયુર્વેદોક્ત માહિતી

ગ્રીષ્મચર્યા

લેખક - લાભશંકર ઠાકર

'ગ્રીષ્મ' એ આદાનકાલની અથવા ઉત્તરાયનની છેલ્લી ઋતુ છે. ધીમેધીમે વધતો જતો સૂર્યનો તાપ આ ઋતુમાં એના તીવ્રતમ સ્વરૂપે દેખા દે છે. ગ્રીષ્મકાળમાં સુર્ય પોતાનાં કિરણો વડે જગતનો સાર (સ્નેહભાગ) અત્યંત પીએ છે. 'મયૂખૈર્જગતः સારં ગ્રીષ્મે પેપીયતે રવિઃ' (ચરક).

'ગ્રીષ્મમાં સૂર્યકિરણો તીક્ષ્ણ બને છે. નૈઋર્ત્ય દિશાનો પવન વાય છે. પૃથ્વી તપી ઊઠે છે. નદીઓ ક્ષીણ થઈ જાય છે. દિશાઓ પ્રજ્વલિત લાગે છે. ચક્રવાકનાં યુગલો તરસનાં માર્યાં ભ્રાન્ત ચિત્તે ઊડતાં ફરે છે. તૃષાકુલ મૃગો પાણીની શોધમાં રખડે છે. છોડવા, ઘાસ અને લતાઓ ધ્વસ્ત થઈ જાય છે. વૃક્ષોનાં પાન ખરી પડે છે.' (સુશ્રુત)

'આદાનકાલમાં સૂર્યપોતાનાંકિરણોથીજગતનોસ્નેહએટલેજલીય સૌમ્ય ભાગ ગ્રહણ કર્યા કરે છે–ખેંચ્યા કરે છે અને વાયુઓ તીવ્ર તથા રુક્ષ બની એ સ્નેહભાગને સૂકવ્યા કરે છે. તેમજ શિશિર, વસંત અને ગ્રીષ્મ ઋતુઓમાં એ વાયુઓ અનુક્રમે રુક્ષતા ઉત્પન્ન કરતા રહીને તિક્ત, કષાય અને કટુ એ ત્રણ રુક્ષ રસોને ખૂબ વધારે છે, જે પ્રાણીઓને દુર્બળ બનાવે છે.' (ચરક)

ગ્રીષ્મ ઋતુ એ દુર્બળતાની ઋતુ છે. કાળના પ્રભાવથી મનુષ્યની શક્તિનો હ્રાસ તો થવાનો જ. એ હ્રાસ ઓછો થાય અને પૂર્તિરૂપે વિશેષ બળ મળતું રહે એ માટે નીચેના વિધિ નિષેધનું પાલન જરૂરી છે:

लवणाम्लकटूष्णानि व्यायामं चात्र वर्जयेत्। (चरक)

લવણ, અમ્લ અને કટુ (તીખો) એ ત્રણ રસોનો, ઉષ્ણ પદાર્થોનો અને વ્યાયામનો ગ્રીષ્મ ઋતુમાં નિષેધ છે.

લવણ આદિ ત્રણે રસો અગ્ન્યાત્મક હોઈ એમનો નિષેધ સૂચવ્યો છે. ત્રણે રસોમાં કટુ રસ વિશેષ વર્જ્ય છે, કારણ કે એ અગ્નિ અને વાયુ બંનેનો બનેલો છે. અને અગ્નિતત્ત્વતથાવાયુતત્ત્વગ્રીષ્મઋતુમાં બળવાન હોય છે. એથી કટુ રસનું સેવન એ બંને તત્ત્વોની વૃદ્ધિ કરી કફનું વિશેષ શોષણ કરે છે અને આ ઋતુમાં કફનું શોષણ એટલે શક્તિનું શોષણ.

ઉષ્ણ ઋતુમાં ઉષ્ણ ગુણ જેમાં પ્રધાન હોય એવા પદાર્થોનો ત્યાગ કરવો હિતાવહ છે. વ્યાયામથી શરીરને શ્રમ પડે છે અને રુક્ષતા આવે છે. એથી એનો પણ નિષેધ કર્યો છે. વ્યવાય (મૈથુન)નો પણ આચાર્ય ચરકે ગ્રીષ્મ ઋતુમાં નિષેધ કર્યો છે.

પરંતુ આ ત્રણે રસોનો તદ્દન ત્યાગ કરવો ઉચિત નથી. થોડી માત્રામાં સેવવાથી હાનિ થશે નહિ. માત્ર એના અતિરેકથી બચવું જોઇએ.

સેવનયોગ્ય

स्वादु शीतं द्रवं स्निग्धमन्नपानं तदा हितम् (चरक)

મધુર, શીતળ, પ્રવાહી અને સ્નિગ્ધ અન્નપાન ઋતુમાં હિતકારી છે. મધુર રસ બલપ્રદ છે. સ્નિગ્ધ પદાર્થો પણ કફને ઉત્પન્ન કરનાર હોઈ બલવર્ધક છે: ઉષ્ણ ઋતુમાં શીતળ પદાર્થો અપેક્ષિત છે. ગ્રીષ્મમાં જલીય અંશનું સવિશેષ શોષણ થતું હોઈ દ્રવપદાર્થોનું સેવન આવશ્યક છે.

ગ્રીષ્મમાં શક્તિનો ખૂબ ક્ષય થતો હોઈ જઠરાગ્નિ મંદ પડે છે. એથી આહારની યોજના મદ જઠરાગ્નિને અનુલક્ષીને કરાવી જોઇએ. આ ઋતુમાં વાયુને શાન્ત કરનાર અને બળની વૃદ્ધિ કરે એવા આહાર

સેવો જોઈએ. પણ સાથેસાથે એ આહાર લઘુ હોવો જોઈએ. અતિશય ભારે ખોરાકથી તો મંદ પડેલો જઠરાગ્નિ સાવ મંદ પડી જાય. પરિણામે ઓછી ભૂખ લાગે, અને ઓછું ખવાય તો બલહાનિ વિશેષ થાય. અને એ તો આ ઋતુમાં પાલવે નહિ. માટે શરીરને પુષ્ટ પણ કરે ને સાથેસાથે જઠરાગ્નિ જેને સહેલાઈથી પચાવી શકે એવાં અન્નપાન આ ઋતુમાં શ્રેષ્ઠ. ઘન કરતાં પ્રવાહી પદાર્થ સુપાચ્ય હોઈ એને પ્રથમ પસંદગી આપવી.

આ દૃષ્ટિએ ચોખા આ ઋતુમાં વિશેષ હિતકર છે. ચોખા લઘુ, શીતળ, વિપાકમાં મધુર, સ્નિગ્ધ, બૃંહણ તથા શુક્રવર્ધક છે. બૃંહણ એટલે શરીરને પુષ્ટ કરનાર. ગ્રીષ્મ ઋતુમાં આયુર્વેદ સૌ કોઈને બૃંહણનો અધિકારી માને છે. ચોખા લઘુ હોઈ મંદ જઠરાગ્નિ પણ એને સરળતાથી પચાવી શકે છે. વળી મધુર, સ્નિગ્ધ અને બૃંહણ હોઈ કફની વૃદ્ધિ કરી તે શરીરને પુષ્ટિ આપવાનું કાર્ય કરે છે.

રસાલા=શીખંડનો ઉપયોગ પણ આ ઋતુમાં હિતકારી છે. વસ્ત્રમાં બાંધીને સારી રીતે પરિસ્રુત કરેલું દહીં વાતઘ્ન, કફકારક, સ્નિગ્ધ, બૃંહણ, ભોજનમાં રુચિ ઉત્પન્ન કરનારું અને પિત્તને અધિક નહિ વધારનારું છે. બજારમાં વેચાતા ખાંડવાળા શીખંડને બદલે એક ઉત્તમ આયુર્વેદોક્ત રસાલાની બનાવટ આ નીચે આપી છે.

સુજાત (બરાબર જામેલું) દહીં તો. ૧૨૮, સાકર તો. ૬૪, ઘી અને કેસર એ ચારે થઈને તો. ૨. આ બધી ચીજોમાંથી મરી વગેરેનું સૂક્ષ્મ ચૂર્ણ કરી લેવું. પછી બધી વસ્તુઓને સમિશ્રિત કરી સૂક્ષ્મ અને સ્વચ્છ વસ્ત્રમાં ધીમે હાથે મર્દન કરવું. વસ્ત્રગાળ પદાર્થ તે રસાલા. આચાર્ય વાગ્ભટ ગ્રીષ્મ ઋતુમાં આ રસાલાનું સેવન કરવાની આજ્ઞા કરે છે.

આમાં દહીં, સાકર, ઘી વગેરે બૃંહણ, વૃષ્ય, સ્નિગ્ધ અને બલ્ય દ્રવ્યોની સાથે મરી, સૂંઠ વગેરે દીપનપાચન પદાર્થોની યોજના કરવામાં આવી છે. તે ગ્રીષ્મ ઋતુની દૃષ્ટિએ અત્યુત્તમ છે. વળી શરીરને પુષ્ટ કરવાની સાથે રુચિપ્રદ હોઈ મંદ જઠરાગ્નિ પણ એને પચાવી શકે છે. ઉનાળામાં બજારુ શીખંડ ખાવાને બદલે લોકો આ રસાલાનું સેવન કરે તો કેટલું સારું! કસ્તૂરી વગેરે કીમતી દ્રવ્યો વગર પણ રસાલા બને.

ફળો

આ ઋતુમાં કેરી, ફાલસા, સાકરટેટી, રાયણ વગેરે ફળોનો પાક થાય છે. પરિપક્વ મધુર કેરીનો રસ રુચિ ઉત્પન્ન કરનાર, બલ આપનાર, વીર્યવૃદ્ધિ કરનાર, પચવામાં હલકો અને વાતપિત્તને હણનાર હોઈ ગ્રીષ્મમાં એનું સેવન ફલપ્રદ છે. પક્વ ફાલસા મધુર ને રુચિપ્રદ છે, પિત્તને હરનાર છે. વાયુવાળાને તો તે અતિહિતકર અને શ્રમનું હરણ કરનારા છે. એનું શરબત પણ બનાવી શકાય. ગ્રીષ્મમાં થોડાસરખા કામકાજથી પણ શરીર શ્રમિત થતું હોય તેમાં ફાલસાનો ઉપયોગ લાભદાયી છે. રાયણ વૃષ્ય, બલપ્રદ, સ્નિગ્ધ, ઠંડી અને ગુરુ છે. તૃષ્ણા અને મૂર્ચ્છામાં તે હિતકર છે. ગ્રીષ્મમાં તે સેવનયોગ્ય છે, પણ ગુરુ હોઈ પોતાની પાચનશક્તિનો વિચાર કરીને એનો ઉપયોગ કરવો. સાકરટેટી સ્નિગ્ધ, સ્વાદુતર, શીત, વૃષ્ય અને વાતપિત્તનાશક હોઈ એ પણ આ ઋતુમાં અનુકૂળ મધુરફળ છે. વઢવાણના ભોગાવા પર થતી લીલછોયા રંગની સાકરટેટી અત્યંત મધુર છે. સાકરટેટીના ટુકડા કરીને એમાં સાકર નાખીને કરવામાં આવતો પણો ગ્રીષ્મ ઋતુમાં સેવનયોગ્ય છે.

નિદ્રા

'રાત્રૌ જાગરણં રુક્ષં'. રુક્ષતાથી તો આ ઋતુમાં બચવાનું છે. એટલે ગ્રીષ્મમાં રાત્રિનો ઉજાગરો નિષિદ્ધ છે. આ ઋતુમાં શરીરને સ્નિગ્ધતાની વિશેષ જરૂર હોય છે. અને 'સ્નિગ્ધં પ્રસ્વપનં દિવા', દિવસે ઊંઘવું તે સ્નિગ્ધ છે. એથી ગ્રીષ્મમાં દિવસની નિદ્રાને આયુર્વેદ ઉપયોગી ગણે છે.

સ્નાન

ગ્રીષ્મ ઋતુમાં માનવી જલદી શ્રમિત થઈ જાય છે. શ્રમિત માણસ માટે ભોજનનો નિષેધ છે. સ્નાનને આચાર્યોએ શ્રમહર માન્યું છે અને સૌ કોઈનો એ અનુભવ છે. આથી ભોજન પહેલાં સ્નાન જરૂરી છે. વળી સ્નાન જઠરાગ્નિને પ્રદીપ્ત કરનાર છે, એથી પણ આ ઋતુમાં એનું વિશેષ મહત્ત્વ છે. સ્નાન તુષ્ટિ અને શક્તિ આપનાર તથા હૃદ્ય (મનને આનંદ આપનાર) છે. જે જે મનને પ્રિય તે તે શરીરને પુષ્ટ કરનાર એવો આયુર્વેદનો સિદ્ધાંત છે. શરીરવિશુદ્ધિની દૃષ્ટિએ તો સ્નાનનું મહત્ત્વ સ્પષ્ટ છે જ. આ બધાં કારણોથી ગ્રીષ્મમાં સવાર-સાંજ બે વખત (જો અનુકૂળ હોય તો ઠંડા પાણીથી) સારી રીતે સ્નાન કરવું જોઈએ.

આદાનકાળ (ઉત્તરાયણ)ની અતિશય ઉષ્ણતાથી અને રુક્ષતાથી બચવા તથા શરીરના જલીય સૌમ્ય અંશનો ક્ષય થતો અટકાવવા રાત્રિચર્યા, રાત્રિનિવાસ આદિનું સૂક્ષ્મ અને વિગતપ્રચુર આલેખન આયુર્વેદમાં છે. એ વૈજ્ઞાનિક દૃષ્ટિવાળું અને રસપ્રદ છે. મધ્યાહ્નચર્યા જોઈએ.

'ગગનચુંબી શાલનાં તથા તાડનાં વૃક્ષોને લીધે સૂર્ય જે વનમાં પ્રવેશી શકતો નથી તથા જ્યાં દ્રાક્ષનાં લૂમખાં સાથે માધવી લતાના વેલા ગૂંથાઈ ગયા છે અને તેથી જે શોભે છે એવા વનમાં ગ્રીષ્મમધ્યાહ્નને સૂવું. તથા આંબાવાડિયામાં આંબાનાં કુમળાં પાંદડાં તથા કેરીની લૂમો જેની આસપાસ ભરચક લચી રહી હોય એવો વાંસનો માંડવો બાંધવો તથા તેની આસપાસ સુગંધીદાર ઠંડું પાણી છાંટેલી ટટ્ટીઓ બાંધવી. એવા માંડવામાં કેળનાં પાંદડાં, પોયણાં, કમળતંતુ, કમળ અને નીલકમળથી બનાવેલા, જ્યાં પુષ્પની પાંખડીઓ ખીલી રહી હોય એવા, સુંવાળા અને પોચા બિછાનામાં ઉનાળાના દિવસના બપોરે સૂર્યના તાપથી પીડાતા મનુષ્યે ઊંઘવું અથવા પૂતળીઓનાં અંગોમાંથી ખસનાવાળાથી ઠંડા અને સુગંધીદાર બનેલા પાણીના ફુવારા ઊડતા હોય એવા ધારાગૃહમાં બપોરે નિદ્રા લેવી.' (વાગ્ભટ)

અશ્વગંધાદિ યોગ

છેલ્લે શરીરને બૃંહણ કરનાર એક ઉત્તમ છતાં સરળ ઔષધપ્રયોગ:

અશ્વગંધા, શતાવરી, બ્રાહ્મી, શંખપુષ્પી (શંખાવલી) તથા યષ્ટિમધુ (જેઠીમધ) એ પાંચે ચીજો પાંચપાંચ તોલા લઈ એનું સૂક્ષ્મ વસ્ત્રગાળ ચૂર્ણ બનાવી સ્વચ્છ બાટલીમાં ભરી લેવું. આ અશ્વગંધાદિ ચૂર્ણના સેવનથી શરીર અને મન બંને પુષ્ટ થાય છે. તે બલવર્ધક પ્રયોગોમાં શ્રેષ્ઠ છે, અને શરીરમાં શક્તિ અને ઉત્સાહને વધારનાર અજોડ ઔષધિ છે. ગ્રીષ્મ ઋતુમાં સૌ કોઈને માટે તે સેવન કરવા યોગ્ય છે. સતત માનસિક કાર્યભાર અનુભવનાર નિયમિત એનો ઉપયોગ કરે તો મનનો ક્ષય થતો અટકે. શરીરના પોષણ અને વિકાસ માટે જો નબળા બાંધાના માણસો શ્રદ્ધાપૂર્વક એક વર્ષ સુધી અશ્વગંધાનું સેવન કરે તો તેમને પણ આ ઔષધ ઘણો ફાયદો કરે. પ્રમાણ: સવાર, બપોર અને સાંજે ગરમ દૂધ સાથે બે આનીભાર આ ચૂર્ણ લેવું. છ માસથી મોટી ઉંમરનાં બાળકોને પણ ૧ થી ૨ વાલ સુધી દૂધ સાથે ભેળવીને અપાય તો શરીર-મનના વિકાસમાં સ્થાયી લાભ થાય એવું ગુણકારી આ ઔષધ છે.

એક ક્લબના વાર્ષિક દિનની ઉજવણીમાં પ્રમુખસાહેબ આખા વર્ષ દરમિયાન વધુમાં વધુ હાજરી આપનારા માણસોને ઇનામ આપવા માટે ઊભા થયા. વિજેતાઓનાં નામ બોલાતાં તેમાં પહેલાં પાંચ ઇનામ જીતી જનારા જ ગેરહાજર હતા!

પોલીસ અમલદાર: તમને એના મોતનું કારણ શું લાગે છે?

મરનારની પત્ની: એ બહુ જ ભુલકણા હતા. કદાચ એ શ્વાસ લેવાનું જ ભૂલી ગયા હશે.



મધુકરી

સંકટભરી આ જિંદગીથી હારનારો હું નથી,
સાગર ડુબાડી દે મને એવો કિનારો હું નથી;
મારે સદા અજવાળવા અંધારિયાં પંથ સૌ–
ચમકી અને તૂટી પડે એવો સિતારો હું નથી.

(અજંપો) —શેખાદમ આબુવાલા

બાંસુરીના સંગીતસ્વામી : સ્વ. શ્રી પન્નાલાલ ઘોષ

'બાંસુરીવાદક શ્રી પન્નાલાલ ઘોષ' એવું એમનું ઓળખાણ આપવું એ પુનરુક્તિ કર્યા જેવું લાગે, એટલું બધું એકત્વ એ સંગીત-પ્રવરની પ્રતિભાએ બાંસુરી સાથે સાધ્યું હતું. આજે તો ભારત આખું જાણે છે કે પન્નાલાલ ઘોષ એટલે જ બાંસુરી-વાદક, પછી એ નામની આગળ આ વધારાનું વિશેષણ મૂકવું બિનજરૂરી છે.

ગયા માસની ૨૦મી તારીખે બાંસુરીના એ સંગીતસ્વામીનું ૪૯ વર્ષની આશાસ્પદ વયે, હૃદયરોગના હુમલાને કારણે અણધાર્યું અવસાન થતાં ભારતીય સંગીત-રસિકોને અકથ્ય આઘાત લાગ્યો હશે. બાબુ પન્નાલાલની બંસી ફરી પણ રેડિયો પર કે બીજી જગ્યાએ સંભળાશે, પણ ત્યારે તેમની એ બંસી પન્નાલાલના વિરહમાં ઝૂરતી હશે.

બાંસુરી-સંગીત પરની એમની પ્રભુતા અનન્ય–અનવદ્ય હતી. તેમની બાંસુરીમાં માધુર્ય તો છલોછલ ભર્યું હતું, પરંતુ એથી અદકાં જે ઊંડાણ અને પ્રવાહિતા હતાં એનો ક્યાંયે જોટો જડે તેમ નથી. ઉપરાંત, સિતાર, સરોદ વગેરે સંગીતનાં ઇતર સાધનોનું સમકક્ષ ગૌરવભર્યું સ્થાન બાંસુરીને અપાવનાર તરીકે, બાંસુરીના સમુદ્ધરણને ક્ષેત્રે અગ્રયાયીનું પ્રદાન કરનાર તરીકે, ભારતીય શાસ્ત્રીય સંગીતના ઇતિહાસમાં તેમનું નામ ઊજળે અક્ષરે અંકાએલું રહેશે. **તે**મનો જન્મ જુલાઈ ઈ.સ. ૧૯૧૧માં પૂર્વ બંગાળ(હાલ પાકિસ્તાન)ના બારિસાલ જિલ્લામાં થયો હતો. નાનપણથી જ તેમને સંગીત પ્રત્યે પ્રેમ હતો. દાદાજી સારા ગાયક અને પખવાજ-વાદક હતા. પિતાજી સિતાર વગાડતા. કાકાનો કંઠ મધુર હતો. મોસાળમાં પણ ગાવાવગાડવાના શોખીનો ઘણા હતા. આ રીતે વારસામાં, જેવું દરેક બંગાળી અને મહારાષ્ટ્રીયને સામાન્યરીતે મળે છે તેવું સાંગીતિક વાતાવરણ તેમને પણ મળ્યું. ઉપરાંત નાનપણથી તેમનું સ્વાસ્થ્ય ઉત્તમ હતું અને વ્યાયામ પ્રત્યે તેમને અનહદ શોખ હોઈ, તેઓ એક સારા બૉક્સર (મુક્કાબાજ) હતા. બૉક્સિંગની અનેક હરીફાઇઓમાં તેમણે ઇનામો પણ મેળવ્યાં હતાં. આથી જીવનની શરૂઆત તેમણે ઈ.સ. ૧૯૩૧માં બૉક્સિંગની તાલીમ આપનાર તરીકેની નોકરીથી કરેલી. શ્રી રામકૃષ્ણ મિશનના ઈ. ૧૯૪૭થી તેઓ સભ્ય હતા. છેલ્લાં બેએક વર્ષથી તેઓ આકાશવાણી દિલ્હીના રાષ્ટ્રીય વાદ્યવૃંદ(નૅશનલ ઑરકેસ્ટ્રા)ના દિગ્દર્શક અને નિયોજક હતા.

નવ વર્ષની નાની ઉંમરે કેવળ સ્વયંસ્ફુરણાએ આપબુદ્ધિથી સંગીત શીખવાની તેમણે શરૂઆત કરી. તેમની આ નવી પ્રવૃત્તિને ઘણાએ વખોડી યે કાઢી. તો વળી તેમને કોઈ કહેતું કે 'બંસરી વગાડશો તો તમારું ગળું બસૂરું થઈ જશે અને પછી તમે ગાઈ જ નહિ શકો.' પણ બાંસુરીના પ્રથમથી જ મુગ્ધ આશક એવા તેમને આ જાતની ચેતવણીઓની થોડી જ પડી હતી? તેમણે તો પોતાની બાંસુરી સંગીતની સાધના એટલી હદ સુધી ઉત્તરોત્તર વિકસમાન કરી કે, પછી તો 'ન્યૂ થિયેટર્સ' જેવી સર્વોચ્ચ અને શાસ્ત્રીયતાની દઢાગ્રહી ફિલ્મી કંપનીના પાર્શ્વસંગીત માટેના વાદ્યવૃંદમાં એ લેવાયા. સંગીત શીખવાની પદ્ધતિપૂર્વકની શરૂઆત તેમણે 'ન્યૂ થિયેટર્સ'માં સંગીતનું કામ સંભાળતા શ્રી ખુશી મહંમદ પાસે કરી. દોઢેક વર્ષ તેમની પાસે શીખ્યા, ત્યાં તેમનું અવસાન થયું, ત્યાર પછી બંગાળના પ્રખ્યાત કલાકાર શ્રી ગિરજાશંકર ચક્રવર્તી પાસે એક વર્ષ સુધી સંગીતનું શિક્ષણ લીધું. ઈ. સ. ૧૯૩૮થી ગંભીરતા અને એકનિષ્ઠાપૂર્વક તેમણે બંસરીની સાધના આરંભી દીધી. અને વર્ષોની ઉપાસનાને અંતે પણ તેમને

આપણાં પ્રાણીઓ-૩૩ : ઊંટ



આ 'રણના વહાણ'ને આપણે સારી પેરે ઓળખીએ છીએ. તેની મુખ્ય બે જાતો છે : બે ખૂંધવાળું બૅક્ટ્રિયન, ને એક ખૂંધવાળું અરબી.

તેનો રંગ ઝાંખો ધૂળિયો, પગ ખૂબ લાંબા. ઊંચાઈ ખભા સુધીની સાત ફૂટ જેટલી. ખૂંધમાંનો વધારાની ચરબીનો સંગ્રહ કટોકટીને વખતે ખોરાક તરીકે શરીરમાં પચે છે.

તેના પગની ફાટ ઘણી ઓછી; પગનાં છેવાડાનાં આંગળાં જ માત્ર નોખાં; તે પર બખ્તર જેવા નખ. પગતળિયાની ગાદીની મદદથી રેતી પર પણ આસાનીથી ચાલી શકે; ઝડપ કલાકે ત્રણેક માઈલની. કઢંગી ચાલનું કારણ છે એકીપડખાના પગ સાથે ઊપડે છે તે. ઘૂંટણ, કોણી, કાંડાં ને છાતી પર પણ માંસલ ગાદી.

કાન ટૂંકા, ગોળ ને માથાને છેવાડે આવેલા, વાળ બહુ ઓછા. પીઠ ભાઠા સુધી સુસ્થિત, ત્યાંથી પૂંછડી સુધી ઢળી પડતી. પૂંછડી ટૂંકી. દાંત કુલ ૩૪. હોઠ લાંબા અને વાળથી રક્ષાએલા, આંખો પણ ઊપસેલાં ભવાંથી રક્ષાએલી. રેત-તોફાનમાં આંખ ઢાંકવા વધારાનું પારદર્શક પોપચું તેને હોય છે.

'રૂમેન'માં દુર્ગંધયુક્ત, લીલા પ્રવાહીનો સંગ્રહ હોય છે, પણ તે 'પાણી' નથી. ઊંટ શરીરમાંના વપરાએલા પાણી જેટલું જ વધુ પાણી પીએ છે. તેના શરીરનું ઉષ્ણતામાન હવામાન પ્રમાણે બદલાય છે. વળી તેના લોહીના કણો ગોળાકાર ન હોતાં અંડાકાર હોય છે.

ઊંટની જલઘ્રાણશક્તિ ઘણી તીવ્ર ને ચોક્કસ. ઊંડા પાણીથી ડરે છે. સ્વભાવે નૂગરું.

સંવનનકાળમાં ગાંડા જેવો બનીને તે ગાંગરે છે. માદા અગિયાર મહિને એક બચ્ચાને જન્મ આપે. જન્મ વખતે બોતડાની ઊંચાઈ ત્રણેક ફૂટની, અને તેને ખૂંધ નથી હોતી. ૧૭ની વયે પુખ્ત બને. આવરદા ૪૦ થી ૫૦ વર્ષનો.



પોતાના સંગીતમા અધૂરપ લાગી, તેથી ઈ. ૧૯૪૭માં તેઓએ ભારતના મહાન વાદક શ્રી અલાઉદ્દીનખાં મૈહરવાલાને પોતાને ગુરુપદે સ્થાપ્યા. ત્યારથી તેઓ તેમની પાસેથી સંગીતનું વધુ ઊંડું જ્ઞાન મેળવતા રહ્યા.

૧૯૩૬ના અરસામાં તેઓ ઑલ ઇન્ડિયા રેડિયોના કલકત્તા વિભાગના સ્ટાફ-આર્ટિસ્ટ તરીકે મામૂલી પગારથી લેવાએલા. 'ન્યૂ થિયેટર્સ'માં જોડાયા બાદ ઈ. સ. ૧૯૩૮માં સરાઈકેલા રિયાસતની નૃત્યમંડળી સાથે સંગીત દિગ્દર્શક તરીકે યુરોપ અને ઇગ્લંડની સફરે તેઓ ગએલા. તે પહેલાં તેમણે કેટલાંક બોલપટોનું સંગીત-નિર્દેશન પણ કરેલું, જેમાંનાં મુખ્ય બોમ્બે ટોકીઝનાં 'બસંત' અને 'આરાધના' છે. 'પંચવટી', 'દીપાવલી' અને 'ચંદ્રમૌલી' એ તેમણે મૌલિકપણે રચેલા, સંગીતના શાસ્ત્રીય રાગો છે.

તેમના પત્ની શ્રી પારુલ ઘોષ પણ એક અચ્છાં ગાયિકા છે, અને અનેક ચિત્રોમાં તેમણે કંઠ આપેલો છે. ઉપરાંત એક સુગૃહિણી તરીકે તેમણે ઘોષબાબુને હમેશાં વ્યવહાર-ચિંતાથી મુક્ત રાખ્યા છે, અને તેમની સાધના માટે સદા સગવડ આપી છે. એમને એક પુત્રી શાંતિસુધા છે, જેનાં લગ્ન તેમના શિષ્ય શ્રી મૂર્ધેશ્વર સાથે જ થએલાં છે. ઘોષબાબુના નાના ભાઈ શ્રી નિખિલ ઘોષ એક અચ્છા તબલાવાદક તરીકે ભારતભરમાં પ્રખ્યાત છે. તેમના કુટુંબમાં ચૌદ ભાઈબહેનોમાથી હવે માત્ર ચાર ભાઈ અને ત્રણ બહેન હયાત રહ્યાં છે.

તેમના અગ્રણી શિષ્યોમાં—દિલ્હી આકાશવાણીના કલાકાર શ્રી દેવેન્દ્ર મૂર્ધેશ્વર, ઇંદોર આકાશવાણીના શ્રી ભાઈલાલ બારોટ (જેઓ ગુજરાતના અગ્રગણ્ય બંસીવાદક છે), મુંબાઈના શ્રી રાસબિહારી દેસાઈ, શ્રી હરિપદ ચૌધરી, શ્રી વી. જી. કર્નાડ અને કલકત્તાના શ્રી ગૌર ગોસ્વામી મુખ્ય છે. તેમના સંગીતચાહકો તો સ્વાભાવિકપણે અસંખ્ય છે.

બંગાળમાં સામાન્યતઃ સિતાર અને ઇસરાજનો પ્રચાર વધુ, પણ ઘોષબાબુનું મન વાંસળી તરફ ઢળ્યું. તે જમાનામાં વાંસળી માટે સંગીતકારોને સુદ્ધાં એક જાતની નફરત હતી. વાંસળી તો ફક્ત ભજન, રાસ, કે લોકનૃત્ય જેવા લોકસંગીતમાં જ ઉપયોગમાં લેવાય આવી માન્યતા હતી. પણ શ્રી ઘોષબાબુએ એ માન્યતાનો ગઢ તોડીને વાંસળીને જ પોતાના પ્રયોગનો વિષય બનાવી. ખુદ વાંસળીમાં પણ તેમણે અનેકવિધ ફેરફારો કર્યા. જોકે વાસળી, વીણા અને ડમરુ એ આપણાં મૂળ ભારતીય વાદ્યો છે, છતાં દુર્ભાગ્યે વાંસળીની બાબતમાં અત્યાર સુધી કંઈ પણ સંશોધન થયું નહોતું. એથી એમને પોતાના વાંસળીના આ સમુદ્ધરણ-કાર્યમાં બહુ જ મુશ્કેલી પડી. છતાં નિરાશા ઓભર્યા અનેક પ્રયત્નોમાંથી માર્ગ કરતાં કરતાં ધીરી છતાં મક્કમ ગતિથી તેમણે સફળતા પ્રાપ્ત કરી. બંસીવાદનમાં તેમણે અનેક સુધારાઓ અને અવનવી રીતિઓ પણ દાખલ કર્યાં. વાંસળીના સમુદ્ધરણનું એ તેમનું જીવનકાર્ય રહ્યું.

વાંસળી માટે કેવો વાંસ અનુકૂળ છે, તેમાં કેટલાં કાણાં હોવાં જોઇએ, એ કાણાંની ગોળાઈ અને દરેક કાણાનું એકબીજાથી અને મુખ્ય કાણાથી અંતર કેટલું, આ બધી જટિલ બાબતો તેમણે અનેક વાંસમાંથી વિધવિધ પ્રકારની સંખ્યાબધ વાંસળીઓ બનાવી શોધી કાઢી. આ બાબતો આમ જનતાને સામાન્ય લાગશે, પણ બીજાં બધાં વાદ્યો કરતાં વાંસળીમાં એક મોટામાં મોટી મુશ્કેલી છે—સાચા સૂરવાળી વાંસળી મેળવવાની. આનો ઉકેલ તેમણે શોધ્યો.

આમ સાચી વાંસળી બનાવ્યા છતાં પણ તેમનું કાર્ય પૂરું થયું ન હતું. તેમણે વાંસળી પકડવાની રીત, આંગળીઓ મૂકવાની રીત, પરિવર્તિત સ્વરો કાઢવાની રીત, ફૂંક મારવાની રીત વગેરે પણ શોધી. અને આમ છતાં શાસ્ત્રીય સંગીતકારો વાંસળીને શાસ્ત્રીય સંગીત માટે યોગ્ય વાદ્ય તરીકે સ્વીકારતાં હજી યે અચકાતા હતા. આથી હવે તેમણે શાસ્ત્રીય સંગીતનાં અંગોની રજૂઆત વાંસળીમાં જ ખૂબીપૂર્વક કરવા માંડી. શ્રીગણેશ કર્યાં માલકોસ રાગથી. બીજા આલાપ, ખયાલ, ઠુમરી, ખટકા, મુરકી, મીંડ, ઝાલા વગેરે રાગો ઉતારીને તેમણે સિદ્ધ કરી બતાવ્યું કે વાંસળામાં પણ આ બધું વાગી શકે છે, અને ભારતીય શાસ્ત્રીય સંગીત માટે બીજાં વાદ્યો જે રીતે યોગ્ય ગણાયાં છે તે રીતની બધી જ યોગ્યતાઓ વાંસળીમાં પણ છે. વાંસળી ભારતીય શાસ્ત્રીય સંગીતના વાદ્ય તરીકે સ્વીકારાઈ, તે શ્રી પન્નાલાલ ઘોષની આ આખી યે કમઠ સાધનાને આભારી છે. એક આકસ્મિક પરંતુ સુંદર જોગાનુજોગ એ હતો કે બરાબર આ વખતે જ બીજા એક સુષિરવાદ્ય શરણાઇને શાસ્ત્રીય વાદ્યોની હરોળમાં લાવવા માટે બિસ્મિલ્લાખાન ઘોષબાબુના જેવી જ ભગીરથ-સાધના કરી રહ્યા હતા.

વાસળીના સમુદ્ધરણ માટે જ તેમના જીવનનું નિર્માણ થયું હશે તેમ કહીએ તો ખોટું નથી. ઘણી વાર પોતાની શ્વાસ-નળીમાં ચાંદી હોય, હાથની આંગળીઓ પર સોજા હોય છતાં તેઓ પોતાની સાધના ચાલુ રાખતા. વાદ્ય તરફની તેમની માવજત અને મમતા પણ અપાર હતી.

સ્વભાવે નિખાલસ અને નિરભિમાન-નમ્ર, સહેજ નીચા પણ સશક્ત બાંધાના શ્રી ઘોષબાબુ દેખાવે સામાન્ય માનવી લાગે. પણ બાંસુરીવાદન કરતાંકરતાં સ્વરસમાધિમાં લીન થએલા ઘોષબાબુને જેમણે જોયા હશે તેઓ તેમની તે પ્રતિભાયુક્ત અવસ્થા કદી ભૂલી નહિ શકે. તેમના વ્યક્તિત્વમાં આધ્યાત્મિકતાની એક પ્રકારની સ્નિગ્ધ-નિર્મમ ઝલક હમેશાં વરતાતી.

આવા ઉચ્ચ કક્ષાના બાંસુરીના કલાકાર આપણી વચ્ચેથી હમેશને માટે ચાલ્યા ગયા, તેથી ભારતીય સંગીતને, ખાસ કરીને બંસરીને ક્ષેત્રે, ન પુરાય તેવી ખોટ પડી છે. બાંસરી-વાદકોને તેમના સંગીત દ્વારા મળતું માર્ગદર્શન આમ બંધ થઇ ગયું. અલબત્ત આકાશવાણીના કાર્યક્રમોની રેકર્ડોમાં મઢાએલું તેમનું સંગીત તેમની યાદ તાજી કરશે, પણ નવું સંગીત તેમની પાસેથી સાંભળવાનું હવે સદંતર બંધ થઈ ગયું.

પ્રભુ તેમનું આ જીવન જેટલું સંગીતમય હતું તેટલું જ સંગીતમય તેમનું પરજીવન પણ બનાવે તેવી પ્રાર્થના. —જિતેન્દ્ર એમ. વ્યાસ

સુગંધી વાળો

ગરમીની ઋતુનો આરંભ થતાં જ સૌ કોઇ ઠંડક શોધવા લાગે છે. આજે તો ઠંડક મેળવવા માટેનાં અનેકવિધ વૈજ્ઞાનિક સાધનો ઉપલબ્ધ છે. આજનાં રેફ્રિજરેશનનાં સાધનો અને ઍરકંડિશનની સગવડો વિજ્ઞાનની ભેટ છે; પરંતુ આ ભેટોએ જ આજે માણસની જીવનશક્તિ ક્ષીણ કરી નાખી છે અને એને પરિણામે માણસ ઋતુનો પ્રાકૃતિક

પ્રભાવ પણ સહન ન કરી શકે એવી અસહાય સ્થિતિમાં મુકાઈ ગયો છે. ઉનાળાની ગરમીમાંથી બચવા સાધનસંપન્ન લોકો દૂરદૂર ઠંડા પ્રદેશોમાં કે ઊંચા પર્વત ઉપર જાય છે. પરંતુ જેમને કશાં સાધનસગવડ નથી, જેમને રોજેરોજ લોહીનું પાણી કરીને પોતાની રોજી રળવાની છે તેવા લોકોનું શું? આવા લોકોને પણ ઠંડકની જરૂર તો છે જ, પણ તેઓ એ ઠંડક કુદરતમાંથી જ મેળવી લે છે. આવા શ્રમજીવીઓ માથા પર આંકડાનાં પાન રાખી મગજને ઠંડું રાખે છે. વળી ખોરાકમાં ડુંગળી, છાશ, આમલી, કેરી, લીમડાનો ઉપયોગ કરીને પણ જરૂરી ઠંડક મેળવી લે છે. એમને રેફ્રિજરેટરનું ઠંડું પાણી તો પોષાતું નથી, પણ તેઓ માટલીમાં વાળાની પોટલી મૂકીને ઠંડું અને સુગંધયુક્ત પાણી મેળવી કુદરતી ઠંડકની મોજ માણે છે. ગરમીની આ ઋતુમાં શાંતિ અને ઠંડક મેળવવા માટે કુદરતે જે કેટલીક વનસ્પતિઓ પેદા કરી છે તેમાં વાળો મહત્ત્વનું સ્થાન ધરાવે છે. વાળો એ ચોક્કસ પ્રકારની ઉગ્ર 'સુગંધવાળું' ઘાસ છે. એ ઘાસનાં લાંબાં લાંબાં પાતળી સળી જેવાં ગૂંચળાં હોય છે અને ગાંધીને ત્યાંથી એ જોઈતા પ્રમાણમાં મળી શકે છે.

ઉનાળાની ઋતુમાં તડકો અને ગરમી પાચક પિત્તને વિકૃત બનાવે છે અને પરિણામે વિદગ્ધાજીર્ણ જેવા ઋતુજન્ય વ્યાધિઓ, ઝાડા, મરડો, અજીર્ણ અને કૉલેરા થાય છે. આ સ્થિતિમાં વાળાનું હીમ કે વાળો, મોથ અને ધાણાનો ઉકાળો. મધ-સાકર મેળવીને પીવાથી આરામ મળે છે. ઉનાળાની બીજી વિકૃતિ એ લોહીની ગરમીની છે અને તેમાંથી જ કેટલીક વાર સાદો કે મુદતિયો તાવ આવી પડે છે. આજ ટાઇફૉઇડના દરદીઓમાં મોટે ભાગે બાહ્ય કે આંતરિક ગરમીની અસર હોય છે. આ ઋતુમાં ટાઇફૉઇડનું પ્રમાણ કેટલેક અંશે વધતું જોવામાં આવે છે. આવી રક્ત ધાતુની ગરમીમાં વાળાનું લેપન બાહ્ય રીતે અને તેનું કોઈ ને કોઈ પ્રકારનું પેય આંતરિક રીતે શાંતિ, સંતોષ અને નીરોગિતા બક્ષે છે. માણસના શરીરમાં પિત્તની વિકૃતિ અને ગરમીનો સંચય પોષણનો ક્ષય કરે છે. અને એક વખત પોષણ ઓછું થાય એટલે અનેક પ્રકારનાં નાનાંમોટાં દરદોના ભોગ થવું પડે છે. વાળ ખરવા, કે સફેદ થવા એ પોષણની ખામીનું પ્રત્યક્ષ લક્ષણ છે. વાળનાં આવાં નાનાંમોટાં દરદમાં વાળાને આયુર્વેદશાસ્ત્રે કેશ્ય ગણ્યો છે અને જુદાંજુદાં અનેક તેલોની બનાવટમાં વાળાનું મહત્ત્વ સ્વીકારાયું છે. પિત્તજ વિકૃતિના રોગોનો વિસ્તાર ઘણો મોટો છે. રક્તપિત્ત, અમ્લપિત્ત, રક્તદોષ અને આંતરડાંના કેટલાંક નાનાંમોટાં દરદો આ પિત્તજ દોષના પરિણામે પેદા થાય છે. આવાં દરદો ઉપર વાળો ઔષધીય ગુણશક્તિ આપે છે. વાળાના અત્તરની ખુશ્બો આપણે સૌએ અનુભવી હોય છે. આ ખુશ્બો શરીરના ગતિતંત્રને-જ્ઞાનતંતુઓને ઉત્તેજના આપે છે અને પરિણામે માણસની સુષુપ્ત જાતીય વૃત્તિઓ સતેજ બને છે. ડૉ. આર. એન. ખોરી કહે છે કે વાળાની ઉત્તેજના વેદનાને દૂર કરી શકે, એવી એનામાં સંમોહક શક્તિ છે. વાળાનો આજની ઋતુની દષ્ટિએ પેદા થનારાં દરદોમાં નીચે પ્રમાણે ઉપયોગ કરી શકાય. ગરમીને કારણે ઝાડા થતા હોય, વારંવાર વીંટ-ચૂંક આવી ઝાડામાં ચીકણો આમ કે લોહી પડતું હોય, તેવી સ્થિતિમાં વાળો, મોથ, અતિવિષની કળી, બિલ્લાં અને મોચરસ-એનું સમાન વજને મિશ્રણ કરીને એમાંથી બે તોલા, વીસ તોલા પાણીમાં રાત્રે પલાળી સવારના ઉકાળી ચોળીગાળીને પિવડાવવું. ગાળેલા કૂચાને ફરીને સાંજના ઉકાળીને આપવું. બાળકોને વય પ્રમાણે ઓછું આપવું.

કોઈ ને કોઈ રીતે આંતરડામાં, ચામડીમાં, ગળામાં અને બાહ્ય રીતે શરીરે દાહ થતો હોય તો વાળા અને ચંદનનું સારી રીતે મિશ્રણ કરી લઈ તેનું સર્વાંગ શરીરે માલિશ કરવું અને તેમાંથી પાથી અડધો તોલો લઈ તેમાં થોડી સાકર મેળવીને ચાટવું કે થોડું પાણી નાખી ગળીને પીવું. વારંવાર તરસ લાગતી હોય, ખૂબ જ પાણી પીવા છતાં ય તરસ શાંત થતી ન હોય એવી તૃષાના વ્યાધિમાં વાળો અને કાળી દ્રાક્ષ પલાળી એનું પાણી પીવાથી તરસ સંતોષાય છે. અતિશય ગરમીને કારણે ભૂખ મરી જતી હોય, પિત્તમાં ગરમી પેદા થઈ અમ્લપિત્ત પેદા થતું હોય અને પરિણામે સતત માથું દૂખતું હોય, ઊલટી થતી હોય એવા વિદગ્ધાજીર્ણમાં વાળાનું શરબત પીવાથી સારો ફાયદો થાય છે. ઉનાળાની ઋતુમાં પેશાબમાં બળતરા થતી હોય, વારંવાર પેશાબ કરવા જવું પડતું હોય અને છતાં ય પેશાબ છૂટથી ઊતરતો ન હોય, પીળો આવતો હોય એવી પેશાબની ફરિયાદોમાં વાળાની પોટલી નાખીને ઠંડું કરેલું પાણી, કે વાળો અને ગોખરુ પલાળી હમેશાં સવારના સહેજ સાકર નાખીને એનું હીમ પીવાથી ફરિયાદો દૂર થાય છે.

કોઈ ને કોઈ જગ્યાએથી લોહી પડતું હોય, ખાસ કરીને ઝાડા વાટે, પેશાબ વાટે, ઊલટી વાટે, કે દાંત-નાકમાંથી લોહી આવતું હોય, સ્ત્રી-સમાજમાં લોહીવાના દરદની ફરિયાદ હોય તેવા રક્તપિત્તજન્ય વ્યાધિમાં લોહીની પ્રવાહિતા ઓછી કરી ઘનત્વ વધારવા માટે અને પિત્તને શાંત કરવા માટે વાળો, કમળકાકડી, રતાંજલિ, અરડૂસી અને આમળાંનો હીમ કે ક્વાથ પીવાથી સારો ફાયદો થાય છે. ઉનાળામાં વાળાની ટટ્ટીઓ અને પંખાઓનો સારો એવો ઉપયોગ થાય છે, કેમકે એમાંથી પસાર થઇને આવતી હવા પણ માનસિક શાંતિ અને ઠંડક આપનારી નીવડે છે. મહર્ષિ વાગ્ભટ્ટે એક પ્રયોગ સફેદ કોઢ માટે સૂચવ્યો છે. વાળાને બાળીને રાખ કરી એ રાખને વાળાના જ ઉકાળાની ભાવના આપી મલમ જેવું બનાવી કોઢની જગ્યાએ લગાડવું. આ પ્રયોગ કરી જોવાની ભલામણ છે. આમ વાળો ઋતુજન્ય વ્યાધિઓમાં અને પિત્ત-વિકારમાંથી પેદા થનારાં નાનાંમોટાં દરદોમાં ખૂબ જ ઉપયોગી બને છે. ઉનાળાનાં કૃત્રિમ સાધન-પ્રકારોનો સહારો મેળવીને જીવનશક્તિનો નાશ થાય તેવો પ્રયત્ન કરવાને બદલે પ્રાકૃતિક રીતે શારીરિક ઠંડક મળી રહે તેવા આ વનસ્પતિજન્ય પ્રયોગો સમાજને અનેક રીતે હિતકર નીવડશે.

(પ્રવાસી) —'ચિકિત્સક'

સિંહલ જાતક

આ અંકનું મુખચિત્ર જેમાંથી લેવાયું છે તે અજંતાની ભીંત પર આલેખાએલી 'સિંહલ જાતક'ની યે મૂળકથા આ પ્રમાણે છે:

"અગાઉ સિંહકલ્પ પર સિંહકેસરી નામે રાજા રાજ કરતો હતો, એ વેળાએ નગરમાં સિંહક નામે એક ઘણો જ વૈભવશાળી વેપારી રહેતો હતો. તેની પત્નીને એક અતિસુંદર પુત્ર જનમ્યો જેનું તેણે સિંહલ નામ રાખ્યું. વખત જતાં સિંહલ કળા અને શાસ્ત્રોમાં પારંગત થયો ત્યારે તેણે પિતા પાસે સમુદ્રસફર પર જવા અનુમતિ માગી. પિતાએ એનો એ કઠિન સફરનો વિચાર ફેરવવા ખૂબ મહેનત કરી, પણ એની સમજાવટની કંઈ અસર ન થતાં આખરે તેણે અનુમતિ આપી અને માર્ગમાં આવતા અનેક ભય સામે ચેતવણી પણ આપી. પાંચસો વ્યાપારીઓ તથા મબલખ માલસામાન લઇ સિંહકલ્પથી ઊપડેલો સિંહલ માર્ગમાં અનેકવિધ સંકટો પાર કરતો આખરે સમુદ્રકિનારા પાસે પહોંચ્યો. ત્યારે તેના બધા જ સાથી-વ્યાપારીઓ ત્યાંની લોભામણી રાક્ષસીઓના ભોગ બની ભરખાઈ ગયા હતા અને તે જ માત્ર સલામતીથી જંબુદ્વીપ પહોંચી શક્યો. સિંહલને મારવા પાછળ પડેલી રાક્ષસી પર હવે સૌએ દબાણ કરવા માંડયું. આથી તે ભયંકર સ્વરૂપ ધારી સિંહલ સામે આવી, પરંતુ લેશ પણ ડર્યા વિના પરાક્રમી સિંહલે જેવું પોતાનું ખડગ ખેંચ્યું કે એ ભયની મારી નાસી ગઈ.

ત્યાં તેને મધ્ય દેશનો એક વ્યાપારી મળ્યો. રાક્ષસી એને ચરણે પડી તેની સહાય માગતી કહેવા લાગી કે, 'હું તામ્રદ્વીપના રાજાની પુત્રી

છું અને સિંહલ સાથે પરણી છું. સમુદ્રયાત્રા દરમ્યાન સાગરમાં એનું વહાણ કોઇ ખડક સાથે અથડાઇને ભાંગી ગયું અને એથી મને જ અપશુકનિયાળ ગણી એણે મારો ત્યાગ કર્યો છે.' આથી મધ્યદેશનો એ વેપારી સિંહલને મળી તેને સમજાવવા લાગ્યો. ત્યારે સિંહલે સ્ફોટ કર્યો કે એ કોઈ રાજકુમારી નહિ પણ રાક્ષસી છે.

સમય જતાં સિંહલ સ્વગૃહે પાછો ફર્યો ત્યારે રાક્ષસી પણ સિંહલ સમાન એક બાળકને તેડી સુંદર સ્ત્રી રૂપે ત્યાં પહોંચી ને સિંહલના ઘરમાં ઘૂસી ગઈ. લોકો પેલા બાળકને સિંહલનો જ પુત્ર સમજી બેઠા અને તે કયા દેશની કન્યા છે એ વિષે પૂછવા લાગ્યા. અહીં પણ એણે પોતાને તામ્રદ્વીપની રાજકુંવરી તરીકે જ ઓળખાવી ને સિંહલે પોતાને તજી દીધાની વાત કરી. સિંહલનાં માતાપિતાને આની જાણ થતાં તેમણે એને ફરી અપનાવી લેવા પુત્રને સમજાવવા માંડયો. સિંહલે તેમને પણ તેના સાચા સ્વરૂપની વાત કરી, એટલે રાક્ષસીએ ત્યાંના રાજા પાસે જઇને એ જ ફરિયાદ કરીને સહાય માગી. રાજાને પણ સિંહલે ખરી હકીકત સમજાવી; પણ રાક્ષસીના છદ્મ રૂપથી મોહિત રાજાએ સિંહલને કહ્યું કે 'તારે એ સ્ત્રી ન જોઇતી હોય તો મને આપી દે.' સિંહલે તેને ફરી ચેતવ્યો, રાજાએ તે ન માનતાં તેને પોતાના અંતઃપુરમાં રાખી.

અંતઃપુરમાં આવીને રાક્ષસીએ આખરે રાજા તથા તેની બધી રાણીઓને પોતાની વિદ્યાથી નિદ્રાધીન કરી દીધી ને પછી રાક્ષસીઓને જઈ મળી, ને કહ્યું કે 'સિંહલ જેવા એક સામાન્ય વેપારી પાછળ કષ્ટ ઉઠાવવા કરતાં મેં રાજા સિંહકેસરી તથા તેના સમગ્ર અંતઃપુરને જ ઊંઘાડી દીધું છે. હવે ચાલો આપણે એ બધાનું જ ભક્ષણ કરીએ.' આથી સૌ રાક્ષસીઓ રાજમહેલમાં આવીને રાજા તથા તેના સમગ્ર કુટુંબને ભરખી ગઈ. પ્રાતઃકાળે રાજપ્રાસાદનાં દ્વાર ખૂલ્યાં નહિ અને મહેલ ઉપર ગીધનાં ટોળાં ચકરાવા લેવા લાગ્યાં ત્યારે સૌ ચોંકી ઊઠયાં. સિંહલને આની જાણ થતાં તેણે મહેલ પાસે આવી જોયું અને ખરી વાત પામી ગયો. તેણે લોકોને સાચી હકીકત સમજાવી સાંત્વન આપ્યું અને પ્રાસાદનાં દ્વાર ટપી હાથમાં ખડ્ગ લઈ અંદર પ્રવેશ કર્યો અને રાક્ષસીઓને હાંકી કાઢી દ્વાર ખોલી નાખ્યાં. મંત્રીઓએ આખો પ્રાસાદ જોઇ નાખ્યો પરંતુ રાજકુટુંબની કંઇ જ નિશાની તેમને મળી નહિ, એટલે પ્રજાના પ્રતિનિધિઓ સાથે મંત્રણા કરી સિંહલને સર્વાનુમતે રાજગાદીનો સ્વીકાર કરવા વિનતિ કરી; અને સિંહલે પણ દરેક પ્રજાજન પોતાની આજ્ઞાનું પૂર્ણ પાલન કરે એ શરતે ગાદીનો સ્વીકાર કર્યો. વખત જતાં સિંહલે એક શક્તિશાળી સૈન્ય તૈયાર કર્યું અને તામ્રદ્વીપની રાક્ષસીઓને હાંકી કાઢવા ચઢાઈ કરી. આ હુમલા આગળ રાક્ષસીઓએ તામ્રદ્વીપ ત્યજી દીધું. સિંહલે ત્યાં નવી વસાહતો ઊભી કરી અને ત્યારથી તેના નામ પરથી તામ્રદ્વીપ સિંહલદ્વીપ તરીકે ઓળખાવા લાગ્યો."

આ કથા ડૉ. આર. એમ. દાંડેકરે 'દિવ્યાવધાન'માં આપી છે, પરંતુ અજંતામા આલેખાએલી વાર્તા સહેજ જુદી છે. તે મુજબ પાંચસો વ્યાપારીઓના કાફલાની નૌકાઓનો વિનાશ થયા બાદ તેઓ નરમાંસભક્ષક રાક્ષસીઓના એક ટાપુ પર જઇ ચડે છે. રાક્ષસીઓ પોતાના સુંદર સ્વરૂપ વડે તે સૌને મોહિત કરી તેમને પોતાના પતિ થવાની ફરજ પાડે છે. આમ ફસાએલા એ વ્યાપારીઓને રાક્ષસીઓ રાત્રે મારી ખાઈ જાય છે. બચેલા વ્યાપારીઓ આથી મૂંઝાય છે ને બચી છૂટવા માટે વિચાર કરે છે. એવામાં એક ઊડતા અશ્વ તરીકે અવતરેલા બોધિસત્ત્વ આ નગર પરથી પસાર થતા હોય છે, તેઓ વ્યાપારીઓની મૂંઝવણ કળી જઇ તેમને બચાવવા કટિબદ્ધ થાય છે ને લગભગ ૨૫૦ વ્યાપારીઓને વારાફરતી પોતાની પીઠ પર સવાર કરી સલામત સ્થળે લઈ જાય છે. રૂપસુંદર રાક્ષસીઓના મોહમાં પડેલા જે વ્યાપારીઓ તેમની આ સહાય સ્વીકારતા નથી તેવા આખરે રાક્ષસીઓને હાથે નાશ પામે છે. અજંતાના ચિત્રણમાં, રાક્ષસીઓને આમ મારી હઠાવીને તામ્રદ્વીપનો કબજો મેળવનાર સિંહલની બહાદુરીના જેટલું જ મહત્ત્વ દૈવી અશ્વને અપાયું છે. 'દિવ્યાવધાન'ની મૂળ વાર્તામાં આ અશ્વનો ઉલ્લેખ નથી. ઉપરાંત આ કથા 'મહાવસ્તુ'માં પણ છે.

અજંતાની ભીંતો પર આ કથા વહાણનો નાશ થવાથી આરંભાય છે અને આલેખન નીચેથી શરૂ થઈ ઉપર ચડતું જાય છે. અહીં આ અંકના મુખચિત્ર તરીકે આપેલું યુગલ તો એ સમગ્ર આલેખનનો છેવટનો થોડો ભાગ માત્ર છે. આ પ્રકારનાં ચારેક યુગલ ત્યાં આલેખાયાં છે, આ ચિત્રમાં સ્તંભ વડે ટકવાએલા એક ખંડમાં પુષ્પાચ્છાદિત પથારી પર સંભવતઃ રાક્ષસીઓની રાણીનું આલેખન છે. એના મુખભાવમાં કોઇ ખાસ વિશિષ્ટતા નથી જણાતી, પરંતુ તેની દેહભંગી પરથી લાગે છે કે એ પોતાના પુરુષસાથીને લપટાવી રહી છે.

શૂન્યની શોધ

શૂન્ય અથવા મીંડું એકલું મૂકવામાં આવે તો તેની કિંમત કશી જ નથી. પરંતુ કોઈ પણ આંકડા પાછળ તમે એને મૂકો એટલે એ આંકડાની કિંમત દસ ગણી વધી જવાની.

આજે તો શૂન્યનો ઉપયોગ સામાન્ય થઈ પડચો છે, પરંતુ એક કાળે લોકો એથી તદ્દન અપરિચિત હતા. જૂના જમાનાના ગ્રીક અને રોમન લોકોને એનું કશું જ્ઞાન ન હતું. ઘડિયાળના ચંદા પર વપરાય છે એ રોમન આંકડાઓ તમે તપાસી જાઓ, તમને ક્યાં યે તેમાં શૂન્ય જોવા નહિ મળે. યુક્લીડ નામના મહાન ગ્રીક ગણિતશાસ્ત્રીએ ગણિતમાં ખૂબ સંશોધન કરેલું છે, છતાં શૂન્યનું અસ્તિત્વ તે જાણતો ન હતો.

તો પછી શૂન્યની શોધ કોણે કરી? આપણા દેશ માટે ગૌરવ લેવા જેવી એ હકીકત છે કે શૂન્યની શોધ પહેલવહેલી હિંદમાં જ થએલી છે. હિંદીઓ પાસેથી ખગોળ, ગણિત, વિજ્ઞાન વગેરે શીખેલા અરબોએ હિંદની શૂન્યની શોધને પણ અપનાવી લીધી. અરબી ભાષામાં શૂન્યને 'સિફર' કહે છે. અરબો પાસેથી પશ્ચિમની પ્રજાઓએ શૂન્યવાચક મીંડાની સંજ્ઞા અપનાવી ને લૅટિન ભાષાનાં ગાણતોમાં 'સિફર'ને 'ઝેફિરમ' તરીકે સ્થાન મળ્યું. ત્યારબાદ યુરોપની જુદીજુદી ભાષાઓમાં 'ઝિનેરો' 'ઝિપેરો' વગેરે રૂપ અપનાવાતાં જઈ એ શબ્દ ફ્રેન્ચ ભાષામાં 'ઝીરો' બન્યો, અને અંગ્રેજોએ ફ્રેન્ચો પાસેથી એ જ શબ્દ, શૂન્ય-સંખ્યા દર્શાવવા જેવો ને તેવો અપનાવી લીધો. (ચાંદની)

બે વર્ષ પર ભરાએલા આપણા સમૃદ્ધ પ્રદર્શન 'ભારત ૧૯૫૮'માં રજૂ થએલી, સર્વે ઑવ ઇન્ડિયામાં કામ કરતા શ્રી સરદાર ચન્નનસિંહની અમુક કલાકૃતિઓ ઘણી જ બારીક હતી. તેમણે ચોખાના એક દાણા ઉપર ૨૧૦ અક્ષરોમાં 'પંચશીલ'ના પાંચે સિદ્ધાંતોને આલેખ્યા હતા! ચોખાના જુદાજુદા દાણાઓ ઉપર જ ભારતના નકશાઓમાં પાછલાં ૧૧ વર્ષોની પ્રગતિ તેમણે બતાવી હતી, અને તલના એક દાણા પર ૬૩ અક્ષરોમાં પંચવર્ષીય યોજનાની જાહેરાત લખી હતી. ૧/૧૦ × ૧/૧૦ ઇંચના માપના કાગળ પર તેમણે રાષ્ટ્રગીત 'જનગણમન' લખેલું. ને આ બધું કામ તેમણે ક્યાં યે જાડા કાચ કે ચશ્માંની મદદ લીધા વિના જ કરેલું.

OUR FRIENDS ABROAD

જગતસંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

હિંદી પત્રમિત્રો

(92) Gunvant P. Bhatt—17, Genda Agad Lane, Jawahar Road, Junagadh (Saur.), Travelling, Astronomy, Natural Sights, Literature; (93) Ghanshyam Shantilal Vyas—17, Narayan Nivas, Nagar Road, Hethan Falia, Junagadh (Saur.), Music, Travelling, Natural Sights, Literature; (94) Kirtikumar D. Joshi—21, 108 New Chinch Bunder Road, Bombay-9, F. D. Covers; (95) Navinchandra Hiralal Shah—17, C/o Hiralal Chhaganlal Shah, Old Stock Exchange Bldg., Dalal Street, Fort, Bombay-1, Stamps, View Cards, Photography, Coins; (96) Bharatkumar S. Shah—16, C/o Shantilal Manilal Shah, Sutar Wada, Vijapur (Dist. Mehsana), Swimming, Stamps, Drawing; (97) Jagdishkumar Pannalal Doshi—19, C/o Somchand Gokaldas Soni, 1543 Mamu Naik-ni Pole, Kalupur, Ahmedabad-1, Stamps, Paintings; (98) Girish C. Shah—19, Panchmukhi Mahadeo Pole, Raopura Road, Baroda, Politics, Stamps, View Cards; (99) Mohan N. Danani—21, 285-7 Narshi Natha Street, Upstairs, Bombay-9, Cinema, Radio, Magazines, Travelling; (100) Vishanji J. Chawda—17, C/o J. K. Chawda, Kumkum Bhavan, Naharpura, Raipur (M. P.), Photography, Chemistry, Touring; (101) Bhailal Kotak—24, C/o Maganbhai Fulabhai Patel, Saraswati Chawl, Bombay-40, Penfriendship; (102) Bhanumati Kotak—17, Address as above, Photography, View Cards; (103) Dinesh T. Vora—18, P. 33, Mission Row Extension, 23 Kent House, Calcutta-13, Games, Travelling, Reading; (104) Pravinchandra Hiralal Shah—19, Wadwali Sheri, Lakhtar (Saur.), Literature, Writing, Autographs, Sports; (105) Suren C. Suthar—18, 273 Junmarkar Hostel, Vallabh Vidyanagar, Via Anand, Workshop Manufacturing, View Cards, Drawing, Music, Travelling; (106) Usha Parikh—19, C/o Punamchand Bhikhalal Parikh, 7 Monex Court, Baptista Road, Vile Parle (West), Bombay-24, Stories, Sports, Humour; (107) Kirit Parikh—15, Address as above, Cricket, Stamps, Stories; (108) Mukundray D. Mehta—16, Vadva, Soni Falia, Bhavnagar (Saur.), View Cards, Match Lables, Reading; (109) Batukchandra D. Sarvaiya—16, 1629 Tobacco Bazaar, Secunderabad (Deccan), Stamps, Match Lables, View Cards, Greeting Cards; (110) Nitinchandra Prabhudas Mehta—17, Vadva Chora, Dhamelia Street, Bhavnagar (Saur.), Stamps, View Cards, Match Lables, Touring. (ચાલુ)

આ માસ (મે) ઇતિહાસમાં : વ્યક્તિવિશેષ • દિનવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : જિદ્દુ કૃષ્ણમૂર્તિ



જીવનતત્ત્વના મૌલિક, સ્વતંત્ર તથા મૂલગામી ચિંતક અને પ્રબોધક, વ્યાખ્યાતા, લેખક અને કવિ, તથા એ જીવનકાર્યમાં અન્ય ઉદાહરણોમાં અત્યલ્પ પ્રમાણમાં જોવા મળતી સ્વ-વ્યક્તિત્વની જાદુ સરખી પ્રભા પાથરનારા શ્રી જિદ્દુ કૃષ્ણમૂર્તિનો જન્મ દક્ષિણ ભારતના મદનપલ્લી ગામમાં તેલુગુ બ્રાહ્મણ કુટુંબમાં ઈ. ૧૮૯૫ની ૨૫મી મેએ થયો હતો. પિતા નારાયણૈયા તહસીલદારની નોકરી કરતા. માતા ધર્મભીરુ કૃષ્ણભક્ત સન્નારી હતાં. ૧૯૦૭માં નોકરીમાંથી નિવૃત્ત થઇને પિતાએ અધાર ખાતે થિયોસૉફિકલ સોસાએટીના સાંનિધ્યમાં રહેવા માંડ્યું. કૃષ્ણમૂર્તિને દસ વર્ષના મૂકીને માતા અવસાન પામેલાં. ૧૯૦૯ના અરસામાં સોસાએટીના કાર્યકર બિશપ લેડબીટરને—કૃષ્ણમૂર્તિનો જન્મસમય ભગવાન બુદ્ધનાને મળતો આવતો લાગ્યો. એ પરથી ડૉ. ઍની બિસન્ટને યે તેમના અવતારી જીવનની પ્રતીતિ થઈ.

આ વખતે એ અને એમના નાના ભાઈ નિત્યાનંદ મયલાપુર (મદ્રાસ)ની શાળામાં ભણતા હતા. શિક્ષકોને મતે નિત્યાનંદ ભણવામાં હોશિયાર અને જ્યારે કૃષ્ણમૂર્તિ મંદ હતા.

ઈ. ૧૯૧૦ની ૧૧મી ને ૧૨મી જાન્યુઆરીએ અધારની પીઠ પર તેમણે પહેલી મહાદીક્ષા લીધી. ડૉ. ઍની બિસન્ટે તેમની રાહબરી હેઠળ જગતને નવો પ્રકાશ લાધે તે આશયથી તેમના પોતીકા 'ઑર્ડર ઑવ ધ સ્ટાર ઇન ધી ઈસ્ટ' નામના મંડળની તેમના પ્રમુખપદ નીચે ૧૯૧૧ના જાન્યુઆરીમાં સ્થાપના કરાવી.

એવામાં પુત્રને સોસાએટીમાંથી પાછો મેળવવા માટે નારાયણૈયાએ કાયદેસરની નોટીસ આપી. આ જોઇને ડૉ. ઍની બિસન્ટે કૃષ્ણમૂર્તિને લાગલા જ ૧૯૧૨ની સાલમાં વિલાયત મોકલ્યા અને ત્યાંની ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં શિક્ષણની યોજના કરીને તેમના પૂર્વશિક્ષણ માટે ડૉ. ઍરુંડેલ, મિ. જિનરાજદાસ અને પ્રો. વુડહાઉસની અનુક્રમે ઇતિહાસ, સંસ્કૃત અને અંગ્રેજીના વિષયો માટે નિમણૂક કરી. ત્યાં જ તેમના પિતાએ પુત્રને મેળવવા માટે નીચલી કોર્ટમાં અરજી કરી. અને તે કૃષ્ણમૂર્તિનું પોતાનું મંતવ્ય જાણ્યા વિના કરાએલી આ ફરિયાદ જ રદ થઈ.

૧૯૨૧માં નિત્યાનંદ સાથે તેઓ ભારત આવ્યા અને લોકકાર્યોમાં લક્ષ રાખીને વ્યાખ્યાન–લેખન કરવા માંડ્યા. ફરી કેટલાક દિવસ ઑસ્ટ્રેલિયાને માર્ગે અમેરિકા ગયા, અને ત્યાં રહીને યુરોપ–ભારત પણ જઈ આવીને પ્રચારકાર્ય શરૂ કર્યું. સોસાએટીથી બહારનાં માણસો પણ તેમનાં પ્રવચનોમાં હાજરી આપતાં. તેમના કાર્ય માટે હૉલૅન્ડમાંના બૅરન વૅ ડૅન્ડ નામના એક શ્રીમંત ગૃહસ્થે એરડે ગામમાંનો એક પ્રાચીન કિલ્લો બીજી વધારે જમીન સાથે તેમને બક્ષિસ આપ્યો. બિસન્ટે તેમને રહેવા માટે 'આર્યવિહાર' નામની ઇમારત કૅલિફૉર્નીઆમાં ખરીદી આપી હતી.

૧૯૨૫ની સાલના અંતમાં સોસાએટીના સુવર્ણ–મહોત્સવ નિમિત્તે બિસન્ટ સાથે તેઓ ભારત પાછા આવતા હતા ત્યારે તેમના ભાઈ નિત્યાનંદ અમેરિકામાં ક્ષયરોગમાં મૃત્યુ પામ્યાના ખબર મળ્યા. એથી તેમને અત્યંત દુઃખ થયું. પણ 'દુઃખાગ્નિમાં જ મને આત્મજ્ઞાન અને અખંડ શાંતિ પ્રાપ્ત થઇ' એમ તેઓ કહેતા. તેમનો યોગાભ્યાસ ૧૯૨૭ના જાન્યુઆરી માસમાં પૂરો થયો.

૧૯૨૯માં તેમણે પોતાનો 'ઑર્ડર ઑવ ધ સ્ટાર ઇન ધી ઈસ્ટ' સંપ્રદાય બંધ કર્યો. પછી તો અમેરિકામાંનું ઘર, હૉલૅન્ડમાંનાં પોતાને મળેલાં કિલ્લો ને જમીન માલિકને પરત આપી દીધાં ને પોતે પૂર્ણ સંન્યસ્તવૃત્તિથી રહેવા માંડ્યું.

તેમણે લખેલા ગ્રંથોમાં સમાવિષ્ટ છે : 'ઍટ ધ ફીટ ઑવ ધ માસ્ટર'; 'કિંગ્ડમ ઑવ હૅપિનેસ'; 'ધ સ્પ્રિંગ્સ ટ્રુથ'; 'લાઈફ ઇન ફ્રીડમ'; 'ઇન વૉટ ઑથરિટી'; 'લેટ અન્ડરસ્ટૅન્ડિંગ બી ધ લૉ'; 'પુલ ઑવ વિઝડમ'; 'લાઈફ ધ ગોલ'; 'સર્ચ'; 'ઇમ્મૉર્ટલ ફ્રેન્ડ'.

જીવનની મુક્ત અને પરમ દશાનું બયાન કરતી પ્રસાદ-પ્રેરિત કવિતા પણ તેમણે લખી છે. તેમનાં વાણી, સાહિત્ય અને વ્યક્તિત્વનો જાદુ અપ્રત્યાહત ગણાય છે. તેમનું ફ્રેન્ચ અને અંગ્રેજી ભાષાઓનું જ્ઞાન તે ભાષાભાષીઓને યે મુગ્ધ કરે તેવું સંપૂર્ણ છે. ભારતભરમાં પં. જવાહરલાલ નેહરુથી બીજી ગણાવી શકાય એવી સુરેખ અને મોહક તેમની આકૃતિ છે.

તેમણે નિરૂપેલું જીવનનું દર્શન પૂર્વગ્રહો અને પક્ષોની સંકુલ વિચારસરણીથી મુક્ત હોઇને તેનો વિશ્વમાં બહોળો સમાદર કરાયો છે, જોકે તે દર્શનની અત્યંત સ્વતંત્ર દૃષ્ટિને લીધે થોડો ઊહાપોહ પણ જાગ્યો છે. જીવનતત્ત્વના મૌલિક સંશોધક ને દ્રષ્ટા તરીકે તેમનું આંતરરાષ્ટ્રીય અને આગવું પ્રતિષ્ઠિત સ્થાન છે.

દિનવિશેષ

તા. ૧ જર્મનીને બીજા વિશ્વયુદ્ધમાં હોમનાર તેના સરમુખત્યાર શાસક હિટલરનું મૃત્યુ, ૧૯૪૫.

તા. ૨ મહાન કલાકાર ને સર્વતોમુખી પ્રતિભાશાળી પુરુષ લીઓનાર્દો દ વિન્ચીનો જન્મ, ૧૪૫૨.

તા. ૬ હિંદના પહેલા ખ્રિસ્તી ધર્મપ્રચારક સંત ફ્રાન્સિસ ઝેવિયર ગોવા બંદરે ઊતર્યા, ૧૫૪૨.

તા. ૮ હરિજનોની હાડમારી નિવારવા મહાત્માજીના ૨૧ દિવસના ઉપવાસ, ૧૯૩૩.

તા. ૧૫ નવીન યુગને અનુરૂપ ધર્મશ્રેણી 'બ્રહ્મોસમાજ' બાબુ કેશવચન્દ્ર સેને સ્થાપી, ૧૮૭૮.

તા. ૧૮ આપણી પૃથ્વી અકસ્માત્ હેલીના ધૂમકેતુની પૂંછડીમાંથી પસાર થઈ ગઈ, ૧૯૧૦.

તા. ૨૭ રશિયાના મહાન પીટરે પીટર્સબર્ગ વસાવ્યું, નૂતન રશિયાનું નિર્માણ, ૧૭૦૩.

તા. ૩૦ ફ્રાન્સની સ્વાતંત્ર્યદેવી જોન ઑવ આર્કને અંગ્રેજોએ રૂઆં ખાતે બાળી મૂકી, ૧૪૩૧.

પ્રસંગવિશેષ : સિરાજુદ્દૌલાની કાસિમબજાર પર ચડાઇ, ૨૪મી મે ૧૭૫૬

મહત્ત્વાકાંક્ષી અંગ્રેજોને બંગાળ જીતવું હતું. આથી, સ્વાભાવિકપણે, અલીવર્દીખાન પછી બંગાળની મસનદ પર આવેલા નવાબ સિરાજુદ્દૌલા સાથે સંઘર્ષમાં આવવાની નેમ સાથે તેમણે સિરાજુદ્દૌલાની આજ્ઞાનો અનાદર કરીને કાસિમબજારમાં કિલ્લેબંદી કરવાનું કામ વધુ જોરથી જારી રાખ્યું. આખરે, લાચાર થઇને સિરાજુદ્દૌલાએ ઈ. ૧૭૫૬ની ૨૪મી મેએ કાસિમબજારમાંની અંગ્રેજોની કોઠી જીતી લેવા માટે ૫૦,૦૦૦નું સૈન્ય મોકલ્યું. અંગ્રેજોની મજબૂત કિલ્લેબંદી અને તોપોના પુરવઠા છતાં તેમની હાર થઈ, અંગ્રેજોના મુખ્ય માણસ વૉટ્સે હાર કબૂલ કરી અને કોઠી સિરાજુદ્દૌલાને સુપરત કરી. કિલ્લામાં રહેલા બીજા કેટલાક બંડખોર અંગ્રેજોને નવાબે કોઈ જાતની ઈજા પહોંચાડી નહિ, અને માત્ર હથિયાર ને દારૂગોળો જપ્ત કરી લીધાં.


જૂઠા દસ્તાવેજો, દગો, છળકપટ વગેરે દ્વારા અંગ્રેજોએ પોતાની સત્તાની સંગીન પૂર્વભૂમિકા એ દરમ્યાન બાંધી લીધી હતી; હવે પછીના ક્લાઈવ સાથેના પ્લાસીના યુદ્ધમાં થએલી સિરાજુદ્દૌલાની હાર એ અંગ્રેજોની હિંદમાંની સત્તાના પ્રારંભનું નિમિત્ત બનનાર હતી.

કાયા જાજો સાબદી, નાક ન જાજો નખ;
પાણી ન જાજો પાવળું, લોહી વહે મર લખ.

બપોરે એકાએક બંદૂકનો અવાજ સાંભળી રમણભાઈ નીલકંઠ બહાર જઈ જુએ તો કૅામ્પાઉન્ડ બહાર એમનો પ્રિય કૂતરો લોહીના ખાબોચિયામાં પડેલો, ને પાસે સાર્જન્ટ બંદૂક લઇને ઊભેલો. આસપાસનાં માણસો દોડી આવ્યાં ને એક પાડોશીએ તો પાળેલા કૂતરાને આમ મારી નાખવા માટે સાર્જન્ટ જોડે ઝગડો પણ કર્યો. પરંતુ અંતરના દર્દને દબાવીને ન્યાયનિષ્ઠ રમણભાઈ તો એટલું જ બોલ્યા કે કૂતરો પટા વિના કૅામ્પાઉન્ડ બહાર ફરતો હતો માટે સાર્જન્ટે તેને કાયદેસર રીતે રખડતો કૂતરો ગણીને માર્યો એમાં એને દોષ ન દેવાય.

અનેકાર્થી શબ્દ : **આર**=અણી; લોઢાની અણીદાર સળી; કાંજી; તિરસ્કાર કે ગુસ્સો; અદાવત, વેર કે કાંટો; શરમ; અંકુશ; કિનારો; ખૂણો; ખોરાક; ચાબુક; છેડો; પાણીની તાણ; પિત્તળ; પૈડાનો આરો; હરતાલ; હલેસું; ઓટ; જરૂરિયાત; ગમન; અજગર; એક ઝાડ; પિંગળમાં છંદનું એક નામ; મંગળ, શનિ ગ્રહો; કૂકડાના પગ ઉપરનો એક આંટો.

ગણિતગમ્મત : ૩૭ એ એવો અંક છે જેને નિઃશેષ ભાગી શકાતો નથી, પરંતુ એ નીચેના અંકોને નિઃશેષ ભાગી શકે છે: ૧૧૧, ૨૨૨, ૩૩૩, ૪૪૪, ૫૫૫, ૬૬૬, ૭૭૭, ૮૮૮, ૯૯૯.




કલાકણિકા : લંકાની કારક-કલાઓ પાછળ પણ ભારતીય પરંપરાનો જ સ્રોત રહેલો છે, એના ઉદાહરણ રૂપ ત્યાંનું એક ધાતુપાત્ર.



પાંચ પાંખિયાંવાળી આ અજબ 'સ્ટારફિશ' માછલીનું એકાદ પાંખિયું કપાઇ જાય તો તે ફરી ઊગે છે, અથવા તો એમાંથી એક નવી માછલી જ જન્મે છે! કેટલીક સ્ટારફિશને તો શરીરે આવાં ૪૦ જેટલાં પાંખિયાં હોય છે!

કહેવતોના અર્થ: 'વાડ ચીભડાં ગળે.' ધારક, પોષક, રક્ષક, પાલનહાર, મુરબ્બી કે માર્ગદર્શક હોય તે માણસ જ જ્યારે કોઈ ઘાતક કામ કરે યા નુકસાનકારક પ્રવૃત્તિ આદરે ત્યારે તે વર્ણવવા માટે વપરાતી સચોટ રૂપકવાળી આ કહેવત મૂળ તો અખા ભગતના એક છપ્પાનો ભાગ છે. સામાજિક દૂષણો ઉપર ચમચમતા ચાબખા મારવા માટે ગુજરાતી સાહિત્યમાં ખ્યાતનામ એ કવિના છપ્પામાં લીટીએ લીટીએ એવાં રૂપકો-ઉદાહરણો ભર્યાં છે. ઉપર્યુક્ત કહેવતવાળો મૂળ છપ્પો:

વાડ થઇને ચીભડાં ગળે,
સોંઘી વસ્તુ ક્યાંથી મળે?
ખળું ખાતું હોય જો અન્ન,
તો જીવે નહિ એકે જન;
કલ્પવૃક્ષ જો કોરી ખાય,
તેનો ચોર ન પેદા થાય;
નવાણ પીતું હોયે નીર,
જીવજંતુ ક્યમ ધરે શરીર?



સર્વતોભદ્ર પ્રતિભા

ઇમૅન્યુઅલ સ્વીડનબૅાર્ડ (સ્વીડનના રાજનગર સ્ટૅાકહોમમાં જન્મેલો—ઇ. ૧૬૮૮થી ૧૭૭૨) જેટલી અદ્‌ભુત વિવિધતાવાળું જ્ઞાન ધરાવનારો માનવી દુનિયાભરના ઇતિહાસમાં હજી સુધી કોઈ થયો નથી. એ હતો— માનસશાસ્ત્રી, તત્ત્વવેત્તા, ધર્મવેત્તા, ગણિતશાસ્ત્રી, ભૂસ્તરશાસ્ત્રી, શોધક, ધાતુશાસ્ત્રી, ખનિજશાસ્ત્રી, વનસ્પતિશાસ્ત્રી, રસાયણી, પ્રાણીશાસ્ત્રી, વાયુયાન ઇજનેર, સંગીતશાસ્ત્રી, લેખક, મુસાફર, ચોકસી, સાંચાકામનો જાણકાર, સુથારી જાણકાર, વાદ્યો બનાવનાર, ધારાશાસ્ત્રી, ખનિજકામનો ઇજનેર, નાણાંશાસ્ત્રી, તંત્રી, ઘડિયાળી, કાચ ઘસી જાણનાર, ભાષાશાસ્ત્રી, ચરિત્રલેખક, સુધારક, ખગોળશાસ્ત્રી, શરીરશાસ્ત્રનો જ્ઞાતા, ચોપડીઓ બાંધી જાણનાર, ગૂઢત્વવાદી, અધ્યાત્મશાસ્ત્રી, નજૂમી, સમુદ્રવિદ્યાનો જાણકાર, અને કવિ! ગ્લાઈડરની જાતના એરોપ્લેનનો પહેલો સ્કેચ એણે ગોઠવેલો; સબમરીન, મશીનગન, પિયાનો, બહેરાને સાંભળવાનું કાનનું ભૂંગળું અને ગરમ હવાનો સ્ટવ એણે શોધેલાં; સ્વીડિશ બીજગણિત પહેલું એણે પ્રકટ કર્યું હતું.

કાચના વાસણમાં ગરમ પ્રવાહી રેડતાં પહેલાં તળિયે ચમચો રાખીને તેના પર તે રેડવાથી વાસણનો આવરદા લંબાશે.


સાંજને વખતે બહાર ફરવા જતી વખતે એક સ્ત્રીને કૂતરું કરડ્યું. દવાથી ફાયદો ન થયો એટલે ડૅાક્ટરને શંકા આવી કે થોડા વખતમાં જ આ દરદીને હડકવા લાગુ થશે, માટે એની ઇચ્છાઓ પૂર્ણ કરવા વિલ લખાવી લેવડાવવું જોઇએ. આ હેતુથી તેઓ એક સૅાલિસિટરને તેડી લાવ્યા અને દરદીને જણાવ્યું કે તમારે જે કાંઈ લખાવવું હોય તે લખાવી દેજો.

સૅાલિસિટર કાગળ-કલમ લઇ તૈયાર થઇને બેઠા એટલે દરદીએ વારાફરતી એક પછી એક નામો લખાવવાં શરૂ કર્યાં. થોડી વાર પછી એમણે દરદીને પૂછ્યું, 'બહેન, વિલ ઘણું લાંબું થવાનો સંભવ છે કે શું?'

'વિલ? કેવું વિલ? આ તો જેમને હું કરડવાની છું, તેની યાદી લખાવું છું.'


(મે ૧૯૬૦) ૨૦૪



















ડાબી બાજુ મથાળેથી : (૧) ગમાણમાં ગાય; (૨) આવાસો; (૩) ડાબી તરફનું ચિત્ર, મર્તશ્રા—ત્રણેના ચિત્રકાર · હિંમત શાહ. જમણી બાજુ મથાળેથી : (૧) આરામ–આરસમાં શિલ્પ; (૨) કુકડો–પાંચમા મુંબાઈ રાજ્ય પ્રદર્શનમાં ઇનામ મેળવનારું કાષ્ઠશિલ્પ; (૩) બે પાત્રો છઠ્ઠા રાષ્ટ્રીય કલાપ્રદર્શનમાં ઇનામ મેળવનારું કાષ્ઠશિલ્પ—ત્રણેના શિલ્પી · નરેન્દ્ર પટેલ; નીચે ડાબી બાજુ : બાળકને હુલાવતી માતા–ટેરાકોટા (માટીકામ) નરેન્દ્ર પટેલ; જમણી બાજુ : ઘોડાગાડી–રેખારૂપ ધાતુશિલ્પ–શિલ્પી · રજની પંચાલ. પાંચમા મુંબાઇ રાજ્ય તથા છઠ્ઠા રાષ્ટ્રીય કલાપ્રદર્શનમાં હજાર હજાર રૂપિયાનાં પારિતોષિક મેળવનાર શિલ્પ.

ગુજરાત રાજ્યોદ્‌ભવ

આજે પ્રજા વધારે પૈસા પાછળ દોટ કેમ કાઢી રહી છે? એને જેટલું મળે છે એટલું ઓછું કેમ પડે છે? એનું મોં સંગ્રહ તરફ અને વધુ સુખોપભોગ તરફ કેમ વળે છે? આ વૃત્તિ રોકવા માટે ચીનની જેમ આટલાં કપડાં પહેરો, આમ જ કરો, આમ જ વર્તો એવા વટહુકમો ભલે બહાર ન પાડીએ, પરંતુ પોતાના જીવનમાં સાદાઈ ને કરકસરનું તત્ત્વ અપનાવીને પ્રજાને ઉત્તમ પ્રકારનું માર્ગદર્શન આપી શકીએ....

....આપણા ગુજરાતનાં ગામડાંઓમાં કુશળ, ખંતીલા અને ખૂબ મહેનતુ ખેડૂતો છે. ભણેલા ન હોવા છતાં ધંધારોજગાર ચલાવવામાં અતિશય કુશળ એવા આપણે ત્યાં કારીગરો છે. વહાણવટામાં કુશળ એવા દરિયાકાંઠે વસતા દરિયાખેડુઓ પણ છે, અને ગુજરાતની પ્રજા પાસે અર્થવ્યવહારમાં કાબેલ અને કરકસરિયા એવા વ્યવહારકુશળ મહાજનો પણ છે. આ બધાની શક્તિને ગુજરાતના હિતમાં ચાલના મળે તો ગુજરાત ભલે નાનું રાજ્ય હોય, ભલે અત્યારે ખાધવાળો પ્રદેશ ગણાતો હોય, તો પણ થોડા વખતમાં સમૃદ્ધ બની શકે એ વિષે મારા મનમાં બિલકુલ શંકા નથી.

(ઉદ્‌ઘાટન-પ્રસંગે)




લોકસેવક શ્રી રવિશંકર મહારાજ · જેમના હાથે ઉદ્‌ઘાટન થયું (કુમાર સ્ટુડિયો ભાવનગર)



મુખ્યપ્રધાન ડૉ. જીવરાજ મહેતા (ફોટો: સદાનંદ · મુંબઈ)

આજે ગુજરાતના રાજ્યનો મંગળ પ્રારંભ થાય છે. આનંદ અને ઉલ્લાસના આ વાતાવરણમાં આપણે આપણી જવાબદારી અને કર્તવ્યને ભૂલી ન શકીએ. ગુજરાતના ભૂતકાળનો ઉજ્જ્વળ ઇતિહાસ મારી સામે તાજો થાય છે. અનેક શૂરવીરોએ ગુજરાત માટે પોતાનાં જીવન અર્પણ કર્યાં છે; અનેક પવિત્ર આત્માઓએ ગુજરાતનો સંસ્કારદેહ ઘડ્યો છે. પૂ. ગાંધીજીએ ગુજરાતને સંયમ ને સેવાની દીક્ષા આપી. પૂ. સરદાર સાહેબે ગુજરાતને શિસ્ત ને સંગઠનની ભાવનાથી ઘડ્યું. આપણને મળેલા આ ઉજ્જ્વળ વારસાને શોભાવવાની અને આપણને મળેલી મૂડીમાં વધારો કરવાની આપણી સૌની ફરજ છે. ...ગુજરાતની ધરતી ઠીક પ્રમાણમાં ફળદ્રુપ અને રસાળ છે, ગુજરાતના ખેડૂત કુશળ, મહેનતુ અને સાહસિક છે; છતાં ગુજરાતમાં અનાજની ભારે તંગી છે એ વાત પણ એટલી જ સાચી છે. વહેલામાં વહેલી તકે એ માટે આપણે સ્વાવલંબી બનીએ તે અત્યંત જરૂરી છે... ગુજરાતના સાહસિક ઉદ્યોગપતિઓએ પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ ગુજરાતમાં અને ગુજરાતની બહાર અનેક ઉદ્યોગો વિકસાવીને નામના મેળવી છે. હવે તેઓ ગુજરાતમાં વધુ પ્રમાણમાં નાનામોટા ઉદ્યોગો ખીલવે તેવી અપેક્ષા તેમની પાસેથી રાખવામાં આવે એ સ્વાભાવિક છે... ભૂતકાળમાં ગુજરાતની ખ્યાતિ તેનાં બંદરોના દેશપરદેશના વેપારને લીધે હતી. ગુજરાતનું મુખ્ય બંદર કંડલા ભારતનાં મુખ્ય બંદરો પૈકીનું એક બને તેવી આપણી નેમ છે અને એ સિદ્ધિ માટે ગુજરાતના વેપારીવર્ગે તમામ શક્તિ વાપરવી જોઇએ. ગુજરાતના વિશાળ દરિયાકાંઠા ઉપર આવેલાં અનેક નાનાંમોટાં બંદરોની મુસાફરી અને વેપાર અંગે સારી ખિલવણી કરવાને સરકાર સારી રીતે પ્રયાસ કરશે. એ રીતે વેપારની વૃદ્ધિ કરવામાં ગુજરાતના વેપારીઓનો સહકાર હું માગું છું...... ...ગુજરાતને ભારતના એક મુખ્ય અંગ તરીકે લેખીને આપણે સૌએ નવેસરથી તેને ઘડવાનું છે: સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક ક્ષેત્રમાં તથા આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ ધર્માંધ થયા વિના આપણે ધર્મભાવના કેળવવાની છે... સંપૂર્ણ વિશ્વાસના પાયા ઉપર શુદ્ધ અને કાર્યક્ષમ રાજ્યતંત્રનું નિર્માણ કરવા માટે, ગુજરાતને એક આદર્શ અને નમૂનેદાર રાજ્ય બનાવવા માટે, આપણે સૌએ આપણા નાનામોટા મતભેદો બાજુએ રાખીને એકતા અને સંગઠનની ભાવનાથી હવે તનતોડ મહેનત કરવાની છે. (પ્રજાજોગું વાયુપ્રવચન)




સૌરાષ્ટ્રના પશ્ચિમ કાંઠે વસતી મેર વગેરે જાતિઓનાં આભૂષણોના સ્કેચ (પ્રદ્યુમ્ન તન્ના)









કલાકાર દેવજીભાઈ વાજાએ કરેલા, સૌરાષ્ટ્રમાં પોરબંદર પંથકમાં વસતી જાતિઓના પ્રાચીન ભરતકામના જે બે નમૂના આ અંકમાંના 'લોકસંસ્કૃતિનાં સંગ્રહસ્થાનો' એ લેખ સાથે આપ્યા છે તેને અનુસંધાને એવી જ ત્યાંની લોકકલાનાં થોડાં વિશેષ આલેખનો ડાબી બાજુના ચોકઠામાં એ જ વિભાગમાં વસતી જાતિઓનાં આભૂષણોના સ્કેચ ત્યાંના માધવપુરના છેલ્લા મેળા વખતે કલાકાર પ્રદ્યુમ્ન તન્નાએ કરેલા સ્કેચ આપ્યા છે.